Welcome 2026

# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

પેજ-09
સારા તેંડુલકર પાસે બીયરની બોટલ? ગોવાનો વીડિયો વિવાદમાં આવ્યો



પેજ 5



ચાંદીનો પરપોટો ફૂટશે? રોબર્ટ કિયોસાકીએ કહ્યું - 'ભાવ 6...

01 JANUARY-2026 THURSDAY

ઈમરાન ખાનના જીવનમાં હવે તબાહી જતબાહી, જ્યોતિષની 2026ની આગાહી



પેજ 10

**.....નવા વર્ષની શુભેચ્છા.....**

દર વખતે નવું વર્ષ આવે ત્યારે, અમે પ્રાર્થના કરીએ છીએ કે તમને બધી ખુશીઓ મળે. તમારા જીવનનું દરેક સપનું પૂર્ણ થાય, અને દરેક દિવસ તમારા માટે ખાસ બની જાય. નવા વર્ષની શુભકામનાઓ.

વર્ષ-15 । અંક-051 । વિક્રમ સંવત-2082 । પોષ સુદ-13 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક

# ભારત સહિત વિશ્વએ 2026ને ઉમળકાભેર આવકાર્યું




**ચીનથી જાપાન અને ઓસ્ટ્રેલિયા સુધી, નવા વર્ષની ઉજવણી કરાઇ, ક્યાંક ઘંટ વગાડીને તો ક્યાંક ડાન્સ અને ગીતો ગાઇને ઉજવણી કરાઇ**

વર્ષ 2025ની ખાટી-મીઠી યાદોને વિદાય આપીને દેશ અને સમગ્ર વિશ્વ વર્ષ 2026 ઉમળકાભેર આવકાર્યું. પેસિફિક મહાસાગરના ટાપુ દેશ કિરીબાતીમાં સૌથી પહેલા વર્ષ 2026નું આગમન થયું હતું, ત્યારબાદ ન્યૂઝીલેન્ડમાં પણ નવા વર્ષની ધામધૂમથી શરૂઆત થઈ છે. 2025ના વર્ષની વિદાય આપીને 2026ના વર્ષને આવકારવા માટે લોકોમાં અમદાવાદીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ સહિતના શહેરોમાં હોટલથી લઈ પાર્ટી પ્લોટમાં ન્યૂ યર સેલિબ્રેશન પાર્ટી શરૂ થઈ ચૂકી છે. થર્ટી ફર્સ્ટની ઉજવણી દરમિયાન અનિચ્છનીય બનાવ ન બને તે માટે તમામ શહેરોમાં પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો છે.




## વિશ્વમાં સૌ પ્રથમ ન્યૂઝીલેન્ડમાં 2026નું સ્વાગત કરાયું

ન્યૂઝીલેન્ડના ઓકલેન્ડમાં મધ્યરાત્રિ થતાની સાથે જ આકાશ રંગબેરંગી આતશબાજીથી ગુંજી ઉઠ્યું હતું. હજારો લોકોએ રસ્તા પર ઉતરીને એકબીજાને નવા વર્ષની શુભકામનાઓ પાઠવી હતી.



**પ્રગતિની 50મી બેઠકમાં PM મોદીનો નવો મંત્ર, સામાન્ય માણસને શું ફાયદો થશે?**

# સુધારા, કામગીરી અને પરિવર્તન...

## ડિલિવરી સુનિશ્ચિત કરવા માટે પ્રગતિ જરૂરી છે: PM મોદી



(એજન્સી) નવી દિલ્હી | તા.31

પ્રગતિની ૫૦મી બેઠકમાં, પીએમ મોદીએ પાંચ રાજ્યોમાં ફેલાયેલા પાંચ મહત્વપૂર્ણ માળખાગત પ્રોજેક્ટ્સની સમીક્ષા કરી, જે કુલ ૪૦,૦૦૦ કરોડથી વધુના છે. તેમણે નોંધ્યું કે પ્રગતિ-આગેવાની હેઠળની ઈકોસિસ્ટમ છેલ્લા દાયકામાં ૮૫ લાખ કરોડથી વધુના પ્રોજેક્ટ્સને પૂર્ણ કરવામાં મદદ કરી છે. તેમણે જણાવ્યું હતું કે પ્રગતિ સુધારાઓની ગતિ જાળવી રાખવા અને ડિલિવરી સુનિશ્ચિત કરવા માટે જરૂરી છે. પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે લાંબા સમયથી અટકેલા પ્રોજેક્ટ્સ રાષ્ટ્રીય હિતમાં પૂર્ણ થયા છે. પીએમ મોદીએ જણાવ્યું હતું કે પ્રગતિ સહકારી સંઘવાદનું ઉદાહરણ આપે છે અને બંધ કામગીરીને તોડી પાડે છે. તેમણે રાજ્યોને મુખ્ય સચિવ સ્તરે, ખાસ કરીને સામાજિક ક્ષેત્ર માટે, પ્રગતિ જેવી પદ્ધતિઓને સંસ્થાકીય બનાવવા માટે પ્રોત્સાહિત કર્યા. તેમણે એમ પણ કહ્યું કે પ્રગતિ શાળાઓને અન્ય રાજ્ય સરકારી શાળાઓ માટે બેન્ચમાર્ક બનાવવા માટે પ્રયાસો કરવા જોઈએ. તેમણે પ્રગતિના આગામી તબક્કા માટે માર્ગદર્શન પણ આપ્યું. પીએમએ કહ્યું કે સરળ બનાવવા માટે સુધારા, પરિણામો પહોંચાડવા માટે પ્રદર્શન અને અસર કરવા માટે પરિવર્તન જરૂરી છે.

### સ્વાગતથી પ્રગતિ સુધી: આ યાત્રા કેવી રીતે શરૂ થઈ?




પ્રધાનમંત્રીએ આ પ્લેટફોર્મ પર મુખ્યમંત્રી તરીકેના તેમના કાર્યકાળને પણ યાદ કર્યો. તેમણે સમજાવ્યું કે તેમણે ગુજરાતમાં સ્વાગત પ્લેટફોર્મ શરૂ કર્યું હતું, જેનાથી ટેકનોલોજી દ્વારા જાહેર ફરિયાદોનું સમયસર નિરાકરણ શક્ય બન્યું. 2014 પછી, પ્રગતિ તરીકે રાષ્ટ્રીય સ્તરે સમાન મોડેલ લાગુ કરવામાં આવ્યું.

**ફાઇલ કલ્ચરની ગતિ કેવી રીતે બદલાઈ?** : પ્રગતિની સૌથી મહત્વપૂર્ણ વિશેષતા એ છે કે ટોચના સ્તરે સીધી દેખરેખ રાખવામાં આવે છે. પ્રધાનમંત્રી પોતે વિડીયો કોન્ફરન્સિંગ દ્વારા પ્રોજેક્ટ્સની સમીક્ષા કરે છે. આનાથી માત્ર વિલંબ ઓછો થતો નથી પરંતુ અધિકારીઓ અને રાજ્યો વચ્ચે સંકલન પણ સુધરે છે. સત્તાવાર માહિતી અનુસાર, 2014 થી 377 પ્રોજેક્ટ્સની સમીક્ષા કરવામાં આવી છે, અને લગભગ 94% સમસ્યાઓનું નિરાકરણ કરવામાં આવ્યું છે.



**50મી બેઠકમાં કયા મુખ્ય પ્રોજેક્ટ્સની સમીક્ષા કરાઇ ?**



આ મહત્વપૂર્ણ બેઠકમાં, પ્રધાનમંત્રીએ પાંચ રાજ્યોમાં પાંચ મુખ્ય માળખાગત પ્રોજેક્ટ્સની સમીક્ષા કરી. આમાં રસ્તાઓ, રેલ્વે, વીજળી, જળ સંસાધનો અને કોલસા સંબંધિત પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે. લોકોના રોજિંદા જીવન પર સીધી અસર કરે છે, પછી ભલે તે વધુ સારા રસ્તાઓ હોય, ઝડપી રેલ કનેક્ટિવિટી હોય કે વીજળી અને પાણીની ઉપલબ્ધતા હોય.

**સામાન્ય માણસને શું ફાયદો થશે?**



ઝડપી નિર્ણયો, પ્રોજેક્ટ્સ સમયસર પૂર્ણ કરવા, સારી શાળાઓ, રસ્તાઓ, રેલ અને વીજળી - પ્રગતિ સામાન્ય નાગરિકોના જીવન પર સીધી અસર કરે છે. સરકારી કામમાં વિલંબ ઓછો થશે, યોજનાઓના લાભો ઝડપથી પ્રસારિત થશે અને જવાબદારી સુનિશ્ચિત કરવામાં આવશે.




**7ના મોત**

# પાણી પીધું ને મોત મળ્યું

**દેશના સૌથી સ્વચ્છ શહેરમાં 'પ્રદૂષિત પાણી'થી હાહાકાર**

## ઇન્દોર : મંત્રીએ કહ્યું, 'અધિકારીઓની બેદરકારી, કાર્યવાહી કરાશે'

(એજન્સી) ઇન્દોર | તા.31

દેશના સૌથી સ્વચ્છ શહેર ઈન્દોરમાં દૂષિત પાણીએ હાહાકાર મચાવ્યો છે. શહેરના ભગીરથપુરા વિસ્તારમાં દૂષિત પાણી પીવાને કારણે ગંભીર બીમારીઓનો રાફડો ફાટી નીકળ્યો છે. આ મામલે મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવે તપાસના આદેશ આપી વળતરની જાહેરાત કરી છે. મુખ્યમંત્રીએ હોસ્પિટલમાં જઈને અસરગ્રસ્તોની મુલાકાત પણ લીધી છે. જ્યારે મંત્રી કૈલાશ વિજયવર્ગીએ કહ્યું છે કે, અધિકારીઓની બેદરકારીના કારણે લોકોના મોત થયા છે. વહીવટીતંત્રે એક સપ્તાહમાં અત્યાર સુધીમાં સાત વ્યક્તિઓના મોતની પુષ્ટિ કરી છે, જ્યારે 100થી વધુ લોકોને ગંભીર હાલતમાં હૉસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.



**કાર્યવાહી કરાશે : મંત્રી વિજયવર્ગી**

ઈન્દોર-1નું ભગીરથપુરા શહેરી વિકાસ અને આવાસ મંત્રી વિજયવર્ગીના વિધાનસભા ક્ષેત્રમાં આવે છે. તેમણે કહ્યું છે કે, 'પ્રદૂષિત પાણી મામલે કોઈ ભૂલ થઈ છે, જોકે આપણે તેના પર ચર્ચા કરવાના બદલે પહેલા સુનિશ્ચિત કરવું જોઈએ કે, તમામ દર્દીઓ સાજા થઈ જાય અને એક સકારાત્મક માહોલ ઉભો થાય. આ મામલે જે પણ જવાબદાર હશે તેના વિરુદ્ધ કડક કાર્યવાહી કરાશે, ભલે તે ઊંચા પદ પરનો અધિકારી હોય.'

**અનેક ફરિયાદો બાદ મામલો સામે આવ્યો**

ઈન્દોરના ભગીરથપુરા વિસ્તારમાં છેલ્લા એક સપ્તાહથી પીવાના પાણીમાં દુર્ગંધ આવતી હોવાની ફરિયાદો ઊભી થઈ હતી. આ પાણી પીવાથી અચાનક મોટી સંખ્યામાં લોકોને ઉલટી અને દસ્તની અસર થવા લાગી હતી. આરોગ્ય વિભાગના જણાવ્યા મુજબ, 70 વર્ષીય નંદલાલ પાલ, 60 વર્ષીય ઉર્મિલા યાદવ અને 65 વર્ષીય તારા કોરીનું દૂષિત પાણી પીવાને કારણે મૃત્યુ થયા છે. જો કે, સ્થાનિકોનો દાવો છે કે વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે. હાલમાં 111 દર્દીઓ વિવિધ હૉસ્પિટલમાં સારવાર હેઠળ છે, જેમાંથી કેટલાકની હાલત ગંભીર હોવાનું જણાવાયું છે. આરોગ્ય વિભાગ દ્વારા 12,000 લોકોનું હેલ્થ સ્ક્રીનિંગ કરવામાં આવ્યું છે.

ઠંડી અને ધુમ્મસે તબાહી મચાવી...

## ઠંડીમાં વરસાદ સાથે દિલ્હીમાં નવા વર્ષની ઉજવણી કરાઇ

(એજન્સી) નવી દિલ્હી | તા.31



બુધવારે સવારે રાજધાની ધુમ્મસની ગાઢ ચાદરમાં ઢંકાયેલી હતી. સવારે 6:30 વાગ્યે પાલમ અને સફદરજંગમાં દૃશ્યતા 50 મીટર નોંધાઈ હતી. રાજધાની માટે 24 કલાકનો સરેરાશ AQI 384 હતો. હવાની ગુણવત્તાની સ્થિતિ ચિંતાજનક છે. 1 જાન્યુઆરીએ તે ગંભીર શ્રેણીમાં પહોંચી શકે છે અને 2 જાન્યુઆરીએ ખૂબ જ ખરાબ. IMD કહે છે કે બુધવારે, સફદરજંગ અને આયા નગરમાં લઘુત્તમ તાપમાન 6.4 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. પાલમમાં લઘુત્તમ તાપમાન 7.7, લોધી રોડ 6.8 અને રિજ વિસ્તારમાં 7.8 ડિગ્રી સેલ્સિયસ હતું. 1 જાન્યુઆરીએ, રાજધાની વાદળછાયું રહેવાની અને હળવા વરસાદની અપેક્ષા છે. બુધવારે પંજાબ અને હરિયાણાના ઘણા ભાગોમાં લઘુત્તમ તાપમાન સામાન્ય કરતાં થોડું વધારે હતું. જોકે, ઠંડી ચાલુ રહી. હવામાન વિભાગે અહેવાલ આપ્યો છે કે અમૃતસરમાં લઘુત્તમ તાપમાન 6.1 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે.

## ઢાકા પહોંચેલા એસ. જયશંકરે તારિક રહેમાનનો સોંપ્યો PM મોદીનો ખાસ પત્ર



(એજન્સી) ઢાકા | બાંગ્લાદેશના પૂર્વ વડાપ્રધાન અને BNPના અધ્યક્ષ ખાલિદા ઝિયાને બુધવારે સંપૂર્ણ સન્માન સાથે સુપુર્દ-એ-ખાક કરવામાં આવ્યા હતા. લાંબી માંદગી બાદ 80 વર્ષની વયે તેમનું અવસાન થતા બાંગ્લાદેશમાં રાષ્ટ્રીય શોકનો માહોલ છે. આ દુઃખદ સમયે ભારત તરફથી વિદેશ મંત્રી એસ. જયશંકર ખાસ અંતિમ વિદાય આપવા માટે ઢાકા પહોંચ્યા હતા. જ્યાં તેમણે ખાલિદા ઝિયાના પુત્ર તારિક રહેમાન સાથે મુલાકાત કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો વિશેષ શોક સંદેશ સોંપ્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તારિક રહેમાનને સંબોધીને લખેલા આ પત્રમાં સંવેદના વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, 'પ્રિય તારિક રહેમાન સાહેબ, તમારી માતા અને બાંગ્લાદેશના પૂર્વ વડાપ્રધાન ખાલિદા ઝિયાના નિધનના સમાચાર સાંભળીને મને ખૂબ જ દુઃખ થયું છે. આ વ્યક્તિગત ક્ષતિ પર મારી સંવેદનાઓ સ્વીકારો. ઈશ્વર તેમના આત્માને શાંતિ આપે.'

# વર્ષ 2026 ભારત અને ગુજરાત માટે કેવું રહેશે?

### અંકશાસ્ત્રની દ્રષ્ટિએ ઐતિહાસિક સંકેતો

(એજન્સી) નવી દિલ્હી | તા.31

જેમ જેમ આપણે નવા વર્ષો તરફ આગળ વધી રહ્યા છીએ, તેમ લોકોમાં ભવિષ્ય જાણવાની ઉત્સુકતા વધતી જાય છે. જ્યોતિષાચાર્ય ડો. હેમીલ પી. લાઠીયાના જણાવ્યા અનુસાર, અંકશાસ્ત્ર ની દ્રષ્ટિએ વર્ષ 2026 ભારત અને ગુજરાત માટે અનેક મહત્વના ફેરફારો અને નવી તકો લઈને આવી શકે છે.

### વર્ષ 2026 ના અંકોનું ગણિત

અંકશાસ્ત્ર મુજબ વર્ષ 2026 નો વર્ષાન્ક એટલે કે અંક 1 (સૂર્ય) થાય છે. આ વર્ષમાં અંક 2 (ચંદ્ર) બે વાર આવે છે, જે શુભત્વનું પ્રતીક છે. ચંદ્રની હાજરીને કારણે આ વર્ષમાં કોઈ મોટી આફત કે મહામારીની સંભાવના ઓછી જણાઈ રહી છે. સૂર્યનો અંક 1 હોવાથી વહીવટી પ્રભુત્વ અને મજબૂત નિર્ણયો લેવાનું આ વર્ષ બની રહેશે.

### ભારત માટે કેવું રહેશે 2026?

ભારતનો વર્ષાન્ક (1947) મુજબ અંક 3 (ગુરુ) છે. 2026 ના વર્ષમાં ભારત માટે નીચે મુજબની શક્યતાઓ વધુ છે

**અંતરિક્ષ ક્ષેત્ર:**સેટેલાઇટ અને સ્પેસ મિશનમાં મોટી સફળતા.
**કાયદો અને વ્યવસ્થા:** નવા ખરડા કે મહત્વના કાયદાઓ પર અમલીકરણ.
**સમજૂતી:** આંતરરાષ્ટ્રીય સ્તરે મહત્વના એગ્રીમેન્ટ કે કરારો થઈ શકે છે.
**સરહદ:** સરહદ પર તંગદિલી રહી શકે છે, પરંતુ યુદ્ધની સંભાવના નહિવત છે.
**ઐતિહાસિક સંદર્ભ:** જ્યારે વર્ષાન્ક 1 રહ્યો હોય ત્યારે શું બન્યું?

### ગુજરાત માટે વર્ષ 2026 ના સંકેતો

ગુજરાત રાજ્યનો સ્થાપના વર્ષાન્ક (1960) મુજબ અંક 7 (કેતુ) થાય છે. અંકશાસ્ત્ર મુજબ ગુજરાત માટે આગામી સમય મિશ્ર ફળદાયી રહેશે:
**સ્વાસ્થ્ય:** મેડિકલ અને હેલ્થ ક્ષેત્રે નવા પ્રોજેક્ટ્સ કે સુધારા આવશે.
**યુવાવર્ગ:** વિદ્યાર્થીઓ અને યુવાવર્ગ માટે મહત્વના ફેરફારો.
**રાજકારણ:** શાસક અને વિપક્ષી નેતાઓમાં ઉશ્કેરાટ જોવા મળી શકે છે. મંત્રીમંડળ માટે તકેદારી રાખવાનું સૂચન છે.

### ખેડૂતોના મસીહા પ્રવીણ રામની જેલમાં યાતના, પરિવારની આંખો છલકાઈ!

# ડ્રગ્સ માફિયાઓ મહેલમાં અને ખેડૂત નેતા જેલમાં ગુજરાતમાં આ કેવો ન્યાય? : ગોપાલ ઈટાલીયા

(એજન્સી) અમદાવાદ/ રાજકોટ તા.31

ખેડૂતો માટે લડતા લડતા જેલમાં યાતના ભોગવી રહેલા આમ આદમી પાર્ટીના નેતા પ્રવિણ રામનો આજે જન્મ દિવસ છે. તેમના જન્મ દિવસે AAP ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા, પ્રવિણ રામના પિતા, કાકા સહિતના પરિવારજનો રાજકોટ જેલમાં મુલાકાત માટે ગયા હતા પરંતુ જેલ અધિકારી દ્વારા મુલાકાત કરવા દેવાની ના પાડવામાં આવી હતી. ત્યારે આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ જણાવ્યું હતું કે ખેડૂતો માટે લડાઈ લડી જેલમાં રહેલા પ્રવીણ રામના પિતા, હું અને તેમના પરિવારજનો આજે 31 ડિસેમ્બર 2025 ના રોજ પ્રવીણ રામનો જન્મદિવસ હોવાથી રાજકોટ મધ્યસ્થ જેલમાં તેમનું સ્વાસ્થ્ય અને ખબર અંતર પૂછવા માટે આવ્યા હતા. શરૂઆતમાં મુખ્ય ગેટમાં અમારી એન્ટ્રી કરી ફોર્મ ભર્યું અને બધી જ કાર્યવાહી પૂરી કરીને અમને વેઈટિંગમાં બેસાડવામાં આવ્યા હતા. જ્યારે પ્રવીણ રામને મળવાનો વારો આવ્યો ત્યારે અંદરના અધિકારીએ કહ્યું કે ગોપાલ ઈટાલીયાને મળવા દેવામાં નહીં આવે, અથવા તો





જો તમે ગોપાલ ઈટાલીયાનો આગ્રહ રાખશો તો અન્ય કોઈને પણ મળવા દેવામાં આવશે નહીં. ત્યાર પછી મેં ઘણી ચર્ચા કરી, કહ્યું કયો નિયમ છે ? ક્યો કાયદો છે? કઈ જોગવાઈ છે? શા માટે મને મળવા દેવામાં દેવામાં નહીં આવે? તો અધિકારીએ કહ્યું કે અમને ઉપરથી ના કહેવામાં આવી છે. મેં ઘણી વિનંતી અને રજૂઆત કરી છતાં અધિકારીએ એક જ વાતનું રટણ કર્યું અને મને મળવા જવાની ના પાડવામાં આવી. મેં અનેક રજૂઆતો કરી અને કહ્યું કે કોઈ નીતિ નિયમ પ્રમાણે હોય તો કંઈ વાંધો નહીં, પરંતુ તેઓ મારી વાત માનવા તૈયાર ન થયા. ત્યારબાદ મેં કહ્યું કે હું વકીલ તરીકે મળવા માંગુ છે, ત્યારે પણ તેઓએ કહ્યું કે અમે નક્કી કરીશું કયા વકીલ મળવા જશે. સામાન્ય રીતે નિયમ એવો છે કે કોઈપણ વકીલ જેલમાં રહેલા કેદીને મળી શકે છે કારણ કે વકીલ અને કેદીની મુલાકાતનો ઉદ્દેશ્ય લીગલ માર્ગદર્શન લેવાનો હોય છે. એવું જરૂરી નથી કે કેસમાં હોય એ જ વકીલ મળી શકે, સલાહ તો કોઈ પણ વકીલ પાસેથી લઈ શકાય છે. પ્રવીણ રામના કેસમાં ગોપાલ વકીલ હોય કે ન હોય પરંતુ, સલાહ લેવી હોય તો પ્રવીણભાઈ અને ગોપાલ મળી શકે છે, આવો નિયમ છે, પરંતુ આમાં પણ જેલના અધિકારીએ મનમાની કરી છે. AAP ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ વધુમાં જણાવ્યું હતું કે એક બાજુ ખેડૂતો માટે લડાઈ લડતા લોકો જેલમાં છે. જુનાગઢ જિલ્લા આમ આદમી પાર્ટીના પ્રમુખ હરેશભાઈ સાવલિયા ખેડૂતો માટે લડાઈ લડતા હતા અને તેમના પર છેડતી અને ખોટી એટ્રોસિટીની ફરિયાદ કરી જેલમાં ધકેલવામાં આવ્યા. પ્રવીણભાઈ રામ અને રાજુભાઈ કરપડા અત્યારે જેલમાં છે. પરંતુ ગુજરાતમાં ડ્રગ્સ વેચવાવાળા મહેલમાં છે. દારૂ, શિક્ષણ, આરોગ્ય, હલકી કક્ષાની દવા તેમજ કૌભાંડ કરનારાઓ બધા જ લોકો બિન્દાસ ફરે છે. પ્રવીણ રામના દીકરાનો હમણા જ પ્રથમ જન્મદિવસ હતો. આ બાળકના પ્રથમ જન્મદિવસની ઉજવણી કરવા માટે પણ પ્રવીણભાઈ હાજર ન હતા. આ ખરેખર આપણા માટે ખુબ ખેદનો વિષય છે. આજે પ્રવીણભાઈ પોતાના જન્મદિવસે પણ જેલમાં છે. લોકપ્રિય ખેડૂત આગેવાન રજૂ કરપડા પણ જેલમાં છે. અમને મળવા દેવાની ના પાડવામાં આવી છે.

### જંગલના શાંત વાતાવરણમાં સ્પીકરોનો શોરબકોર, સિંહોના જીવ જોખમમાં!

# થર્ટી ફર્સ્ટને લઈ ગીરના જંગલમાં સિંહની ગર્જના નહીં, ડીજેના ધબકારા

કિશોર આર. સોલંકી | જાફરાબાદ તા.31



એશિયાઈ સિંહોનું એકમાત્ર નિવાસસ્થાન ગીર આજે લોહીના આંસુએ રડી રહ્યું છે. ક્રિસમસના વેકેશનમાં પ્રકૃતિના ખોળે શાંતિ મેળવવાને બદલે, કેટલાક તત્વોએ ગીરના અંતરિયાળ વિસ્તારોને અયાશીના અડ્ડા બનાવી દીધા છે. સાસણ ગીરની આસપાસ આવેલા ભોજદે, બોરવાવ, ચિત્રોડ અને ભાલછેલના રિસોર્ટ્સમાં મોડી રાત સુધી ચાલતી ડાન્સ પાર્ટીઓ અને સ્પીકરોનો ઘોંઘાટ વન્યજીવોની માનસિક સંતુલન બગાડી રહ્યો છે. વન્યજીવ સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ની કલમ ૩૩ માત્ર પુસ્તકોમાં જ દટાયેલી રહી ગઈ હોય તેવું દ્રશ્ય અહીં સર્જાયું છે. અહીંના રિસોર્ટ્સમાં વન્યજીવોના રસિકો કરતાં શરાબની પાર્ટીઓ કરનારાઓની ભીડ વધી રહી છે. કાયદા મુજબ સાયલન્સ ઝોનમાં રાત્રે ૪૦ ડેસિબલથી વધુ અવાજ ન હોવો જોઈએ, પરંતુ અહીં તો ડીજેના તાલે ધરતી ધ્રૂજે છે. નવાઈની વાત તો એ છે કે, સ્થાનિક પોલીસ અને વનવિભાગના કર્મચારીઓ તપાસના બહાને નીકળે તો છે, પણ 'લેતી-દેતી' કરીને પાછા ફરી જાય છે તેવી વ્યાપક ફરિયાદો ઉઠી છે. હપ્તાખોરીના જોરે વનરાજની શાંતિનું છડેચોક ચીરહરણ થઈ રહ્યું છે. અંતરિયાળ નદીઓના કિનારે આવેલી હોટલોમાં બંધબારણે દારૂની મહેફિલો જામે છે. આ મિજબાની પૂરી થયા પછી તમામ કચરો અને દારૂની ખાલી બોટલો નદીના સ્વચ્છ જળમાં ફેંકી દેવામાં આવે છે. ભોજદે અને ચિત્રોડની આસપાસની નદીઓ આજે પ્લાસ્ટિક અને કાચની બોટલોથી ઉભરાઈ રહી છે. સિંહ, દીપડા અને હરણ જેવા પ્રાણીઓ જે પાણી પીવા આવે છે, ત્યાં હવે માનવીય પાપનો કચરો તરતો જોવા મળે છે. મોટા અવાજને કારણે વન્ય પ્રાણીઓની શ્રવણ શક્તિ અને તેમના પ્રજનન પર ગંભીર અસર પડી રહી છે. જંગલ ખાતું અને પર્યાવરણ સુરક્ષાના કાયદાઓ માત્ર સામાન્ય જનતા માટે જ છે? જ્યારે આ રિસોર્ટ માલિકો અને પૈસાદાર પર્યટકો બેરોકટોક નિયમો તોડે છે, ત્યારે તંત્ર કેમ લાચાર બની જાય છે? સાસણના સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

### ગૌરવની ક્ષણ! અમદાવાદ શતાબ્દી મહોત્સવમાં જામનગરના તબીબનું બહુમાન

# જામનગરના રત્ન ડૉ. મનીષ મહેતાને રાજ્યકક્ષાનો શ્રેષ્ઠ એવોર્ડ મળ્યો

કિશોર આર. સોલંકી | જાફરાબાદ તા.31

જ્યારે નિષ્ઠા અને માનવતા હાથ મિલાવે છે, ત્યારે સફળતાના શિખરો આપોઆપ સર થાય છે. આવું જ કંઈક જામનગરના જાણીતા તબીબ ડૉ. મનીષ મહેતાના કિસ્સામાં બન્યું છે. અમદાવાદના આંગણે ઈન્ડિયન મેડિકલ એસોસિએશન (આઈએમએ) ના ગૌરવવંતા ૧૦૦ વર્ષ પૂર્ણ થવાની ઐતિહાસિક ઉજવણીમાં જામનગરનું નામ સુવર્ણ અક્ષરે કોતરાયું છે. શહેરની શાન ગણાતી જીજી હોસ્પિટલ અને એમ.પી. શાહ મેડિકલ કોલેજના મેડિસિન વિભાગના વડા ડૉ. મનીષ મહેતાને રાજ્યકક્ષાના અત્યંત પ્રતિષ્ઠિત એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે.



સ્થાનિક સૂત્રોના જણાવ્યા મુજબ, ગત ૨૭ અને ૨૮ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ આયોજિત 'IMA NATCON 2025' નેશનલ કોન્ફરન્સમાં દેશભરના તબીબી જગતના માંધાતાઓ એકઠા થયા હતા. આ ભવ્ય સમારોહમાં ડૉ. મનીષ મહેતાને 'ડૉ. જેઠાલાલ એમ. પટેલ બેસ્ટ સિનિયર ફિઝિશિયન' એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. આ એવોર્ડ માત્ર એક કાચની ટ્રોફી નથી, પણ એ લાખો દર્દીઓના આશીર્વાદ છે જેમને ડૉ. મહેતાએ રાત-દિવસ જોયા વગર સાજા કર્યા છે.

સમાન સેવા મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ડૉ. મહેતાએ માત્ર એરકન્ડિશન્ડ કેબિનમાં બેસીને સારવાર કરવાને બદલે છેવાડાના ગ્રામીણ વિસ્તારો સુધી પહોંચીને લોકોની સેવા કરી છે. હોસ્પિટલની વ્યસ્ત જવાબદારીઓ વચ્ચે પણ તેમણે જે રીતે સામાજિક જવાબદારી નિભાવી છે, તેની નોંધ સમગ્ર રાજ્ય સ્તરે લેવાઈ છે. જામનગરના રસ્તાઓ પર અને મેડિકલ કોલેજના કૉરિડોરમાં આજે દરેકના મુખે એક જ વાત છે કે, 'ડૉક્ટર સાહેબે તો જામનગરનું નામ રોશન કરી દીધું!'

### હિરેનભાઈ હીરપરાને વધાવશે અમરેલી જિલ્લા ભાજપ

# અમરેલીના પ્રદેશ કિસાન મોરચાના પ્રમુખ પદની વરણી

કિશોર આર.સોલંકી | જાફરાબાદ તા.31



અમરેલી જિલ્લાના હિરેનભાઈ હીરપરાને ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશભાઈ વિશ્વકર્માજી દ્વારા પ્રદેશ ભાજપ ટીમ, માં સમાવેશ હાલતમાં જ પ્રદેશ ટીમ મીડિયા ઈન્ચાર્જ તેમજ મોરચાના પ્રમુખોની જાહેરાત કરવામાં આવી. અનુભવી, યુવાનો, મહિલાઓના સમન્વય સહિત રાજ્યના સમગ્ર વિસ્તારને સંગઠનમાં પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું છે.જેમાં ધારી તાલુકાનાં દીતલાના વતની અને મંડલ યુવા ભાજપના પ્રમુખથી લઈને જીલ્લા યુવા મોરચાના પ્રમુખ, પ્રદેશ યુવા મોરચાના મહામંત્રી તેમજ અમરેલી જીલ્લા ભાજપનાં પૂર્વ પ્રમુખ અને કિસાન મોરચાના મહામંત્રી તરીકે જવાબદારી નિભાવતા હિરેનભાઈ ની પ્રદેશ કિસાન મોરચાના પ્રમુખ પદે નિયુક્તિ કરવામાં આવી છે. યુવા વયથી જ ભાજપ સંગઠનમાં સક્રિય રહેલાં કિસાન અગ્રણીને અગત્યની જવાબદારી મળતાં જીલ્લાભરનાં કાર્યકરોમાં હરખની હેલી ચઢી છે. નિમણૂંક બાદ પ્રથમવાર અમરેલી આવી રહેલા સરળ સ્વભાવના આગેવાન હિરેન હીરપરા ને આવકારવા અમરેલી જીલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીનાં નેતૃત્વમાં જીલ્લા ભાજપનાં આગેવાનો, ચુંટાયેલા જનપ્રતિનિધિઓ, મંડલ પ્રમુખ-મહામંત્રી, હોદ્દેદારો, સહકારી અગ્રણીઓ, વિવિધ મોરચાના હોદ્દેદારો, કારોબારી સભ્યો સહિત જીલ્લાનાં સક્રિય કાર્યકરો ઉપસ્થિત રહેશે. પ્રદેશ કિસાન મોરચાના પ્રમુખ હિરેનભાઈ બપોર બાદ 3 કલાકે, અમરેલી જીલ્લા ભાજપ કાર્યાલયે પધારતાં હોય સૌ કાર્યકર્તા મિત્રોએ ખેડૂત નેતાના અભિવાદન માટે બહોળી સંખ્યામાં પધારવા ભાવભર્યું નોતરૂ પાઠવ્યું છે. તેમ જીલ્લા ભાજપની યાદીમાં જણાવ્યું છે.

# ચાણસ્મા કે.બી.જનરલ હોસ્પિટલને મહેન્દ્રભાઈ દેસાઈ દ્વારા એમ્યુલન્સનું દાન



નીતિન ઠાકર | ચાણસ્મા તા.31

ચાણસ્મા ખાતે મેડિકલ એન્ડ. સોશ્યલ ડેવપમેન્ટ ટ્રસ્ટ સંચાલિત કેબી જનરલ હોસ્પિટલ ચાણસ્મા સહિત આજુબાજુ ૪૦થી વધારે ગામોના દર્દીઓને સસ્તા દરે આરોગ્યની સેવા આપતું આરોગ્ય ધામ છે આ આરોગ્ય ધામ માં અનેક દર્દો માટેની સારવાર ઉપલબ્ધી છે અગાઉ આ આરોગ્ય ધામને દિવંગત અમથાભાઈ જેરા ભાઈ પરિવાર દ્વારા એમ્યુલન્સ અપાઈ હતી પરંતુ સમય જતાં એમ્યુંલન્સ જૂની થતાં નવી એમ્યુંલન્સની જરૂરીયાત ઉભી થતાં ટ્રસ્ટની દાતા પરિવારના અનુજને વાત કરતાં અગાઉના દાતા સ્વ. અમથાભાઈના પુત્ર મજૂર મહાજનના પ્રધાનમંત્રી.મહેન્દ્રભાઈ દેસાઈ દ્વારા કે.બી. જનરલ હોસ્પિટલને આરોગ્ય રથનું દાન આપવામાં આપવામાં આવ્યું હતું.

### પીએમ મોદીના સંકલ્પની ગાથા ગુંજી!

# નમોત્સવનો દબદબો: અમદાવાદીઓ PMની રાષ્ટ્રયાત્રાથી ભાવવિભોર

(એજન્સી) અમદાવાદ તા.31



જ્યારે રાષ્ટ્રભક્તિ અને કલાનો સમન્વય થાય છે, ત્યારે કેવું અદભૂત વાતાવરણ સર્જાય છે તેનું સાક્ષી આજે અમદાવાદ બન્યું છે. અમદાવાદના ઘુમા સ્થિત સંસ્કારધામ ખાતે આયોજિત મેગા મ્યુઝિકલ મલ્ટિમીડિયા શૉ 'નમોત્સવ'ના ત્રીજા દિવસે ગુજરાતના લોકપ્રિય મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે હાજરી આપી કાર્યક્રમનો મંગલ પ્રારંભ કરાવ્યો હતો. આ અવસરે કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રાલયના સચિવ સંજય જાજુ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જીવનના સંઘર્ષ અને સફળતાની ગાથા જોઈ ઉપસ્થિત લોકોના હૃદય ગર્વથી ભરાઈ આવ્યા હતા. સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, આ મલ્ટિમીડિયા શૉમાં અત્યાધુનિક ટેકનોલોજી, સંગીત, નૃત્ય અને નાટ્યના માધ્યમથી પીએમ મોદીના જીવનના વિવિધ પડાવોને જીવંત કરવામાં આવ્યા હતા. વડનગરની સાંકડી શેરીઓમાં વિતાવેલું બાળપણ, હિમાલયની શાંતિ અને પછી મુખ્યમંત્રીથી લઈને દેશના પ્રધાનમંત્રી તરીકેની રાષ્ટ્રનિર્માણની અવિરત યાત્રાને જે રીતે રજૂ કરવામાં આવી, તેણે પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. સંસ્કારધામના વિશાળ પરિસરમાં જાણે મોદીમય માહોલ સર્જાયો હતો. કાર્યક્રમ પૂર્વે સવારે કેન્દ્રીય સચિવ સંજય જાજુએ ગાંધીનગર સ્થિત ગિફ્ટ સિટીની પણ મુલાકાત લીધી હતી. ત્યાં તેમણે કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર અને યુટિલિટી ટનલ જેવી આધુનિક સુવિધાઓ નિહાળી હતી. તેમણે આઈએફએસસીએના અધ્યક્ષ કે. રાજારામન સાથે ભવિષ્યની યોજનાઓ અંગે ગહન ચર્ચા કરી હતી.

### AAPના આવ્યા બાદ ગુજરાતની રાજનીતિમાં પરિવર્તન

# ગુજરાતમાં ક્રાંતિની શરૂ થઈ ચૂકી છે, AAPમાં જોડાવા પોલીસ કોન્સ્ટેબલનું રાજીનામું

(એજન્સી) અમદાવાદ//રાજકોટ તા.31

આમ આદમી પાર્ટીના આવ્યા બાદ ગુજરાતની રાજનીતિમાં સ્પષ્ટ રીતે પરિવર્તન દેખાઈ રહ્યું છે. ઈમાનદારી, પારદર્શિતા અને જનહિતની રાજનીતિ અને આમ આદમી પાર્ટીના યુવા નેતાઓથી પ્રેરિત થઈને આજે મોટી સંખ્યામાં યુવાનો રાજકારણમાં જોડાઈ રહ્યા છે, જે ગુજરાત માટે સકારાત્મક સંકેત છે. આમ આદમી પાર્ટી ગુજરાતમાં સાચા અર્થમાં એક રાજનૈતિક પરિવર્તન લાવી રહ્યું છે. હાલ કોળી સમાજના યુવાન અને હાલના પોલીસ કોન્સ્ટેબલ સાગર ઝાપડિયાએ પોતાની સરકારી નોકરીમાંથી રાજીનામું આપ્યું છે અને એવી આશા રાખવામાં આવી રહી છે કે તેઓ જલ્દીથી જ આમ આદમી પાર્ટીમાં જોડાશે. હાલ ચારેબાજુ ચર્ચા ચાલી AAPમાં જોડાવા પોલીસ કોન્સ્ટેબલનું રાજીનામું આપ્યું. તો આ પરથી સ્પષ્ટ દેખાઈ રહ્યું છે કે ગુજરાતમાં ક્રાંતિની શરૂઆત થઈ ચૂકી છે. ગુજરાતમાં બદલાવ લાવવાની ભાવના અને ઈમાનદાર રાજનીતિથી પ્રેરિત થઈ સાગર ઝાપડિયાએ આ મહત્વપૂર્ણ નિર્ણય લીધો હોય અને પોલીસ ખાતાની નોકરી છોડીને રાજનીતિમાં આવેલા AAP ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાથી પ્રેરણા લઈને પોલીસ કોન્સ્ટેબલ સાગર ઝાપડિયાએ પણ નોકરી છોડી આમ આદમી પાર્ટીમાં જોડાવાનો માર્ગ પસંદ કર્યો છે, તેવી ચર્ચા ચાલી રહી છે.

### પીએમ મોદીના સંકલ્પની ગાથા ગુંજી!

# આહવા ડેપોની ગંદકીએ માઝા મૂકી મહિલાઓની આંદોલનની ચીમકી!

સુશિલ પવાર | ડાંગ તા.31

કુદરતી સૌંદર્યથી લચકતા ડાંગ જિલ્લાના વડામથક આહવામાં આજે માનવસર્જિત ગંદકીએ માઝા મૂકી છે. આહવા એસટી ડેપોના શૌચાલય અને બાથરૂમનું મળમૂત્રવાળું ગંદુ પાણી વર્ષોથી ખુલ્લી ગટરમાં છોડવામાં આવી રહ્યું છે, જે સીધું સ્થાનિક રહીશોના ઘરના આંગણામાંથી પસાર થાય છે. આ ગંદકીના કારણે આસપાસના ૨૫ થી ૩૦ ઘરોની હાલત નરક સમાન બની ગઈ છે. ગંદકી અને મચ્છરોના ઉપદ્રવથી લોકો ગંભીર બીમારીઓનો ભોગ બની રહ્યા છે, છતાં તંત્રના પેટનું પાણી હલતું નથી. છેલ્લા ૨૫ વર્ષથી આ સમસ્યા યથાવત છે. રહીશોએ અનેકવાર આહવા ડેપો




મેનેજર, પંચાયત અને આરોગ્ય વિભાગને લેખિત અને મૌખિક રજૂઆતો કરી છે. પરંતુ અફસોસની વાત એ છે કે આજદિન સુધી કોઈ જ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. જ્યારે ચોમાસું આવે છે ત્યારે તો સ્થિતિ વધુ સ્ફોટક બને છે. ડેપોનું તમામ ગંદુ પાણી લોકોના ઉંબરા સુધી પહોંચી જાય છે, જેના કારણે લોકો પોતાના જ ઘરમાં કેદી બની ગયા છે.

### સાપુતારામાં 'મિનિ મુંબઈ' જેવો માહોલ

# અલવિદા 2025, સ્વાગત 2026: સનસેટ પોઈન્ટ પર સહેલાણીઓનું કીડીયારું

સુશિલ પવાર | ડાંગ તા.31

વર્ષ 2025 હવે અંતિમ ચરણમાં છે અને 2026ની નવી આશાઓના સૂર્યોદયને વધાવવા માટે ગુજરાતનું એકમાત્ર ગિરિમથક સાપુતારા જાણે નવોઢાની જેમ સજ્જ થયું છે. આજે વર્ષના અંતિમ દિવસે સાપુતારામાં 'મિનિ મુંબઈ' જેવો નજારો જોવા મળી રહ્યો છે. હજારોની સંખ્યામાં ઉમટેલા સહેલાણીઓના કારણે ડાંગની ગિરિકંદરાઓ 'હેપ્પી ન્યૂ યર'ના આગોતરા નાદથી ગુંજી ઉઠી છે. વહેલી સવારથી જ ગુજરાત અને મહારાષ્ટ્રની સરહદો પરથી ગાડીઓની લાંબી કતારો જોવા મળી રહી છે, જે આ હિલ સ્ટેશનની લોકપ્રિયતાની સાક્ષી પૂરે છે. સનસેટ પોઈન્ટ પર વર્ષના છેલ્લા સૂર્યને આપી વિદાય સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, સાપુતારાના



સનસેટ પોઈન્ટ, ગવર્નર હિલ અને બોટિંગ ક્લબ ખાતે આજે પગ મૂકવાની પણ જગ્યા નથી. પ્રવાસીઓએ પેરાગ્લાયડીંગ જેવી એડવેન્ચર પ્રવૃત્તિઓનો ભરપૂર આનંદ માણ્યો હતો. વર્ષના છેલ્લા સૂર્યાસ્તને નિહાળવા માટે હજારો લોકો ઉમટ્યા હતા અને ભાવુક હૃદયે જૂની યાદોને વાગોળી નવી શરૂઆત માટે સંકલ્પો કર્યા હતા. સાપુતારાની બજારોમાં આજે ચાય-નાસ્તાની લારીઓથી લઈને મોટા રિસોર્ટ્સ સુધી બધે જ જબરદસ્ત ચહલપહલ જોવા મળી રહી છે.

### બનાસકાંઠા પ્રભારી સચિવના અધ્યક્ષસ્થાને

# વિકસિત બનાસકાંઠા @2047 વિકસિત ગુજરાત @2047 અંતર્ગત બેઠક યોજાઈ

મહેશ સોલંકી | પાલનપુર તા.31

બનાસકાંઠા પ્રભારી સચિવશ્રી મોના ખંધારના અધ્યક્ષસ્થાને આજરોજ કલેકટર કચેરી પાલનપુર ખાતે વિકસિત બનાસકાંઠા @૨૦૪૭ - વિકસિત ગુજરાત @૨૦૪૭ તરફ એક કદમ થીમ હેઠળ બેઠક યોજાઈ હતી. આ બેઠક દરમિયાન બનાસકાંઠા જિલ્લાના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખી શિક્ષણ, આરોગ્ય, કૃષિ, ઉદ્યોગ, રોજગાર, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સ્વચ્છતા તથા સામાજિક કલ્યાણ ક્ષેત્રે ચાલી રહેલી યોજનાઓની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી. પ્રભારી સચિવશ્રીએ જિલ્લામાં વિકાસ કાર્યોને વધુ ગતિ આપવા માટે વિભાગવાર સંકલન સાથે સમયબદ્ધ કામગીરી પૂર્ણ કરવા



સૂચનાઓ આપી હતી.આ સાથે જ સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓનો લાભ અંતિમ લાભાર્થી સુધી અસરકારક રીતે પહોંચે તે બાબતે ખાસ ભાર મુક્યો હતો. આ બેઠકમાં જિલ્લા કલેકટરશ્રી મિહિર પટેલ સહિત સબંધિત વિભાગના અધિકારીઓ તથા કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ભુજના મખણા-કોડકીમાં મોતનું તાંડવ: દેશી દારૂના નામે વેચાઈ રહ્યું છે ઝેર!


ભુજ | કચ્છના હૃદય સમાન ભુજ તાલુકાના મખણા અને કોડકી ગામમાં આજે ભયાનક સ્થિતિ સર્જાઈ છે. ગાંધીના ગુજરાતમાં જ્યાં દારૂબંધીના બણગાં ફૂંકવામાં આવે છે, ત્યાં આ ગામોમાં દેશી દારૂનો પ્રકોપ એટલી હદે વધ્યો છે કે લોકો હવે ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. સૌથી હૃદયદ્રાવક બાબત તો એ છે કે, જે ઉંમરે બાળકોના હાથમાં પુસ્તકો હોવા જોઈએ, તે ૧૫ થી ૧૭ વર્ષની કાચી વયના કિશોરો આજે દેશી દારૂના રવાડે ચડી રહ્યા છે. સ્થાનિકોમાં ચર્ચા છે કે પોલીસ તંત્રની મિલીભગત અથવા હપ્તાખોરીના કારણે આ કાળો કારોબાર ફૂલ્યો-ફાલ્યો છે. દારૂના નામે મોતનું કેમિકલ લોચા સ્થાનિક સામાજિક આગેવાન રવજીભાઈ રાજાભાઈ સીજુએ ચોંકાવનારો ખુલાસો કરતા જણાવ્યું છે કે, બુટલેગરો માત્ર દારૂ નથી વેચતા પણ સાક્ષાત્ ઝેર પીરસી રહ્યા છે. દારૂને વધુ નશીલો બનાવવા માટે તેમાં ગાયોને અપાતા ઈન્જેક્શન અને ખેતીમાં વપરાતા ખતરનાક યુરિયા ખાતર જેવા ઝેરી પદાર્થો ભેળવવામાં આવે છે.

### ભક્તોએ લીધી નવી પ્રેરણા | દેવાધિદેવ મહાદેવના દ્વારે 2025નો સૂર્ય અસ્ત

# જય સોમનાથના નાદ સાથે વર્ષ 2026ના શ્રીગણેશ

સોમનાથ:

સમયનું ચક્ર નિરંતર ગતિશીલ છે, અને આજે કાળના અધિપતિ ભગવાન સોમનાથના સાનિધ્યમાં વર્ષ 2025નો અંતિમ સૂર્ય સોનેરી કિરણો સાથે અસ્ત થયો છે. પ્રથમ જ્યોતિર્લિંગ દેવાધિદેવ શ્રી સોમનાથ મહાદેવના ચરણોમાં આજે શ્રદ્ધા અને ભાવનાનો એવો સંગમ રચાયો કે જાણે સમય પોતે પણ થંભી ગયો હોય. સમુદ્રની લહેરો જ્યારે રત્નાકર બનીને મહાદેવના ચરણ પખાળતી હતી, ત્યારે આથમતા સૂર્યની લાલિમાએ આખું આકાશ કેસરી રંગે રંગી દીધું હતું. આ દ્રશ્ય માત્ર સૂર્યાસ્ત નહોતું, પણ માનવજાતના એક સફળ વર્ષનું કૃતજ્ઞતાપૂર્વકનું સમાપન હતું. દિવ્ય વાતાવરણ અને શ્રદ્ધાનો ઉમંગ સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, સોમનાથ મંદિરનું ગૌરવવંતું શિખર જ્યારે તારામંડળ સુધી પોતાની આભા પ્રસરાવતું



હતું, ત્યારે મંદિર પર લહેરાતો કૌશેય ધ્વજ પ્રચંડ પવનના વેગ સાથે સોમનાથની નિરંતરતાની ઘોષણા કરી રહ્યો હતો. ભક્તો માટે આ દેવોને પણ દુર્લભ એવો અવસર હતો. સંધ્યા આરતીના ઝાલર અને શંખનાદ વચ્ચે જ્યારે સૂર્યદેવ સાગરના હૃદયમાં વિલીન થયા, ત્યારે હજારો ભક્તોએ કાળબાહ્યતાનો અનુભવ કર્યો હતો. લોકોએ પોતાની ગત વર્ષની મિથ્યા અપેક્ષાઓ અને દુઃખને ત્યજીને મહાદેવના ચરણોમાં પરમ શાંતિની અનુભૂતિ કરી હતી. નવા વર્ષના નવા સંકલ્પો જાણકારોનું કહેવું છે કે સોમનાથના દર્શન યુગોથી ભક્તોને ખોયેલું તેજ પુનઃ પ્રાપ્ત કરવામાં મદદરૂપ થાય છે. અસ્ત થયેલા સૂર્યની સાથે ભક્તોએ 2026ના નવા વર્ષને પોતાનું બનાવવા અને રાષ્ટ્રહિત અર્થે કાર્યાન્વિત રહેવા માટે અખૂટ પ્રેરણા પ્રાપ્ત કરી હતી. દરેક શ્રદ્ધાળુના મુખે એક જ પ્રાર્થના હતી કે આવનારું વર્ષ સૌના માટે મંગલમય રહે. રાત્રે યોજાયેલી વિશેષ પૂજા અને મહાદેવના શ્રૃંગારના દર્શન કરવા ભક્તોનું કીડીયારું ઉભરાયું હતું. વિજયશ્રીના આશીર્વાદ સાથે પ્રયાણ આજે સોમનાથના પ્રાંગણમાં ઉભેલા પ્રત્યેક આર્ચકને એવો ભરોસો હતો કે મહાદેવના આશીર્વાદ તેમના દરેક સંકલ્પને સિદ્ધિ સુધી પહોંચાડશે. ભક્તોએ 'જય સોમનાથ'ના ગગનભેદી નાદ સાથે નવા વર્ષના સાહસોના શ્રીગણેશ કરવાની પ્રતિજ્ઞા લીધી હતી.

### ઠંડીમાં શ્વાનોને લાડુ, શીરો અને ખીર

# ખારીઘારીયાલના યુવાનોની અબોલ જીવોની અનોખી સેવા

નીતિન ઠાકર | ચાણસ્મા તા.31

ઉત્તર ગુજરાતમાં જ્યારે શિયાળો પોતાની ચરમસીમાએ છે અને કડકડતી ઠંડી પડી રહી છે, ત્યારે ચાણસ્મા તાલુકાના ખારીઘારીયાલ ગામે માનવતા મહેકી ઉઠી છે. અહીંના યુવાનોએ સાબિત કરી દીધું છે કે સેવા માટે માત્ર પૈસા નહીં, પણ પાંગરતા હૃદયની જરૂર હોય છે. છેલ્લા સાત વર્ષથી આ ગામમાં અબોલ શ્વાનો માટે એક એવી સેવા ચાલી રહી છે જે જાણીને કોઈ પણ જીવદયા પ્રેમીનું મસ્તક ગર્વથી નમી જાય. અહીં રઝળતા શ્વાનોને માત્ર ટુકડો રોટલો નહીં, પણ લાડુ, શીરો, ખીચડી અને ખીર જેવી શાહી



વાનગીઓ પીરસવામાં આવે છે.

સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, દરરોજ સાંજે પાંચ વાગતાની સાથે જ ગામના શ્રી પીઠાઈ માતાજીના મંદિરે યુવક મંડળના ભાઈઓ એકત્રિત થાય છે. અહીં કોઈ પણ જાતના ભેદભાવ વગર યુવાનો જાતે જ ચૂલો સળગાવીને અબોલ જીવો માટે રસોઈ બનાવે છે. ગરમાગરમ રોટલાની સુગંધ આખા ગામમાં ફેલાય છે.

# નખત્રાણામાં કાળમુખો ટ્રક ફરી વળતાં રબારી યુવાનનું કમકમાટીભર્યું મોત!

નખત્રાણા:

કચ્છના નખત્રાણામાં ફરી એકવાર રસ્તાઓ રક્તરંજિત થયા છે. નખત્રાણાના વથાણ વિસ્તારમાં આંબેડકર કોલોનીની બરાબર સામે એક કાળમુખા ટ્રકના જોટામાં આવી જવાથી એક આશાસ્પદ રબારી યુવાનનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નિપજ્યું છે. આ અકસ્માત એટલો ભયાનક હતો કે જોનારના કાળજા કંપી ગયા હતા. વારંવારની રજૂઆતો અને ટ્રાફિકની ગંભીર સમસ્યા અંગે અહેવાલો પ્રસિદ્ધ થવા છતાં તંત્રની ઘોર બેદરકારીએ આજે વધુ એક ઘરનો ચિરાગ ઓલવી નાખ્યો છે. મોતનો માર્ગ બન્યું નખત્રાણાનું વથાણ બસ સ્ટેશનથી લઈને વથાણ સુધીનો આખો રોડ જાણે અકસ્માત ઝોન બની ગયો છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

# હવામાનના કારણે દિલ્હીથી વડોદરા આવનાર બે ફ્લાઈટ રદ

## મુસાફરો અટવાયા, વૈકલ્પિક ફ્લાઈટની વ્યવસ્થા અથવા સંપૂર્ણ રિફંડ અપાશે

(એજન્સી) વડોદરા | તા. 31




દિલ્હીમાં ગાઢ ધુમ્મસ અને ખરાબ હવામાનના કારણે આજે સવારે દિલ્હીથી વડોદરા આવતી એર ઈન્ડિયા અને ઈન્ડિગો એરલાઈન્સની બે ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. જેના કારણે વડોદરાથી દિલ્હી જવા માટે રવાના થનાર મુસાફરો એરપોર્ટ પર અટવાયા છે. આ અંગે મુસાફરો માટે વૈકલ્પિક વ્યવસ્થા અથવા તો તેઓને ટિકિટ રિફંડ કરવામાં આવશે.

આજે દિલ્હીથી વડોદરા આવનાર ફ્લાઈટ્સમાં ઈન્ડિગો એરલાઈન્સની ફ્લાઈટ નંબર 6E6694/6695 અને એર ઈન્ડિયાની ફ્લાઈટ નંબર AI1701/1808 ખરાબ હવામાનના કારણે રદ કરવામાં આવી છે. બંને ફ્લાઈટ્સ દિલ્હીથી ઉડાન ભરી શકી નહીં, જેના કારણે વડોદરા એરપોર્ટ પર મુસાફરોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો છે.

એરલાઈન્સ દ્વારા જણાવવામાં આવ્યું છે કે આ ફ્લાઈટમાં આવનાર અને જનાર મુસાફરોને વૈકલ્પિક ફ્લાઈટની વ્યવસ્થા અથવા સંપૂર્ણ રિફંડ આપવામાં આવશે. આ સાથે દિલ્હી જનાર મુસાફરો વડોદરા કે અમદાવાદથી દિલ્હી જતી અન્ય ફ્લાઈટમાં મોકલવામાં આવશે.

ઉત્તર ભારતમાં ચાલી રહેલા ગાઢ ધુમ્મસના કારણે દિલ્હી એરપોર્ટ પર અનેક ફ્લાઈટ્સમાં વિલંબ અને રદ થવાની સ્થિતિ ઊભી થઈ છે. દિલ્હીથી આવનાર ઈન્ડિગોની ફ્લાઈટમાં આવનાર 64 અને વડોદરાથી દિલ્હી જનાર 77 મુસાફરો છે. જ્યારે એર ઈન્ડિયા તરફથી કોઈ યાદી આપવામાં આવી નથી.

## ભાવનગરમાં 5 આરોપીના મકાન જમીનદોસ્ત, પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે કામગીરી...

# થર્ટી ફર્સ્ટે બુટલેગરના દબાણ પર બુલડોઝર ફરી વળ્યા...



(એજન્સી) ભાવનગર | તા. 29

ભાવનગરમાં થર્ટી ફર્સ્ટે જ બુટલેગરના દબાણો પર બુલડોઝર ફરી વળ્યા છે. શહેરમાં ગુનાહિત પ્રવૃત્તિ જેવી કે પ્રોહીબિશન અને શરીર સબંધના ગુનાના અસામાજિક તત્વોના મકાનોના ડિમોલિશનની કામગીરી હાથ ધરાઈ છે. જેમાં એક મહિલા સહિત 5 શખસના રહેણાંક મકાન પર તંત્રનું બુલડોઝર ફરી વળ્યું છે. સિટી DYSP સહિત 150થી વધુ પોલીસ જવાન અને 4 JCB સાથે ડિમોલિશન કામગીરી હાથ ધરાઈ છે. તંત્રની કામગીરીથી અસામાજિક તત્વોમાં ફફડાટ જોવા મળી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે ભાવનગર SP નિતેશ પાંડે શહેરના સ્ટીલકાસ્ટ કંપની નજીક આવેલા મફતનગર વિસ્તારમાં ચાલી રહેલી ડિમોલિશનની કામગીરીના સ્થળે પહોંચ્યા હતા.

### 5 આરોપીની ગેરકાયદેસર દબાણ પર બુલડોઝર ફરી વળ્યું

- ધવલ શંભુ મકવાણા- મકાનનું ડિમોલિશન, શરીર સબંધ ગુનો, શ્રમજીવી અખાડા પાસે મફતનગર
- રાહુલ ઉર્ફે રોબટ રાજેશભાઇ ગોહિલ- મકાનનું ડિમોલિશન, શરીર સબંધ ગુનો, રજપૂતવાળા સુભાષનગર
- ગીતાબેન દિનેશભાઇ મતનાણી- મકાનનું ડિમોલિશન, પ્રોહિબિશન ગુનો, સિંધુનગર મફતનગર
- રમેશ ઉર્ફે બાદશાહ તળશીભાઈ ગોહિલ- મકાનનું ડિમોલિશન, શરીર સબંધ ગુનો, સ્ટીલ કાષ્ટ પાસે, મફતનગર
- નીતિન ઉર્ફે કાળું રમેશભાઈ તળશીભાઈ ગોહિલ- મકાનનું ડિમોલિશન, શરીર સબંધ ગુનો, સ્ટીલ કાષ્ટ પાસે, મફતનગર

આ અંગે જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેએ જણાવ્યું હતું કે, આજરોજ ભાવનગર શહેરમાં પાંચ આરોપી, જે પ્રોહીબિશન અને શરીર સંબંધી ગુનામાં સંડોવાયેલા છે અને જેના ઉપર ઘણા બધા ગુના નોંધાયેલા છે, એવા રીઢા ગુનેહગારોની ગેરકાયદેસર મિલકત આઈડેન્ટિફાય કરી અને ભાવનગર મહાનગરપાલિકાને સાથે રાખીને કાયદેસર પ્રોસેસ ફોલો કરીને ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે પાંચ આરોપીની ગેરકાયદેસર મિલકતોનું ડિમોલિશન કરવામાં આવ્યું છે.

આ બધી મિલકતો ભાવનગર શહેરના મફતનગર, સિંધુનગર જેવા વિસ્તારોમાં હતી. કુલ જમીન 450 ચોરસ મીટર છે, અને તેની વેલ્યુ અંદાજિત 50 લાખ જેટલી થાય છે.

સાથે વધુમાં જણાવ્યું હતું કે, આવનાર દિવસોમાં જે પણ રીઢા ગુનેગારો છે, ડ્રગ્સ હોય, પ્રોહીબિશન હોય કે શરીર સંબંધી ગુનો હોય, બધાની જે ગેરકાયદેસર મિલકત હોય તો તેને આઈડેન્ટીફાય કરીને કાર્યવાહી કરવામાં આવશે.

## ન્યૂઝ ફ્લેશ

### ભરૂચમાં ફાર્મ હાઉસમાંથી દારૂની મહેફિલ ઝડપાઈ



ભરૂચ | ભરૂચ સી ડિવિઝન પોલીસે ન્યૂ યર પૂર્વે જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પેટ્રોલિંગ હાથ ધર્યું હતું. આ દરમિયાન, ચોક્કસ બાતમીના આધારે તવરા-શુકલતીર્થ માર્ગ પર આવેલા ભગુ કૃપા ફાર્મ હાઉસમાં દરોડો પાડી દારૂની મહેફિલ ઝડપી પાડી હતી.

પોલીસને માહિતી મળી હતી કે ફાર્મ હાઉસમાં 9 થી 10 જેટલા લોકો ગેરકાયદેસર રીતે દારૂ પી રહ્યા છે. આ બાતમીના આધારે પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરતા સ્થળ પરથી 9 લોકોને દારૂ પીધેલી હાલતમાં ઝડપી પાડ્યા હતા.દરોડા દરમિયાન પોલીસે સ્થળ પરથી વિદેશી દારૂની 2 બોટલ અને નમકીન સહિત કુલ રૂપિયા 7 હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

પોલીસે પ્રથમ પટેલ, વિરાજ પટેલ, હેત ચૌહાણ, રાજ પટેલ, અનિલ ગામીત, આદિત્ય ચૌહાણ, રિતિક પટેલ, મિહિર ગોહિલ અને આદિત્ય પરદેશી સહિત 9 આરોપીઓની ધરપકડ કરીને આગળની કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે. ભરૂચ સી ડિવિઝન પોલીસે આ કાર્યવાહી દ્વારા ન્યૂ યરની ઉજવણી દરમિયાન ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર કડક કાર્યવાહી કરવામાં આવશે તેવો સ્પષ્ટ સંદેશ આપ્યો છે.

### નવસારીના ઘેલખડીમાં દેશી કટ્ટા સાથે સગીર ઝડપાયો

નવસારી | નવસારીના ઘેલખડી વિસ્તારમાં આજે સવારે એક સગીર દેશી બનાવટના કટ્ટા (તમંચા) સાથે ઝડપાયો હતો. સ્થાનિકોએ તેને પકડી પાડ્યા બાદ પોલીસને જાણ કરી હતી. નવસારી સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) એ સગીરની અટકાયત કરી હથિયાર ક્યાંથી આવ્યું તે દિશામાં તપાસ શરૂ કરી છે.

ઘેલખડી જેવા ગીચ શ્રમિક વિસ્તારમાં વહેલી સવારે આ સગીર દેશી કટ્ટા સાથે ફરતો હતો. હથિયાર જોઈને સ્થાનિકો સતર્ક બન્યા હતા અને સાહસ બતાવી તેને પકડી પાડ્યો હતો. લોકોએ તેને દોરડાથી બાંધી દીધો હતો અને પોલીસને બોલાવી હતી.

આ ઘટનાનો એક વીડિયો હાલ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં સ્થાનિકો સગીરને હથિયાર અંગે પૂછપરછ કરતા જોવા મળે છે. કેટલાક લોકોએ તેને માર માર્યો હોવાનું પણ સામે આવ્યું છે. બનાવની જાણ થતાં જ નવસારી SOGની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પોલીસે સગીર પાસેથી દેશી કટ્ટો જપ્ત કરી તેની અટકાયત કરી છે. તેને વધુ પૂછપરછ માટે કચેરીએ લઈ જવામાં આવ્યો છે. પોલીસ હવે એ દિશામાં તપાસ કરી રહી છે કે પકડાયેલો સગીર આ હથિયાર લઈને ક્યાં જઈ રહ્યો હતો અને તેનો હેતુ શું હતો. સાથે જ, આ કટ્ટો તેને કોણે પૂરો પાડ્યો તે નેટવર્ક સુધી પહોંચવા માટે પણ પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.

# ખાણ-ખનીજ વિભાગને ખનીજ માફિયાઓના નામ છુપાવવામાં કેમ રસ? : દંડની રકમ છુપાવી

## વિજાપુર, સતલાસણા, ઉનાવામાં જેસીબી, ડમ્પર મળી રૂ.2.45 કરોડનો મુદ્દામાલ જપ્ત

મહેસાણા | મહેસાણા જિલ્લાના વિજાપુર ખાતેની ખાનગી માલિકીની જમીનમાં ગેરકાયદે ખોદકામ કરવામાં આવતું હોવાની પૂર્વ બાતમીના આધારે સ્થાનિક ભૂસ્તર અધિકારીઓના કાફલાએ છાપો મારીને બે જેસીબી મશીન, પાંચ ડમ્પર ઝડપી લીધાં હતા. જો કે ખાણ ખનીજ વિભાગને દંડ કેટલો ફટકાર્યો અને કોને ફટકાર્યો તે વાત છુપાવવામાં રસ હોય એમ લાગી રહ્યું છે. દંડની રકમ અને ખનીજ માફીયાના નામ જ આપતું નથી.

તેવી જ રીતે સતલાસણા અને ઊંઝાના ઉનાવા રોડ પરથી ગેરકાયદે ખનિજ ચોરી જતાં બે ડમ્પર ગાડીને પકડી લઈ સ્ટોકયાર્ડમાં મુકાવી દીધાં હતા. મહેસાણા ખાણ ખનિજ અધિકારીઓએ બે જેસીબી મશીન તથા સાત ડમ્પર મળી આશરે કુલ 2.45 કરોડનો મુદ્દામાલ ઝડપી લઈ તેના વાહન માલિકો સામે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મહેસાણા જિલ્લો ખનિજ,માફિયા શખસો માટે રેઢા પટસમાન હોય તેમ ખનિજ ખનન, વહન કરતા વાહનોને છાસવારે ભૂસ્તર અધિકારીઓ ઝડપી લઈને તોતિંગ દંડ ફટકારી તેની વસુલાત કર્યા બાદ વાહનોને મુક્ત કરવામાં આવતાં હોય છે. દરમિયાનમાં વિજાપુર ખાતેની ખાનગી માલિકીની જમીનમાં રોયલ્ટી પરમીટ વગર ખાણકામ કરવામાં આવતું હોવાની પૂર્વબાતમીના આધારે રોયલ્ટી ઓફિસર, માઈન્સ સુપરવાઈઝર સહિતના મસમોટા કાફલાએ ત્રાટકી ગેરકાયદે સાદી માટી ખોદકામ કરતાં બે જેસીબી મશીન તથા પાંચ ડમ્પર મળી કુલ રૂ.1.85 કરોડનો મુદ્દામાલ ઝડપી લઈ તેના વાહન માલિકો સામે દંડનાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

એક ડમ્પર ગાડીને પકડી પાડી ઉનાવા પોલીસ સ્ટેશન ખાતે મુકાવીદીધી હતી. સતલાસણા અને ઉનાવા રોડ પરથી કપચી, રેતી, ડમ્પર મળી કુલ રૂ.60 લાખનો મુદ્દામાલ કબજે લીધો હતો. આમ, મહેસાણા જિલ્લા ખાણ ખનિજઅધિકારીઓએ બે દિવસમાં બે જેસીબી મશીન, સાત ડમ્પર ટ્રક મળી કુલ રૂ.2.45 કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

વિજાપુરમાં ખાનગી માલિકીની જમીનમાં ખાણકામ કરતાં ઝડપાયેલાં એક જેસીબી મશીન તથા ત્રણ ડમ્પરને વિજાપુર પોલીસ સ્ટેશન ખાતે તેમજ એક જેસીબી મશીન અને બે ડમ્પર નજીકના સલામત સ્થળે મુકવામાં આવ્યાં હતા. મળતી માહિતી મુજબ ખાનગી માલિકીની જમીનમાં ખનિજ માફિયા દ્વારા કરવામાં આવેલાં ખાણકામની જગ્યાની માપણીની કામગીરી પુરી કરવામાં આવી છે. જેના આધારે ખનિજ ખનન કરનાર આસામીઓને દંડ ફટકારવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી. દરમિયાનમાં સતલાસણા રોડપરથી ગેરકાયદે કપચી ભરીને જતાં એક ડમ્પરને મહેસાણા ભૂસ્તર અધિકારીઓએ ઝડપી લીધું હતુ.




### સાત ડમ્પર ટ્રક મળી કુલ રૂ.2.45 કરોડનો મુદ્દામાલ જપ્ત

તેવી જ રીતે, ઊંઝા તાલુકાના ઉનાવા રોડ પરથી અનધિકૃતરીતે સાદી રેતી ખનિજચોરી જતાં એક ડમ્પર ગાડીને પકડી પાડી ઉનાવા પોલીસ સ્ટેશન ખાતે મુકાવીદીધી હતી. સતલાસણા અને ઉનાવા રોડ પરથી કપચી, રેતી, ડમ્પર મળી કુલ રૂ.60 લાખનો મુદ્દામાલ કબજે લીધો હતો. આમ, મહેસાણા જિલ્લા ખાણ ખનિજ અધિકારીઓએ બે દિવસમાં બે જેસીબી મશીન, સાત ડમ્પર ટ્રક મળી કુલ રૂ.2.45 કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

## સંસ્કાર નગરી વડોદરામાં જાહેરમાં પેશાબ કરતા યુવકને પોલીસે ઝડપ્યો

(એજન્સી) વડોદરા | તા. 31

સંસ્કાર નગરી વડોદરામાં ગેંડા સર્કલ પર જાહેરમાં પેશાબ કરતા યુવકનો વીડિયો વાયરલ થયો છે. ટ્રાફિક સિગ્નલ પર બાઈક ઊભી રાખીને શરમજનક હરકત કરી હતી. આ સમયે એક વાહન ચાલકે કહ્યું હતું કે, આ 99.99% આ પીધેલો છે. આ વીડિયો વાયરલ થતા પોલીસ દોડતી થઈ હતી અને આરોપીને ઝડપી પાડ્યો હતો અને આ મામલે વધુ તપાસ હાથ ધરી છે. એક વ્યકિત કહે છે કે, જુઓ આ પેલા ભાઈ અહીંયા ચાલુ ટ્રાફિક છે, એકદમ ચાલુ ટ્રાફિક છે, અહીંયા લોકો બેસે છે અને આ બાઈકવાળા ભાઈ એટલા વધારે પડતા બેશરમ છે કે બધા લોકોની સામે ત્યાં શું શું કરવા બેઠા છે! અફકોર્સ આ 99.99% આ પીધેલો છે આ ભાઈ. આ ભાઈ જોઈ લો તમે. જો આ પરફેક્ટ પીધેલા ભાઈ છે આ. આ લાલ સિગ્નલ ઉપર આ વ્યક્તિ... તો હું વડોદરા પોલીસને તો કહેવા માંગુ છું કે 31st ચાલુ થઈ ગઈ છે તો આવા તત્વો પણ દેખાય છે. ગોરવા પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમને સોશિયલ મીડિયામાં વાઈરલ થયેલા એક વીડિયોની જાણ થઈ હતી કે, એક યુવક જાહેર સ્થળે નશાની હાલતમાં શરમજનક વર્તન કરતો દેખાતો હતો. પોલીસે તુરંત તપાસ હાથ ધરી અને ગણતરીના કલાકોમાં જ આરોપી ગણેશ દિનકર સોનવણેને ઝડપી પાડ્યો હતો અને તેની બાઈક જપ્ત કરી છે અને તેને કાન પકડાવીને ઉઠક બેઠક કરાવી હતી.

# ચૌટા બજારમાં મેયરના 'અલ્ટીમેટમ' બાદ પોલીસની લાલ આંખ

## બજારમાં લોખંડનું સ્ટેન્ડ ઊભું કરી ટ્રાફિક અવરોધતા ગુનો દાખલ, પોલીસે ફેરિયાની ધરપકડ કરી માલ જપ્ત કર્યો

(એજન્સી) સુરત | તા. 31

સુરતના ઐતિહાસિક અને સૌથી વ્યસ્ત એવા ચૌટા બજારમાં વર્ષો જૂના દબાણો સામે આખરે તંત્રએ કડક વલણ અપનાવ્યું છે. મેયરના અલ્ટીમેટમ બાદ પણ દબાણની સ્થિતિમાં સુધારો ન આવતા હવે પોલીસ મેદાનમાં આવી છે. બજારમાં લોખંડનું સ્ટેન્ડ ઊભું કરી ટ્રાફિક અવરોધતા ગુનો દાખલ કરાયો છે, પોલીસે ફેરિયાની ધરપકડ કરી માલ જપ્ત કર્યો છે.

સુરત શહેરનું હૃદય ગણાતા અને ખરીદી માટે હંમેશા ધમધમતા ચૌટા બજારમાં વર્ષો જૂની દબાણની સમસ્યા પર હવે તંત્રએ 'સર્જિકલ સ્ટ્રાઈક' શરૂ કરી છે. છેલ્લા ઘણા સમયથી અહીંના સ્થાનિકો અને મુસાફરો માટે માથાનો દુખાવો બનેલા દબાણોને દૂર કરવા માટે સુરત મહાનગરપાલિકા અને પોલીસ વિભાગે સંયુક્ત મોરચો માંડ્યો છે. આશરે 15 દિવસ પહેલા સુરતના મેયર દક્ષેશ માવાણીએ ચૌટા બજાર અને ચૌટા પુલ વિસ્તારની મુલાકાત લીધી હતી. તે સમયે તેમણે સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી હતી કે જો રસ્તા પરના દબાણો સ્વેચ્છાએ દૂર કરવામાં નહીં આવે તો કડક કાર્યવાહી કરવામાં આવશે. આ અલ્ટીમેટમ બાદ થોડા દિવસો માટે સ્થિતિ સામાન્ય રહી હતી, પરંતુ ત્યારબાદ ફરીથી ફેરિયાઓ અને વેપારીઓએ રસ્તાઓ રોકવાનું શરૂ કર્યું હતું.

મેયર દક્ષેશ માવાણીએ જણાવ્યું હતું કે, ચૌટા પુલ અને આસપાસના વિસ્તારમાં સ્થિતિ એટલી ગંભીર છે કે જો કોઈ ઈમરજન્સી સર્જાય તો ફાયર બ્રિગેડની ગાડી કે એમ્બ્યુલન્સ પણ પસાર થઈ શકે તેમ નથી. સ્થાનિકોએ મને ફોટોગ્રાફ્સ મોકલીને જાણ કરી હતી કે તંત્રની કડકાઈ બાદ ફરી દબાણો વધ્યા છે. અમે કોઈ પણ ભોગે જનતાની સુરક્ષા સાથે બાંધછોડ નહીં કરીએ.

તંત્રની આકરી સૂચના બાદ અઠવા પોલીસ સ્ટેશનની ટીમ એક્શન મોડમાં આવી છે. પેટ્રોલિંગ દરમિયાન પોલીસને જાણવા મળ્યું હતું કે ચૌટા બજાર ચાર રસ્તા પાસે 'લાલાની બેંગલ' સામે એક વેપારીએ જાહેર રોડ પર લોખંડનું મોટું સ્ટેન્ડ ગોઠવી દીધું હતું. આ સ્ટેન્ડ પર મહિલાઓના એક્સેસરીઝ (બોરીયા-બક્કલ) પ્રદર્શિત કરવામાં આવ્યા હતા, પરંતુ તેના કારણે ટ્રાફિકમાં ગંભીર અવરોધ ઉભો થતો હતો. પોલીસે તપાસ કરતા માલુમ પડ્યું કે 30 વર્ષીય પ્રકાશ નંદલાલ શાહ નામના શખસે આ દબાણ કર્યું હતું. જાહેર માર્ગ પર જોખમ ઉભું કરવા બદલ અને ટ્રાફિકમાં અડચણ કરવાના ગુના હેઠળ પોલીસે તેની ધરપકડ કરી છે. આ કાર્યવાહીથી ચૌટા બજારના અન્ય દબાણકર્તા વેપારીઓમાં ફફડાટ ફેલાઈ ગયો છે.

ઈતિહાસ 1700ની સાલથી પણ જૂનો છે. અહીં 800થી વધુ રિટેલ દુકાનો છે અને 1500થી વધુ પાથરણાવાળા-ફેરિયાઓ બેસે છે. અગાઉ પણ અનેકવાર દબાણ હટાવવાની ઝુંબેશ હાથ ધરવામાં આવી છે, પરંતુ સ્થાનિકોના મતે કેટલાક માથાભારે તત્વો હપ્તા ઉઘરાવીને ફેરિયાઓને બેસાડે છે. ઘણા કિસ્સામાં દુકાનદારો પોતે જ પોતાની દુકાનની બહારની જગ્યા ફેરિયાઓને ભાડે આપે છે.

### જેલમાંથી બહાર આવી ફરી ધાક-ધમકીઓ આપતા યુવતીની હિંમત ખૂટી

# એક તરફી પ્રેમીના ત્રાસથી કંટાળી યુવતીએ ઝેરી દવા ગટગટાવી

(એજન્સી) પાટણ | તા 31

પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકામાં એક તરફી પ્રેમમાં પાગલ પ્રેમીના ત્રાસથી 18 વર્ષીય યુવતીએ ફિનાઈલ પીને આત્મહત્યાનો પ્રયાસ કર્યો હોવાની ઘટના સામે આવી છે. યુવકનો એટલો બધો ત્રાસ વધી ગયો હતો કે એ યુવતીના સગા-સંબંધી અને મિત્રોને પણ ફોન કરીને જાનથી મારી નાખવાની ધમકી આપતો હતો. અંતે કંટાળીને યુવકીએ ઝેર ગટગટાવી લેતા તે હાલ ધારપુર સિવિલમાં સારવાર હેઠળ છે.



ચાણસ્મા પોલીસ મથકે નોંધાયેલી ફરિયાદ મુજબ, યુવતી જ્યારે ધોરણ 12માં અભ્યાસ કરતી હતી ત્યારે એક યુવકના સંપર્કમાં આવી હતી. જે બાદ બંને વચ્ચે ગાઢ મિત્રતા થતાં યુવક લલચાવી-ફોસલાવીને યુવતીને ભગાડી ગયો હતો. ત્યારે યુવતીના પિતાએ યુવક વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસ બંનેને શોધી લાવી હતી અને યુવકની ધરપકડ કરી હતી. આ દરમિયાન યુવતીને ભાન થયું હતું કે તે યુવકની ખોટી વાતોમાં ભરમાઈ ગઈ હતી. યુવકની ધરપકડના થોડા મહિના બાદ તે જામીન પર છુટ્ટીને જેલમાંથી બહાર આવ્યો હતો અને બહાર આવતાની સાથે જ યુવતીને હેરાન કરવાનું શરૂ કર્યું હતું. જોકે, યુવતીએ કોઈ ભાવ ન આપતા તે અવાર-નવાર પીછો કરીને હેરાન કરતો હતો. આ દરમિયાન યુવતી તેના મામાના ઘરે ચાલી ગઈ હતી, છતાં પણ યુવકે સતત હેરાન પરેશાન કરવાનું ચાલુ રાખ્યું હતું.

આટલેથી ન અટકતા એકતરફી પ્રેમમાં પાગલ યુવકે યુવતીના પિતા-ફોઈ સહિતના સગા સંબંધી અને મિત્રોને ફોન અને મેસેજ કરવાનું ચાલુ કર્યું હતું. દિવસ-રાત સતત ફોન-મેસેજ કરીને તે યુવતી સાથે વાત કરાવવાની જીદ કરતો હતો. જીદ કર્યા બાદ પણ કોઈએ ભાવ ન આપતા તે જાતિપ્રત્યે હડધૂત કરીને જાનથી મારી નાખવાની ધમકીઓ આપતો હતો. જે તમામ વાતો યુવતી સુધી પહોંચતાં અને યુવકનો માનસિક ત્રાસ વધી જતા યુવતીએ ઝેરી દવા પી લીધી હતી.

યુવતીએ ઝેરી દવા પીધાની તેની માતાને જાણ થતાં પ્રથમ ચાણસ્મા સિવિલ હોસ્પિટલ અને બાદમાં ધારપુર સિવિલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવી છે. સમયસર સારવાર મળી જતાં યુવતીનો જીવ બચી ગયો છે. આમ એક તરફી પ્રેમીના ત્રાસથી કંટાળીને અંતે યુવતીએ હોસ્પિટલના બિછાનેથી યુવક સામે ફરિયાદ નોંધાવી છે.

# વિસનગરમાં ઈકો કારની ટક્કરે યુવક ઘાયલ : 9 દિ' બાદ પોલીસ ફરિયાદ નોંધાઈ

(એજન્સી) વિસનગર | તા. 31

વિસનગરમાં કડા ચોકડીથી દીપડા દરવાજા વચ્ચે એક ઈકો ગાડીએ બાઈક સવાર યુવકને ટક્કર મારતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં યુવકને જમણા હાથે ફ્રેક્ચર સહિત શરીરે ઈજાઓ પહોંચી હતી. ઘટનાના નવ દિવસ બાદ પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે અને પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.



પ્રાપ્ત માહિતી અનુસાર, ફરિયાદી સંકેતભાઈ કિર્તીભાઈ પટેલ ગત તારીખ 21 ડિસેમ્બર, 2025ના રોજ સાંજના સમયે પોતાની મોટરસાયકલ (GJ-02-AB-5087) લઈને કડા ચોકડીથી દીપડા દરવાજા તરફ જઈ રહ્યા હતા. ઉમા ગાર્ડન પાસે પહોંચતા, GJ-02-BE-3119 નંબરની ઈકો ગાડીના ચાલક અમરતજી ગણપતજી ઠાકોરે પોતાની ગાડી પૂરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી સંકેતભાઈની બાઈકને ડાબી બાજુથી ટક્કર મારી હતી. ટક્કર વાગતા સંકેતભાઈ ડિવાઈડર પર પછડાયા હતા, જેના કારણે તેમને જમણા હાથે ફ્રેક્ચર થયું હતું અને ઢીંચણ તેમજ કમરના ભાગે પણ ઈજાઓ થઈ હતી. અકસ્માત સર્જનાર ઈકો ચાલક પોતે જ તેમને સારવાર માટે એસ.કે. નુતન જનરલ હોસ્પિટલ લઈ ગયો હતો. ત્યારબાદ વધુ સારવાર માટે તેમને ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમના હાથનું ઓપરેશન કરવામાં આવ્યું હતું.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

આજે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. જે વેપારીઓ ના સંબંધ વિદેશો થી છે તેમને આજે ધન હાનિ થવા ની શક્યતા છે તેથી સાવચેતી થી ચાલો દિવસને અદભુત બનાવવા માટે પરિવારના સભ્યો તથા નિકટના મિત્રો સાથે ભેગા મળી મેળાવડો યોજો.

**વૃષભ : બ. વ. ઉ.**

સ્વસ્થ રહેવા માટે તમારા ખોરાક પર અંકુશ રાખો તથા વ્યાયામ કરો. જો તમારી ધન સંબંધી કોઈ બાબત કોર્ટ કચેરી માં અટવાયેલી હોય તો તે આજે ઉકેલાઈ શકે છે અને તમે વિજયી થયી શકો છો સાથે તમને ધન લાભ થયી શકે છે.

**મિથુન : ક. છ. ઘ.**

અન્યો સાથે ખુશી વહેંચવાથી તમારા સ્વાસ્થ્યમાં સુધારો થશે. લાંબા ગાળાના કોઈપણ રોકાણ ટાળો તથા તમારા સારા મિત્ર સાથે કેટલીક ખુશીભરી ક્ષણો વિતાવો. બાળકો કદાચ નિરાશા જન્માવશે કારણકે તેઓ તમારી અપેક્ષા પર પાર નહીં ઉતરે.

**કર્ક : ડ. હ.**

નિરાશાવાદી અભિગમ ટાળવો જોઈએ કારણ કે તે તમારી શક્યતાઓને ન માત્ર ન્યૂનતમ કરશે બલ્કે તમારા શરીરની સંવાદિતામાં પણ ખલેલ પહોંચાડશે. આર્થિક રૂપે તમે આજે ઘણા મજબૂત દેખાશો ગ્રહ નક્ષત્રો ની ચળવળ થી તમારા માટે ધન કમાવા ની ઘણી તકો બનશે.

**સિંહ : મ. ટ.**

શક્ય હોય તો લાંબી મુસાફરી ટાળવી કેમ કે મુસાફરી કરવા માટે તમે ખૂબ જ નબળા છો અને આ મુસાફરી તમને વધુ નબળા પાડી શકે છે. તમે જો બધું જ બરાબર કરશો તો આજે તમે વધારાના નાણાં કમાઈ શકશો.

**કન્યા : પ. ઠ. ણ.**

વધુ પડતી કેલૅરી ધરાવતું ભોજન ટાળો અને તમારા વ્યાયામ ને ભક્તિભાવપૂર્વક વળગી રહો. જે લોકોએ ક્યાંક નિવેશ કર્યું હતું તે લોકો ને આજ ના દિવસે આર્થિક હાનિ થવા ની શક્યતા છે. તમે તમારી સમસ્યાઓ ભૂલી જશો.

**તુલા : ર. ત.**

તમારા અણધાર્યા સ્વભાવને તમારા વૈવાહિક સંબંધ પર અસર કરવા ન દો.આ બાબતને ટાળવાનો પ્રયાસ કરો ન્યથા તમે પછીથી પસ્તાશો. કોઈ નજીક ના મિત્રો થી અમુક વેપારીઓ ને સારું ધન લાભ થવા ની શક્યતા છે.

**વૃશ્ચિક : ન. ય.**

આનંદ-પ્રમોદ અને મનોરંજન તમને હળવા થવામાં મદદ કરશે. તમારા ખર્ચ પર અંકુશ લાવવાનો પ્રયાસ કરો-અને આજે જરૂરી હોય એવી ચીજો જ ખરીદજો. તમારા પરિવારના સભ્યની લાગણી દુભાવવાનો ભય હોવાથી તમારા ગુસ્સા પર અંકુશ રાખો.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

બહાર જવું-પાર્ટીઓ તથા જલસાઘર તમને આજે આનંદિત મિજાજમાં રાખશે. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો-અથવા નવા પ્રૉજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો.

**મકર : ખ. જ.**

આર્થિક લાભ તમારી અપેક્ષા મુજબ નહીં હોય. પારિવારિક જવાબદારીઓનો ડુંગર ખડકાશે-તેના કારણે તમારા મગજ પર તાણ વધશે. તમારા પ્રિયપાત્ર સાથે તમારી અંગત લાગણીઓ-રહસ્યો શૅર કરવા માટે આ યોગ્ય સમય નથી.

**કુંભ : ગ. સ. શ. ષ.**

જો તમે લોન લેવા માટે ઘણા દિવસો થી પ્રયાસ કરી રહ્યા છો તો આજ ના દિવસે તમને લોન મળી શકે છે. જરૂર પડશે તો તમારા મિત્ર તમારી મદદે આવશે. તમારી લવ સ્ટોરી આજે નવો વળાંક લઈ શકે છે, તમારો જીવનસાથી આજે તમારી સાથે લગ્ન વિશે વાત કરી શકે છે.

**મીન : દ.ચ. ઝ. થ.**

ખાસ કરીને હૃદયરોગના દરદીઓએ કૉફી છોડી દેવી. જો તમને લાગે છે કે તમારી જોડે પૂરતું ધન નથી તો ઘર ના કોઈ મોટા થી ધન સંચિત કરવા ની સલાહ લો. સંબંધીઓ-મિત્રો એક સુંદર સાંજ માટે તમને મળવા આવશે.

### મહેમદાવાદ પોલીસ દ્વારા આરોપી ઝડપાયો કડક કાર્યવાહી

# પહાડની પરિણીતાનો પડોશી યુવકના ત્રાસથી કંટાળી ઝેરી દવા પી આપઘાત

(એજન્સી) નડિયાદ | તા.31

ખેડા જિલ્લાના મહેમદાવાદ તાલુકાના પહાડ ગામમાં એક હૃદયદ્રાવક ઘટના પ્રકાશમાં આવી છે, જેમાં એક પરિણીતાએ પડોશી યુવકની સતત પજવણી અને માનસિક ત્રાસથી કંટાળીને મોતને વ્હાલું કર્યું છે. પોતાની સાથે વાત કરવા માટે દબાણ કરતા અને ના પાડવા પર સમાજમાં બદનામ કરવાની ધમકી આપતા નરાધમ યુવકના ત્રાસથી આખરે પરિણીતાએ ઝેરી દવા ગટગટાવી લીધી હતી. આ કરુણ ઘટનાને પગલે ત્રણ નિર્દોષ સંતાનોએ પોતાની માતાની છત્રછાયા ગુમાવી છે, જેના કારણે સમગ્ર પંથકમાં ભારે અરેરાટી સાથે રોષની લાગણી ફેલાઈ છે. બનાવની વિગતો અનુસાર, પહાડ ગામના વતની નટવરભાઈ ભવૈયાની સુપુત્રી સુમિત્રાબેનના લગ્ન ૧૩ વર્ષ અગાઉ રાજેશભાઈ ભવૈયા સાથે થયા હતા. સુખી લગ્નજીવન દરમિયાન તેમને ત્રણ સંતાનો પણ છે. જોકે, તેમના ઘરની સામે જ રહેતો રાહુલ ચીમનભાઈ ભવૈયા



નામનો શખ્સ છેલ્લા કેટલાક સમયથી સુમિત્રાબેન પર ખરાબ નજર રાખતો હતો. તે અવારનવાર રસ્તામાં ઉભો રહી કે પીછો કરીને પરિણીતાને તેની સાથે વાત કરવા મજબૂર કરતો હતો. સુમિત્રાબેને સતત વિરોધ કરવા છતાં રાહુલનું મનોબળ વધતું જતું હતું અને તે સમાજમાં ગંદી અફવાઓ ફેલાવી બદનામ કરવાની ધમકીઓ આપવા લાગ્યો હતો.યુવકના આ અસહ્ય ત્રાસથી બચવા માટે સુમિત્રાબેન પોતાના પિતાના ઘરની નજીક રહેવા ચાલ્યા ગયા હતા, પરંતુ રક્ષક બનેલા પિયરમાં પણ રાહુલનો પીછો બંધ થયો નહોતો. ગત તા. ૨૪-૧૨-૨૦૨૪ના રોજ સવારે જ્યારે સુમિત્રાબેન ઘરે એકલા હતા, ત્યારે રાહુલે ત્યાં પહોંચીને ભારે હોબાળો મચાવ્યો હતો. પરિવારજનોએ તેને પકડવાનો પ્રયાસ કર્યો પરંતુ તે ભાગી છૂટ્યો હતો. સતત મળતી ધમકીઓ અને માનસિક દબાણને કારણે ભાંગી પડેલા સુમિત્રાબેને અંતે ઝેરી દવા પી લીધી હતી. ગંભીર હાલતમાં તેમને મહેમદાવાદની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, પરંતુ સારવાર દરમિયાન તેમનું પ્રાણપંખેરું ઉડી ગયું હતું.

આ મામલે મૃતકની માતા હાજીબેન ભવૈયાએ મહેમદાવાદ પોલીસ મથકે નરાધમ રાહુલ સામે ગંભીર ગુનો નોંધાવ્યો હતો. પોલીસે પણ મામલાની ગંભીરતા સમજીને તુરંત જ ચક્રો ગતિમાન કર્યા હતા. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, મહેમદાવાદ પોલીસે આરોપી રાહુલ ચીમનભાઈ ભવૈયાની ધરપકડ કરી લીધી છે. હાલમાં તેને કોર્ટમાં રજૂ કરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

### ઓલ-ઈન્ડિયા ટોપર્સનું સન્માન

# ભવન્સ HBICM એ 51મું દીક્ષાંત સમારોહ યોજ્યો

અમદાવાદ : ભવન્સ એચ. બી. ઈન્સ્ટિટ્યૂટ ઑફ કમ્યુનિકેશન એન્ડ મેનેજમેન્ટ (HBICM) એ મંગળવારે અમદાવાદ સ્થિત ભારતીય વિદ્યાભવનના ગીતા હોલ ખાતે પોતાનું 51મું દીક્ષાંત સમારોહ ગૌરવભેર યોજીને એક મહત્વપૂર્ણ શૈક્ષણિક માઈલસ્ટોન ઉજવ્યો.આ દીક્ષાંત સમારોહ ભારતીય વિદ્યાભવનના સ્થાપક કુલપતિ ડૉ. કે. એમ. મુન્શીજીની 138મી જન્મજયંતિ નિમિત્તે યોજાયો હતો, જે સંસ્થાની મૂલ્યઆધારિત શિક્ષણ પ્રત્યેની અવિરત પ્રતિબદ્ધતાને દર્શાવે છે.ડિજિટલ મીડિયા, ઈન્ડસ્ટ્રીયલ રિલેશન્સ એન્ડ પર્સોનેલ મેનેજમેન્ટ (IRPM) તથા ઈન્ટરનેશનલ ટ્રેડના વિદ્યાર્થીઓને અનુસ્નાતક ડિપ્લોમા અને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા. આ પ્રસંગે ભવન્સના ટ્રસ્ટીઓ, શિક્ષણવિદો, માતા-પિતા અને ફેકલ્ટી સભ્યો હાજર રહ્યા. દીક્ષાંત સમારોહ દરમિયાન HBICMની વ્યાવસાયિક કુશળતા અને નૈતિક મૂલ્યોના સંયોજનની પરંપરાને પુનઃરેખાંકિત કરવામાં આવી, જે ડૉ. મુન્શીજીના આદર્શોને અનુરૂપ છે.સ્નાતક વિદ્યાર્થીઓને સંબોધતા ભારતીય વિદ્યાભવન, અમદાવાદ કેન્દ્રના અધ્યક્ષ ડૉ. મુકેશ પટેલે જણાવ્યું કે ભવન્સ માત્ર એક શૈક્ષણિક સંસ્થા નથી, પરંતુ એક પરિવાર છે. "ભવન્સ એક પરિવાર છે. અમે હંમેશા અમારા વિદ્યાર્થીઓની સાથે ઊભા રહીએ છીએ," એમ કહી તેમણે વિદ્યાર્થીઓને તેમના વ્યાવસાયિક જીવન દરમિયાન પણ માતૃસંસ્થા સાથે જોડાયેલા રહેવાની અપીલ કરી.મૂલ્યો સાથે કુશળતાના મહત્વ પર ભાર મૂક્તા માનદ સચિવ શ્રી પ્રકાશ ભગવતીએ જણાવ્યું કે વ્યાવસાયિકતા જરૂરી છે, પરંતુ તેના સાથે વિનમ્રતા પણ હોવી જોઈએ.

### આણંદમાં ગુમ થવાના 3 કિસ્સાઓ

# ધર્મજના આધેડ, ચમારા અને જંત્રાલ ગામની 2 યુવતી ગુમ થતા શોધખોળ

આણંદ : પેટલાદ તાલુકાના ધર્મજ ગામના રબારી વાસ ખાતે રહેતા ૪૫ વર્ષીય મફતભાઈ ગાંડાભાઈ રબારી ગત તા. ૨૮મી ડિસેમ્બરના રોજ કોઈને કંઈ કહ્યાં વિના ક્યાંક ચાલી જઈ ગુમ થયા હતા. જે અંગે કૃણાલ કુમાર રબારીએ પેટલાદ ગ્રામ્ય પોલીસ મથકમાં જાણ કરી હતી. બીજા બનાવમાં આંકલાવ તાલુકાના ચમારા ગામના ટેકરા વિસ્તારમાં રહેતા ધર્મેન્દ્રભાઈ હરિચંદ્ર ભાઈ સાધુની ૨૧ વર્ષીય દીકરી કેશાબેન ગ. ૨૭ ડિસેમ્બરના રોજ આંકલાવની નવજીવન હોસ્પિટલમાંથી રજા લઈને ઘરે જવા નીકળી હતી, જોકે તેણી ઘરે નહીં પહોંચી લાપતા થતા પરિવારજનોએ શોધખોળ હાથ ધરી હતી પરંતુ તેણીનો કોઈ પતો ન લાગતાં આખરે આંકલાવ પોલીસ મથકમાં જાણ કરતા પોલીસે જાણવા જોગ નોંધ નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. અન્ય એક બનાવમાં બોરસદ તાલુકાના જંત્રાલ ગામની તળાવ સીમમાં રહેતી ૨૨ વર્ષીય જ્યોત્સનાબેન વિનુભાઈ સોલંકી ગત તા. ૨૮મી ડિસેમ્બરની રાત્રિના સુમારે કોઈને કંઈ કહ્યાં વિના ક્યાંક ચાલી જઈ લાપતા થઈ હતી. જે અંગે વિનુભાઈ સોલંકીએ વીરસદ પોલીસ મથકમાં જાણ કરી હતી.

### નડિયાદ રેલવે સ્ટેશન ઉપર લાંબા અંતરની ટ્રેનોના સ્ટોપેજ માટે માંગ

નડિયાદ : ખેડા જિલ્લાના મુખ્ય મથક નડિયાદ રેલવે સ્ટેશન પરથી લાંબા અંતરની એક્સપ્રેસ ટ્રેનો પસાર થાય છે. જે પૈકી ૮ જેટલી એક્સપ્રેસ ટ્રેનોનું નડિયાદ રેલવે સ્ટેશન પર સ્ટોપેજ આપવામાં આવ્યું નથી. આ લાંબા અંતરની એક્સપ્રેસ ટ્રેનોને નડિયાદ રેલવે સ્ટેશન પર સ્ટોપેજ આપવા નાગરિકો દ્વારા રેલવે તંત્ર અને સરકારમાં લેખિત રજૂઆત કરવામાં આવી છે. નડિયાદ શહેર ખેડા જિલ્લાનું મુખ્ય મથક છે. નડિયાદમાં જિલ્લાની કચેરીઓ, સુપ્રસિદ્ધ સંતરામ મંદિર, સંતરામ નેત્ર ચિકિત્સાલય, સરદાર પટેલનું જન્મ સ્થળ, હોસ્પિટલો તેમજ કોલેજો આવેલો છે.

### આત્મહત્યા પાછળનું રહસ્ય

# એસટી કંડકટરે કપાળમાં પિસ્ટલ વડે ફાયરિંગ કરી આત્મહત્યા કરી

બોટાદ: બોટાદ શહેરમાં એસટી નિગમમાં ફરજ બજાવતા એક કંડકટરે પોતાના નિવાસસ્થાને પિસ્ટલ વડે કપાળના ભાગે ફાયરિંગ કરી આત્મહત્યા કરી લેતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. ગંભીર રીતે ઘાયલ કંડકટરનું અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન કરુણ મોત નીપજ્યું છે. આ ઘટનાને પગલે બોટાદ પોલીસે ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે, જેમાં હથિયાર ક્યાંથી આવ્યું અને આત્મહત્યાનું ચોક્કસ કારણ શું હતું તે દિશામાં પોલીસ તપાસ કેન્દ્રિત કરવામાં આવી છે. ઘટનાની વિગતો મુજબ, બોટાદના નારાયણનગર વિસ્તારમાં આવેલી સુંદરમ સ્કૂલની બાજુમાં રહેતા અને એસટી વિભાગમાં કંડકટર તરીકે નોકરી કરતા બાવકુભાઈ રામભાઈ ખવડએ ગત તા. ૧૭ જુલાઈ ૨૦૨૫ના રોજ પોતાના ઘરે આ આત્મઘાતી પગલું ભર્યું હતું. બાવકુભાઈએ પોતાની પાસે રહેલી ખાનગી પિસ્ટલ કાઢી પોતાના જ કપાળના ભાગે ગોળી ધરબી દીધી હતી. ફાયરિંગના અવાજ અને લોહીલુહાણ હાલતમાં બાવકુભાઈને જોઈ પરિવારજનો સ્તબ્ધ થઈ ગયા હતા.

### પોલીસ તંત્ર એક્શન મોડમાં

# થર્ટી ફર્સ્ટની આડમાં થતી રેવ પાર્ટીઓ ઉપર બાજનજર

(એજન્સી) આણંદ | તા.31

આણંદ જિલ્લાનું યુવા ધન નવા વરસને વધાવવા માટે એટલે કે, થર્ટી ફર્સ્ટની રાત્રિની ઉજવણી કરવા માટે થનગની રહ્યું છે. તો બીજી તરફ થર્ટી ફર્સ્ટને લઈ આણંદ જિલ્લા પોલીસ તંત્ર પણ સજાગ બન્યું છે અને વિવિધ ફાર્મહાઉસો સહિતના સ્થળોએ યોજાતી ડીજે અને રેવ પાર્ટીઓ ઉપર પોલીસ તંત્ર દ્વારા બાજનજર રાખવામાં આવશે. પોલીસ દ્વારા વિવિધ સ્થળોએ ચેકિંગ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. તેમજ ફાર્મહાઉસો ઉપર કાયદાનું પાલન થાય તે માટેની નોટિસો પણ લગાવવામાં આવી છે.

વર્ષ ૨૦૨૬ને વધાવવા માટે ૩૧ ડિસેમ્બરની રાત્રિના દેશભરમાં ઉજવણી થશે. થર્ટી ફર્સ્ટની ઉજવણી માટે યુવા ધન પણ થનગની રહ્યું છે. આણંદ જિલ્લામાં થર્ટી ફર્સ્ટની ઉજવણીમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે પોલીસ તંત્ર દ્વારા ખાસ તકેદારી રાખવામાં આવી રહી છે. ખાસ કરીને આણંદ જિલ્લામાંથી પસાર થતી મહીસાગર નદીના કિનારે આવેલા ફાર્મહાઉસો ખાતે થર્ટી ફર્સ્ટની ઉજવણીની આડમાં રેવ પાર્ટીઓનું આયોજન ન થાય તે માટે પોલીસ સતર્ક બની છે અને તમામ ફાર્મહાઉશો ઉપર નોટિસ ચિપકાવી સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.



ફાર્મ હાઉસમાં યોજાતી પાર્ટી માટે આયોજકોએ પૂર્વ મંજૂરી લેવા સાથે ફરજિયાત સીસીટીવી કેમેરા તથા પાકગની વ્યવસ્થા સાથે અન્ય સ્થાનિકો ને હેરાનગતિ ન થાય તેમજ નોઈસ પોલ્યુશન સહિતના નિયમોનું ફરજિયાત પણે પાલન કરી સરકારી ગાઈડલાઈનનું પાલન કરવા જણાવ્યું છે.

થર્ટી ફર્સ્ટની ઉજવણી દરમિયાન કોઈ ગેરકાયદેસર પ્રવૃત્તિ જણાશે તો ફાર્મ હાઉસના માલિક તથા આયોજકો વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવશે, તેમ પણ પોલીસ દ્વારા જણાવાયું છે. ખાસ કરીને આંકલાવ અને વાસદ નજીક અનેક ફાર્મહાઉસો આવેલા છે, આવા ફાર્મહાઉસો ખાતે થર્ટી ફર્સ્ટની ઉજવણીની આડમાં કોઈ ગેરકાયદેસર પ્રવૃત્તિ કે રેવ પાર્ટી ન યોજાય તે માટે પોલીસ દ્વારા સઘન ચેકિંગ પણ હાથ ધરવામાં આવ્યું છે. સાથે સાથે નશાખોર શખ્સોને ઝડપી પાડવા પોલીસે કવાયત હાથ ધરી છે અને રાત્રિના વિવિધ માર્ગો ઉપર પોલીસ દ્વારા આકસ્મિક ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે.

### એસ્ટેટ વિભાગની કડક કાર્યવાહીમાં અનેક દબાણોનો સફાયો

# ભાવનગરમાં શેડ સહિતના ૪૦ થી વધુ દબાણ મહાપાલિકાએ હટાવ્યાં

(એજન્સી) ભાવનગર | તા.31

ભાવનગર મહાનગરપાલિકા દ્વારા શહેરના મુખ્ય માર્ગો અને રહેણાંક વિસ્તારોને દબાણમુક્ત કરવા માટે આક્રમક અભિગમ અપનાવવામાં આવ્યો છે. આજે મંગળવારે મહાપાલિકાના એસ્ટેટ વિભાગ અને દબાણ હટાવ સેલની ટીમે શહેરના વિવિધ વિસ્તારોમાં ત્રાટકીને ૪૦થી વધુ ગેરકાયદે દબાણોનો સફાયો કર્યો હતો. આ કામગીરીને પગલે વર્ષોથી ફૂલીફાલેલા દબાણકર્તાઓમાં ભારે ફફડાટ અને દોડધામ મચી ગઈ હતી. તંત્ર દ્વારા સ્પષ્ટ સંકેત આપવામાં આવ્યો છે કે જાહેર માર્ગો પરના અવરોધો હવે ચલાવી લેવામાં આવશે નહીં. મંગળવારની વહેલી સવારથી જ ભાવનગર મહાનગરપાલિકાના એસ્ટેટ વિભાગની ટીમ હરકતમાં આવી હતી. શહેરના હાર્દ સમાન જશોનાથ ચોકથી લઈને ચાવડીગેટ પોલીસ ચોકી સુધીના વ્યસ્ત માર્ગ પર ટીમે ઓપરેશન હાથ ધર્યું હતું. આ માર્ગ પર ટ્રાફિકને



નડતરરૂપ બનતા અસ્થાયી દબાણો સામે લાલ આંખ કરવામાં આવી હતી. આ કાર્યવાહી દરમિયાન તંત્રએ ૧ કાચની પેટી, ૧ કેબિન, ૨ લારીઓ, ૪ ટેબલ અને ૧ મોટું ટેબલ તેમજ સ્ટીલના ટીપડા સહિતનો સામાન જપ્ત કર્યો હતો. અચાનક આવેલી મહાપાલિકાની ગાડીઓને જોઈ લારી-ગલ્લા ધારકોમાં નાસભાગ મચી ગઈ હતી.

સૌથી મોટી અને કડક કાર્યવાહી ભરતનગર વિસ્તારમાં જોવા મળી હતી. ભરતનગરની જલારામ સોસાયટીના મુખ્ય માર્ગ પર રોડ વિભાગ અને ટીડી વિભાગના પત્ર બાદ દબાણ હટાવ સેલે મોટું ઓપરેશન પાર પાડ્યું હતું. અહીં રહેવાસીઓ અને વેપારીઓ દ્વારા માર્ગ પર કરાયેલા પાકા દબાણોને જેસીબીની મદદથી તોડી પાડવામાં આવ્યા હતા. આ વિસ્તારમાં ૧૫ ઓટલા, ૨ મોટા શેડ, ૮ કંપાઉન્ડ વોલ, ૪ બાથરૂમ, ૨ ઓરડી અને ૨ પાણીના ટાંકા સહિતના ગેરકાયદે બાંધકામો જમીનદોસ્ત કરી દેવાયા હતા. આ કાર્યવાહીથી માર્ગો પહોળા થયા છે અને ટ્રાફિકની સમસ્યામાં રાહત મળવાની આશા છે. મહાપાલિકાની આ આકરી ઝુંબેશને કારણે દબાણકર્તાઓમાં ભારે કચવાટ જોવા મળ્યો હતો. કેટલાક સ્થળોએ તંત્ર અને દબાણકર્તાઓ વચ્ચે સામાન્ય બોલાચાલી પણ થઈ હતી, પરંતુ પોલીસ બંદોબસ્ત અને તંત્રની મક્કમતા સામે કોઈનું કંઈ ચાલ્યું નહોતું. બીજી તરફ, શહેરના જાગૃત નાગરિકોએ મહાપાલિકાની આ કામગીરીને વધાવી લીધી છે.

## ખેડા-અરવલ્લી જિલ્લાને જોડતી નડિયાદ-મોડાસા ટ્રેન દોડાવવા મુસાફરોની માગણી

નડિયાદ : કોરોના મહામારી દરમિયાન સુરક્ષાના કારણોસર બંધ કરવામાં આવેલી મોટાભાગની ટ્રેનો પૂર્વવત શરૂ કરવામાં આવી છે. બીજી બાજુ નડિયાદ-મોડાસા પેસેન્જર ટ્રેન હજુ સુધી શરૂ ન કરી ખેડા જિલ્લાને અન્યાય કરવામાં આવી રહ્યાંનું ચર્ચાઈ રહ્યું છે. આ ટ્રેનની સુવિધા શરૂ કરવામાં ન આવતા ખેડા અને અરવલ્લી જિલ્લાના મુસાફરો અને વેપારીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. નડિયાદ-કપડવંજ-મોડાસા ટ્રેન ખેડા અને અરવલ્લી જિલ્લાના નોકરી ધંધાર્થે અપડાઉન કરતા મુસાફરો માટે આશીર્વાદ રૂપ હતી. રેલવે તંત્ર દ્વારા ટ્રેનો રાબેતા મુજબ શરૂ કરવામાં આવી હતી. પરંતુ ખેડા અને અરવલ્લી જિલ્લાને જોડતી નડિયાદ-મોડાસા રેલવે સેવા શરૂ કરવા અનેક રજૂઆતો કરવા છતાં નડિયાદ મોડાસા ટ્રેન શરૂ કરવામાં આવી નથી.

### કાશીન્દ્રા ગામ પાસે અકસ્માત માસૂમ બાળકો ગંભીર

# ઈલેક્ટ્રિક શોકથી મહિલાનું મોત અને બે બાળકો ઈજાગ્રસ્ત

ધંધુકા: અમદાવાદના જમાલપુરથી ભડીયાદ પીર મહેમુદશા બુખારીની દરગાહે દર્શનાર્થે પગપાળા જઈ રહેલા બે પરિવારો પર કાળનો પંજો ત્રાટક્યો છે. ધોલેરાના કાશીન્દ્રા ગામની સીમમાં આરામ કરી નાસ્તો કરી રહેલા આ શ્રદ્ધાળુ પરિવારના લોખંડના પંડાલમાં અચાનક વીજ કરંટ ઉતરતા એક ૨૨ વર્ષીય યુવતીનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. આ ભયાનક દુર્ઘટનામાં ૯ માસના માસૂમ બાળક સહિત અન્ય એક કિશોરી પણ ગંભીર રીતે દાઝી જતાં પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે.પ્રાપ્ત વિગતો અનુસાર, ભડીયાદ ખાતે હાલ ઉર્ષ ચાલી રહ્યો હોવાથી રાજ્યભરમાંથી શ્રદ્ધાળુઓ પગપાળા દર્શને જઈ રહ્યા છે. આણંદ જિલ્લાના ભાલેજ અને મહીસાગરના બાલાસિનોરના બે પરિવારો પણ આ આસ્થાના પ્રવાહમાં જોડાયા હતા. કાશીન્દ્રા ગામની સીમમાં શગુન પાર્ટી પ્લોટ પાસે આ પરિવારો થાક ઉતારવા અને નાસ્તો કરવા માટે લોખંડના પાઈપવાળા એક મંડપ નીચે બેઠા હતા. દરમિયાનમાં અચાનક પવન ફૂંકાતા લોખંડનો આ મંડપ થોડો ઊંચો થયો હતો અને ઉપરથી પસાર થતી હાઈટેન્શન વીજ લાઈનને અડકી ગયો હતો. પલકવારમાં આખા મંડપમાં વીજળીનો પ્રવાહ ફેલાઈ ગયો હતો.

આ દુર્ઘટના એટલી વેગીલી હતી કે મંડપ નીચે બેઠેલા શહેનાજબાનું ફેમીનખાન પઠાણ ને જોરદાર ઈલેક્ટ્રિક શોક લાગતા તેમનું પ્રાણપંખેરું ઘટનાસ્થળે જ ઉડી ગયું હતું. તેમની બાજુમાં જ રમી રહેલા ૯ માસના માસૂમ પુત્ર ફેસલ પઠાણ અને ૧૭ વર્ષીય તમન્નાબાનું ફરીદમીયા મલેકને પણ કરંટની જોરદાર ઝપેટમાં આવતા ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્ત બાળકોને તાત્કાલિક અસરથી સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમની હાલત નાજુક હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.

### થર્ટી ફર્સ્ટ પોલીસ બંદોબસ્ત

# ખેડા: નવા વર્ષની ઉજવણી પૂર્વે જિલ્લાની સરહદો સીલ



નડિયાદ:વર્ષ ૨૦૨૫ ને વિદાય આપી ૨૦૨૬ ના નવા વર્ષને આવકારવા માટે જ્યારે સમગ્ર દેશ ઉત્સાહિત છે, ત્યારે ખેડા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા માટે પોલીસ તંત્ર એક્શન મોડમાં આવ્યું છે. 'થર્ટી ફર્સ્ટ પોલીસ બંદોબસ્ત ખેડા' અંતર્ગત જિલ્લાના તમામ મુખ્ય પ્રવેશદ્વારો અને સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસનો કાફલો તૈનાત કરી દેવામાં આવ્યો છે. ખાસ કરીને દારૂબંધીના કડક અમલ અને નશાખોરોને પકડવા માટે જિલ્લાભરમાં 'નડિયાદ પોલીસ વાહન ચેકિંગ' ડ્રાઈવ શરૂ કરવામાં આવી છે.ખેડા જિલ્લા પોલીસ દ્વારા અન્ય જિલ્લાઓ સાથે જોડાતી તમામ સરહદો પર હાઈવે ચેકપોસ્ટ કાર્યરત કરવામાં આવી છે. 'નવા વર્ષની ઉજવણી સુરક્ષા ૨૦૨૬' ના ભાગરૂપે શંકાસ્પદ વાહનોનું ઝીણવટભર્યું નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. નડિયાદ ટાઉન અને પશ્ચિમ પોલીસ દ્વારા શહેરના વ્યસ્ત માર્ગો પર પેટ્રોલિંગ વધારી દેવાયું છે. વડતાલ પોલીસ દ્વારા ઉત્તરસંડા આઈ. ટી.આઈ. ચોકડી જેવા મહત્વના સ્થળો પર નાકાબંધી કરીને વાહનચાલકોના લાયસન્સ અને કાગળોની તપાસ કરવામાં આવી રહી છે.થર્ટી ફર્સ્ટની રાત્રે દારૂ પીને છાકટા બનતા તત્વો સામે કાર્યવાહી કરવા માટે પોલીસે ખાસ વ્યૂહરચના બનાવી છે. દરેક મહત્વના પોઈન્ટ પર પોલીસ કર્મચારીઓ બ્રેથ એનાલાઈઝર મશીન સાથે હાજર રહેશે. જો કોઈ વાહનચાલક નશો કરેલી હાલતમાં ઝડપાશે, તો તેની સામે કાયદેસરની કડક કાર્યવાહી કરીને જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવશે. પોલીસનો હેતુ એ છે કે ઉજવણીના નામે કોઈ પણ નાગરિકની સુરક્ષા જોખમાવી ન જોઈએ.

### 10 વર્ષથી વધુનો સમય છતાં અનેક ભવનો અધૂરી હાલતમાં

# ખેડા જિલ્લામાં મનરેગા હેઠળના રાજીવ ગાંધી સેવા કેન્દ્રોના નિર્માણમાં ગેરરીતિના આક્ષેપ

(એજન્સી) નડિયાદ | તા.31

ખેડા જિલ્લામાં મનરેગા યોજના હેઠળ મંજૂર થયેલા ૧૪૯ રાજીવ ગાંધી સેવા કેન્દ્રોના નિર્માણમાં કરોડો રૂપિયાનો ખર્ચ થયો હોવા છતાં અનેક ભવનો ૧૦થી ૧૨ વર્ષથી અધૂરી હાલતમાં હોવાથી મહુધાના પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રજીત પરમારે ભ્રષ્ટાચારના આક્ષેપો કર્યા છે. સરકારી રેકર્ડ પર એસ્ટીમેટ મુજબ નાણાં ચૂકવાઈ ગયા હોવા છતાં બાંધકામ પૂર્ણ ન થતા આ સમગ્ર મામલે તપાસની માંગ સાથે ઉચ્ચ સ્તરે રજૂઆત કરવામાં આવી છે.

મહુધાના પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રજીત પરમારે મનરેગા યોજના હેઠળ નિર્માણ પામતા રાજીવ ગાંધી સેવા કેન્દ્રોના બાંધકામમાં ગેરરીતિઓ થઈ હોવાના આક્ષેપો સાથે સરકારમાં રજૂઆત કરી છે. ખેડા જિલ્લામાં આ ભવનોના નિર્માણ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હોવા છતાં છેલ્લા ૧૦થી ૧૨ વર્ષથી અનેક ભવનો હજુ પણ અધૂરી હાલતમાં લટકી રહ્યાં છે, જે



વહીવટી તંત્રની નિષ્ફળતા અને ભ્રષ્ટાચાર સૂચવે છે, તેવો દાવો પૂર્વ ધારાસભ્ય દ્વારા કરવામાં આવ્યો છે. જિલ્લામાં કુલ ૧૪૯ જેટલા રાજીવ ગાંધી સેવા કેન્દ્રો મંજૂર કરવામાં આવ્યા હતા, જેમાંથી અનેક તાલુકાઓમાં સરકારી રેકર્ડ પર એસ્ટીમેટ મુજબનો પૂરેપૂરો ખર્ચ બતાવી દેવાયો છે, પરંતુ વાસ્તવિક સ્થિતિમાં બાંધકામ પૂર્ણ થયા નથી. જિલ્લાના ૧૦ તાલુકાઓમાં આવા અનેક અધૂરા ભવનો હાલ જર્જરિત અવસ્થામાં ફેરવાઈ ગયા છે. આ મામલે તપાસની માંગ ઉઠી છે કે, જો સરકારી તિજોરીમાંથી નાણાં પૂરેપૂરા વપરાઈ ગયા હોય તો બાંધકામ અધૂરું કેમ છે. મહુધા તાલુકામાં સ્થિતિ વધુ ગંભીર જોવા મળી રહી છે, જ્યાં વર્ષો પહેલા આ મુદ્દો ચર્ચાયો હોવા છતાં બાંધકામમાં કોઈ પ્રગતિ થઈ નથી. ખાસ કરીને કપરૂપુર ગામનું રાજીવ ગાંધી સેવા કેન્દ્ર કાગળ પર ખર્ચ બતાવ્યા છતાં સ્થળ પર અસ્તિત્વ ધરાવતું ન હોવાની વિગતો બહાર આવતા આથક ગેરરીતિની શંકા પ્રબળ બની છે.આ સમગ્ર વિવાદ અંગે મહુધા ટીડીઓ જ્યોતિબેન દેસાઈએ સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે, મહુધા તાલુકામાં વર્ષ ૨૦૧૦થી ૨૦૧૭ દરમિયાન કુલ ૨૧ રાજીવ ગાંધી ભવન મંજૂર થયા હતા, જેમાંથી અત્યાર સુધીમાં માત્ર ૭ ભવનો જ પૂર્ણ થયા છે. બાકી રહેલા ભવનો પૈકી ૧ ફિઝિકલ પૂર્ણ છે અને ૫ ભૌતિક રીતે પૂર્ણ છે, જ્યારે ૬ ભવનોને રદ કરવા માટે જિલ્લા કક્ષાએ દરખાસ્ત મોકલવામાં આવી છે.

### ભૂપેન્દ્રભાઇ પટેલ અને ફિલ્મનિર્માતા આશુતોષ ગોવારિકર

# અનેક પ્રતિષ્ઠિત મહાનુભાવોએ સંસ્કારધામ ખાતે નમોત્સવમાં હાજરી આપી

અમદાવાદ : ગુજરાતના માનનીય મુખ્યપ્રધાન શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સંસ્કારધામ ખાતે નમોત્સવની મુલાકાત લીધી હતી. આ મ્યુઝિકલ મલ્ટીમીડિયા પ્રોડક્શનમાં માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના જીવન અને તેમની સફરની ઝાંખી રજૂ કરવામાં આવી હતી. માનનીય મુખ્યપ્રધાનની સાથે અનેક પ્રતિષ્ઠિત મહાનુભાવો જોડાયા હતા, જેમાં કેબિનેટ પ્રધાનો શ્રી કનુભાઈ દેસાઈ, શ્રી જીતુભાઈ વાઘાણી, એવોર્ડ વિજેતા ફિલ્મનિર્માતા આશુતોષ ગોવારિકર અને માહિતી તથા પ્રસારણ સચિવ શ્રી સંજય જાજુ સમાવિષ્ટ હતા. ગુજરાત અને ભારતીય ફિલ્મ ઉદ્યોગની જાણીતી હસ્તીઓ પણ ઉપસ્થિત રહી હતી, જેમાં અભિનેત્રી અને મોડલ નમિથા વાંકાવાલા, ગુજરાતી ફિલ્મ 'લાલો'ની મુખ્ય અભિનેત્રી રીવા રાછ, એવોર્ડ વિજેતા ફિલ્મનિર્માતા મનીષ સૈની, દિવોના સ્થાપક અને ડિરેક્ટર વિશ્વનાથન રામાસ્વામી, નિર્માતા મલ્લીરેડ્ડી વીરેન્દ્ર ચૌધરી અને અભિનેત્રી અવનીનો સમાવેશ થતો હતો. કેબિનેટ પ્રધાન શ્રી પ્રદ્યુમ્નભાઈ વાજા, શ્રી કુંવરજી બાવળિયા અને શ્રી નરેશભાઈ પટેલ તથા રાજ્યકક્ષાના પ્રધાનો શ્રી પ્રવીણભાઈ માળી, શ્રી કમલેશભાઈ પટેલ અને શ્રી સ્વરૂપજી ઠાકોર પણ હાજર રહ્યા હતા. ગુજરાત વિધાનસભાના મુખ્ય દંડક શ્રી બાલકૃષ્ણ ખાંડેરાવ શુક્લાએ પણ કાર્યક્રમમાં હાજરી આપી હતી.

## રોકાણકારોને કિયોસાકીની ચેતવણી અને સલાહ

# ચાંદીનો પરપોટો ફૂટશે? રોબર્ટ કિયોસાકીએ કહ્યું - 'ભાવ 6 લાખ રૂપિયા કિલો સુધી જશે, પણ ખરીદી... '

(એજન્સી) નવી દિલ્હી | તા 31

વર્ષ 2025માં ચાંદી રોકાણકારોને માલામાલ કરનાર ધાતુ સાબિત થઈ છે અને મોટાભાગના અનુમાનો મુજબ, 2026માં પણ તેની ગતિ તેજ રહી શકે છે. જોકે, આ તેજીની વચ્ચે પ્રખ્યાત પુસ્તક 'રિચ ડેડ પુઅર ડેડ' (Rich Dad Poor Dad) ના લેખક રોબર્ટ કિયોસાકીએ ચાંદીને લઈને એક મોટી ચેતવણી આપતા રોકાણકારોને મહત્વપૂર્ણ સલાહ આપી છે.રોબર્ટ કિયોસાકી સોશિયલ મીડિયા પર ખૂબ જ સક્રિય રહે છે અને રોકાણ સંબંધિત સલાહ આપતા રહે છે. તેમણે X (અગાઉ ટ્વિટર) પર ચાંદીને લઈને એક પોસ્ટ કરી છે, જે એવા સમયે આવી છે જ્યારે સોમવારે ચાંદીના ભાવમાં મોટો કડાકો બોલાયો હતો.કિયોસાકીએ પોતાની પોસ્ટમાં લખ્યું,



"શું ચાંદીનો પરપોટો ફૂટવાનો છે? મને ચાંદી ખૂબ જ પસંદ છે, મેં મારી પ્રથમ ચાંદી 1965માં ખરીદી હતી, પરંતુ શું સાચે જ ચાંદીનો પરપોટો ફૂટવાનો છે? FOMO (ફિયર ઓફ મિસિંગ આઉટ) એટલે કે તક ગુમાવી દેવાના ડરનો ઉન્માદ કહેર વરસાવવાનો છે." ચાંદીના ખરીદદારોને સલાહ આપતાં તેમણે આગળ લખ્યું, "જો તમે ચાંદીમાં રોકાણ કરવાનું વિચારી રહ્યા છો, તો ધીરજ રાખો. ભવિષ્યમાં તક ગુમાવી દેવાના ડરથી પ્રેરાઈને ખરીદી ન કરો. પહેલા કિંમતમાં ઘટાડો થવાની રાહ જુઓ, પછી રોકાણ કરો. મારા પિતાની શીખ યાદ રાખો કે 'નફો ખરીદતી વખતે થાય છે, વેચતી વખતે નહીં.' સમજદાર રોકાણકારો માટે ધીરજ સૌથી જરૂરી છે."કિયોસાકીએ ચાંદી માટે નવો ટાર્ગેટ આપતા કહ્યું, "મારું માનવું છે કે ચાંદી 2026માં 100 ડોલરથી ઉપર જશે, કદાચ 200 ડોલર પ્રતિ ઔંસ (એટલે કે લગભગ 6 લાખ રૂપિયા પ્રતિ કિલો) સુધી પણ પહોંચશે."સોમવારે ચાંદીના ભાવમાં છેલ્લા 5 વર્ષનો સૌથી મોટો એક દિવસીય ઘટાડો જોવા મળ્યો હતો. ચાંદી પોતાના ઉચ્ચ સ્તરથી એક ઝાટકે 21,511 રૂપિયા પ્રતિ કિલો તૂટી ગઈ હતી. જોકે, મંગળવારે તેમાં ફરીથી જોરદાર ઉછાળો આવ્યો અને 5% થી વધુની તેજી સાથે સોમવારના ઘટાડાની ભરપાઈ કરી દીધી. આંતરરાષ્ટ્રીય બજારમાં પણ હાજર ચાંદી 3.7%ની તેજી સાથે 74.85 ડોલર પ્રતિ ઔંસ પર પહોંચી ગઈ હતી.રોબર્ટ કિયોસાકીના નવા ટાર્ગેટ અને સલાહને સરળ શબ્દોમાં સમજીએ તો, તે સ્પષ્ટ કરે છે કે ચાંદીનું લાંબા ગાળાનું ભવિષ્ય ઉજ્જવળ છે, પરંતુ ટૂંકા ગાળાના રોકાણકારો માટે ઉતાર-ચઢાવ જોવા મળી શકે છે. અસાધારણ લાભ પછી બજારમાં ઘટાડો સ્વાભાવિક છે. જોકે, ચાંદી 200 ડોલરના મહત્વાકાંક્ષી લક્ષ્ય સુધી પહોંચશે કે કેમ, તે વૈશ્વિક વિકાસ અને ઔદ્યોગિક માંગ જેવા ઘણા પરિબળો પર નિર્ભર રહેશે.

મીડિયા, મેટલ એન્ડ ઓઇલ એન્ડ ગેસ શેરોમાં સૌથી વધુ તેજી

# સેન્સેક્સ 200 પોઈન્ટ વધીને 84,870 પર ટ્રેડ : નિફ્ટી 26,000ને પાર

મુંબઈ : અઠવાડિયાના ત્રીજા ટ્રેડિંગ દિવસે એટલે કે બુધવારે સેન્સેક્સ 200 પોઈન્ટ વધીને 84,870 પર ટ્રેડ કરી રહ્યો છે. નિફ્ટી 70 પોઈન્ટ વધીને 26,000ની ઉપર ટ્રેડ કરી રહ્યો છે.

સેન્સેક્સના 30માંથી 25 શેર તેજીમાં ટ્રેડ કરી રહ્યા છે. નિફ્ટીના 50માંથી 40 શેરો તેજીમાં ટ્રેડ કરી રહ્યા છે. NSE પરના બધા સેક્ટર્સ ગ્રીન ટ્રેડ કરી રહ્યા છે, જેમાં મીડિયા, મેટલ ઓઈલ એન્ડ ગેસ સેક્ટર અગ્રણી છે.

એશિયન બજારોમાં કોરિયાના કોસ્પી અને જાપાનના નિક્કી ઊંચા ટ્રેડ કરી રહ્યા છે. ગઈકાલે, કોસ્પી 0.15% ઘટીને 4,214 પર બંધ થયા હતા, જ્યારે જાપાનનો નિક્કી 0.37% ઘટીને 50,339 પર બંધ થયો હતો.

હોંગકોંગનો હેંગ સેંગ ઈન્ડેક્સ 1.01% ઘટીને 25,592 પર ટ્રેડ કરી રહ્યો છે, અને ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ 0.073% ઘટીને 3,962 પર ટ્રેડ કરી રહ્યો છે.

30 ડિસેમ્બરે, યુએસ ડાઉ જોન્સ ઈન્ડસ્ટ્રિયલ એવરેજ 0.20% ઘટીને 48,367 પર બંધ થયો. નાસ્ડેક કમ્પોઝિટ 0.24% અને S&P 500 0.14% ઘટીને બંધ થયો.

29 ડિસેમ્બરના રોજ, વિદેશી રોકાણકારો (FII)એ 3,844.02 કરોડના શેર વેચ્યા, અને સ્થાનિક રોકાણકારો (DII)એ 6,159.81 કરોડના શેર ખરીદ્યા.

30 ડિસેમ્બર સુધીમાં, FIIએ કુલ 30,752.24 કરોડના શેર વેચ્યા. આ સમયગાળા દરમિયાન, બજારના મુખ્ય રોકાણકારો, DIIએ 72,860.27 કરોડના શેર ખરીદ્યા.

નવેમ્બરમાં, FIIએ કુલ 17,500.31 કરોડના શેર વેચ્યા, જ્યારે DII એ 77,083.78 કરોડના શેર ખરીદ્યા. આનો અર્થ એ થયો કે બજારને સ્થાનિક રોકાણકારોનો ટેકો છે.

30 ડિસેમ્બરના રોજ, અઠવાડિયાના બીજા ટ્રેડિંગ દિવસે, શેરબજાર ફ્લેટ ટ્રેડ થયું. સેન્સેક્સ 20 પોઈન્ટ ઘટીને 84,675 પર બંધ થયો.

## News Brief

### ગ્લોબલ AI વાઈબ્રેન્સી ઈન્ડેક્સ ભારત: અમેરિકા-ચીન બાદ ભારત હવે દુનિયામાં ત્રીજા ક્રમે

નવી દિલ્હી:આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ના યુગમાં ભારત ઝડપથી વૈશ્વિક મહાસત્તા તરીકે ઉભરી રહ્યું છે. 'સ્ટેનફોર્ડ યુનિવર્સિટી AI રિપોર્ટ 2025' મુજબ, ભારત હવે 'ગ્લોબલ AI વાઈબ્રેન્સી ઈન્ડેક્સ ભારત' માં વિશ્વમાં ત્રીજા સ્થાને પહોંચી ગયું છે. ભારત માત્ર અમેરિકા અને ચીનથી જ પાછળ છે. ખાસ વાત એ છે કે ભારતે માત્ર એક જ વર્ષમાં ચાર સ્થાનની છલાંગ લગાવી છે, જે દેશમાં થઈ રહેલા તકનીકી સંશોધન અને ડિજિટલ ક્રાંતિનો પુરાવો છે. રિપોર્ટના સૌથી મહત્વના પાસા મુજબ, વર્ષ ૨૦૧૬ થી ૨૦૨૪ દરમિયાન ભારતમાં 'આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ટેલેન્ટ ગ્રોથ' માં ૨૫૨% નો તોતિંગ વધારો થયો છે, જે વિશ્વમાં સૌથી વધુ છે. ટેલેન્ટની ઉપલબ્ધતા અને ગુણવત્તામાં ભારત અત્યારે વિશ્વમાં બીજા ક્રમે છે. આ વૃદ્ધિ દર્શાવે છે કે ભારતનું શિક્ષણ ક્ષેત્ર અને વર્કફોર્સ નવી ટેકનોલોજી અપનાવવામાં વિશ્વના અન્ય દેશો કરતા ઘણા આગળ છે.ભારતની આ સફળતા પાછળ 'ઈન્ડિયા AI મિશન' નો મોટો ફાળો છે. માર્ચ ૨૦૨૪ માં શરૂ કરાયેલા આ મિશન હેઠળ સરકારે ૧.૨૫ અબજ ડોલરના રોકાણની જાહેરાત કરી છે.કર્ણાટકના આઈટી મંત્રી પ્રિયંક ખાર્ગેએ આ ગૌરવપૂર્ણ સિદ્ધિ પર ખુશી વ્યક્ત કરતા જણાવ્યું કે કર્ણાટક ભારતની આ ગતિમાં મુખ્ય યોગદાન આપનાર રાજ્ય છે. રાજ્યની 'સ્ટાર્ટઅપ પોલિસી ૨૦૨૫-૩૦' હેઠળ ૨૫,૦૦૦ સ્ટાર્ટઅપ્સને મદદ કરવા માટે ૫૧૮ કરોડ ફાળવવામાં આવ્યા છે.

## વિશ્વ બજારમાં કિંમતી ધાતુઓમાં બેતરફી વ્યાપક ઉછળકુદ

# સોના-ચાંદીમાં ભાવ ફરી ઉંચકાયા: ટેરીફના પગલે ડાયમંડ નિકાસને ફટકો

### ટેક્સ રાહત આપવા ડાયમંડ ઉદ્યોગે સરકારને કરેલી હાકલ: ચાંદીના ભાવ બે દિવસમાં રૂ.19 હજાર તૂટયા

મુંબઈ : મુંબઈ ઝવેરી બજારમાં આજે સોના-ચાંદીના ભાવ નીચા ખુલ્યા પછી ફરી ઉંચકાયા હતા. જો કે પાછલા દિવસના બંધ ભાવની સરખામણીએ આજે બંધ ભાવ નીચા રહ્યા હતા. વિશ્વ બજારમાં કિંમતી ધાતુઓમાં સમાચાર ભાવમાં બેતરફા વેૈપક ઉછળકુદ બતાવી રહ્યા હતા. વૈસ્વિક ચાંદીના ભાવ ગબડી ઔંસના નીચામાં ૭૧.૧૬ ડોલર સુધી જતાં રહ્યા હતા.

પરંતુ ત્યારબાદ આંચકા પચાવી ભાવ ફરી ઉછળી ઉંચામાં ૭૫.૭૭ થઈ ૭૫.૭૦થી ૭૫.૦૧ ડોલર રહ્યા હતા. દરમિયાન અમદાવાદ ચાંદીના ભાવ કિલોના આજે વધુ રૂ.૪૦૦૦ તૂટી રૂ.૨૩૩૦૦૦ રહ્યા હતા જ્યારે અમદાવાદ સોનાના ભાવ ૧૦ ગ્રામના આજે વધુ રૂ.૨૫૦૦ તૂટયા હતા. અમદાવાદ સોનાના ભાવ ગબડી ૯૯૫ના રૂ.૧૩૯૨૦૦ તથા ૯૯૯ના રૂ.૧૩૯૫૦૦ રહ્યા હતા.વિશ્વ બજારમાં સોનાના ભાવ ઔંસના નીચામાં ૪૩૨૩ વાળી ઉંચામાં ભાવ ૪૩૯૯ થઈ ૪૩૯૪થી ૪૩૯૫ ડોલર રહ્યા હતા. દરમિયાન, મુંબઈ બુલીયન બજારમાં સોનાના ભાવ જીએસટી વગર ૯૯૫ના રૂ.૧૩૬૨૩૩ વાળા નીચામાં ભાવ રૂ.૧૩૩૮૨૪ થઈ રૂ.૧૩૪૦૬૦ રહ્યા હતા. જ્યારે ૯૯૯ના ભાવ રૂ.૧૩૬૭૮૧ વાળા રૂ.૧૩૪૩૬૨ થઈ રૂ.૧૩૪૫૯૯ રહ્યા હતા. મુંબઈ ચાંદીના ભાવ જીએસટી વગર રૂ.૨૩૫૪૪૦ વાળા રૂ.૨૩૧૪૬૭ ખુલી રૂ.૨૩૨૩૨૯ રહ્યા હતા. મુંબઈ સોના-ચાંદીમાં જીએસટી સાથેના ભાવ આ ભાવથી ૩ ટકા ઉંચા રહ્યા હતા. અમદાવાદ બજારમાં બે દિવસમાં સોનાના ભાવ રૂ.૫૫૦૦ તથા ચાંદીના ભાવ રૂ.૧૯ હજાર તૂટી ગયાનું બજારના સૂત્રોએ જણાવ્યું હતું.


દરમિયાન, ચીનમાં સોનાની ઈમ્પોર્ટ વાળા હોંગકોંગ નવેમ્બરમાં ઓકટોબરની સરકામણીએ બમણી થઈ ગયાના સમાચાર હતા. આ ગાળામાં ત્યાં આવી ઈમ્પોર્ટ ૮થી વધી ૧૬ ટનની ઉપર ગઈ છે. વિશ્વ બજારમાં આજે કોપરના ભાવ આંચકા પચાવી ફરી ૨.૬૭ ટકા વધી આવ્યા હતા. વૈશ્વિક પ્લેટીનમના ભાવ ઔંસના નીચામાં ૨૦૫૩ થઈ ૨૨૧૨ ડોલર થઈ ૨૨૦૭થી ૨૨૦૮ ડોલર રહ્યા હતા. પેલેડીયમના ભાવ નીચામાં ૧૫૯૬ તથા ઉંચામાં ભાવ ૧૬૫૭થઈ ૧૬૪૧થી ૧૬૪૨ ડોલર રહ્યા હતા.

મુંબઈ બજારમાં પ્લેટીનમનમા ભાવ ૧૦ ગ્રામના નીચામાં રૂ.૬૯૭૯૦ થઈ છેલ્લે રૂ.૭૦૪૯૯ રહ્યા હતા. દરમિયાન, અમેરિકાના પ્રમુખની આકરી ટેરીફના પગલે ભારતથી ડાયમન્ડની નિકાસને ફટકો પડતાં હવે ડાયમંડ ઉદ્યોગે સરકારને વેરાકિય રાહત આપી પીઠબળ આપવા રજૂઆત કર્યાના વાવડ મળ્યા હતા.

### ભારતીય પરિવારોમાં રિટાયરમેન્ટ પ્લાનિંગ: નિવૃત્તિ હવે ટોચની પ્રાથમિકતા, પણ તૈયારીઓમાં મોટો ઘટાડો

નવી દિલ્હી: ભારતીય પરિવારોના આર્થિક દૃષ્ટિકોણમાં મોટું પરિવર્તન જોવા મળી રહ્યું છે. 'પીજીઆઈએમ ઈન્ડિયા મ્યુચ્યુઅલ ફંડ સર્વે ૨૦૨૫' ના તાજેતરના અહેવાલ મુજબ, ભારતીયો માટે હવે 'નિવૃત્તિ માટે આર્થિક આયોજન' એ જીવનની સૌથી મોટી પ્રાથમિકતા બની ગઈ છે. જોકે, ચિંતાની વાત એ છે કે પ્રાથમિકતા હોવા છતાં વાસ્તવિક તૈયારીઓમાં મોટો ઘટાડો નોંધાયો છે. વર્ષ ૨૦૨૩ માં જ્યાં ૬૭% લોકો પાસે રિટાયરમેન્ટ પ્લાન હતો, તે ૨૦૨૫ માં ઘટીને માત્ર ૩૭% થઈ ગયો છે.'ભારતીય પરિવારોમાં રિટાયરમેન્ટ પ્લાનિંગ' માં આવેલા આ ઘટાડા પાછળ વધતી જતી આર્થિક ચિંતાઓ જવાબદાર છે. સર્વે અનુસાર, ૪૬% લોકો અત્યારે આર્થિક તણાવ અનુભવી રહ્યા છે, જે બે વર્ષ પહેલા ૩૨% હતો. મોંઘવારી, ઘરનું ભાડું, બાળકોનું શિક્ષણ અને વધતા મેડિકલ ખર્ચને કારણે લોકો લાંબા ગાળાના રોકાણને બદલે વર્તમાન જરૂરિયાતો પૂરી કરવા પર વધુ ધ્યાન આપી રહ્યા છે. ઘરના કુલ ખર્ચનો હિસ્સો ૫૯% થી વધીને ૬૫% થયો છે, જે ભવિષ્યની આર્થિક સુરક્ષાને નબળી પાડી રહ્યો છે.આજના આધુનિક યુગમાં પણ ૪૨% ભારતીયો નિવૃત્તિ પછી આર્થિક મદદ માટે પોતાના સંતાનો કે સંબંધીઓ પર નિર્ભર રહેવાની અપેક્ષા રાખે છે. નાના થતા જતા પરિવારો (Nuclear Families) ને જોતા આ નિર્ભરતા જોખમી સાબિત થઈ શકે છે. સર્વેમાં એ પણ સામે આવ્યું છે કે અડધાથી વધુ લોકોને ખબર જ નથી કે નિવૃત્તિ માટે તેમને કેટલા મોટા ભંડોળ (Corpus) ની જરૂર પડશે. માત્ર ૪૩% લોકો પાસે જ આકસ્મિક સંકટ માટે ઈમરજન્સી ફંડ તૈયાર છે.ભારતીયોમાં 'નિવૃત્તિ માટે આર્થિક આયોજન' માટે હજુ પણ વ્યાવસાયિક નાણાકીય સલાહકારો (Professional Advisors) પ્રત્યે ઉદાસીનતા જોવા મળે છે. ૭૦% લોકો કોઈ પણ એક્સપર્ટની સલાહ વગર રોકાણ કરે છે. ચિંતાજનક બાબત એ છે કે ૩૨% લોકો સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર્સની નાણાકીય સલાહને ચકાસ્યા વગર અનુસરે છે, જે ભવિષ્યમાં આર્થિક નુકસાન પહોંચાડી શકે છે.

## 2025માં બેન્કોએ સીડી મારફત વિક્રમી રૂપિયા 13 લાખ કરોડથી વધુ ઊભા કર્યા



### 2024માં બેન્કોએ રૂ. 12.34 લાખ કરોડ ઊભા કરાયા હતા, ધિરાણની સરખામણીએ થાપણ વૃદ્ધિ મંદ રહેતા બેન્કો સામે લિક્વિડિટીની સમસ્યા

મુંબઈ : થાપણ વૃદ્ધિ મંદ રહેતા વર્તમાન વર્ષમાં બેન્કોએ સર્ટિફિકેટ ઓફ ડિપોઝિટસ (સીડી) મારફત એકંદરે રૂપિયા ૧૩.૧૭ લાખ કરોડ ઊભા કર્યા છે જે આ રુટ મારફત ઊભી કરાયેલી અત્યારસુધીની સૌથી મોટી રકમ છે. બેન્કોમાં ધિરાણ વૃદ્ધિની સરખામણીએ થાપણ વૃદ્ધિ સતત મંદ રહેતા ધિરાણ જરૂરિયાતો પૂરી પાડવા બેન્કોએ વિવિધ માર્ગોએ ભંડોળ ઊભા કરવાની ફરજ પડી છે. બેન્કોમાં લિકવિડિટી પૂરવા રિઝર્વ બેન્ક દ્વારા વિવિધ પગલાં લેવામાં આવી રહ્યા છે. ૨૦૨૪માં સીડી મારફત બેન્કોએ રૂપિયા ૧૨.૩૪ લાખ કરોડ અને ૨૦૨૩માં રૂપિયા ૮.૨૦ લાખ કરોડ ઊભા કરાયા હતા. ૧૨ ડિસેમ્બરના સમાપ્ત થયેલા પખવાડિયામાં દેશના બેન્કિંગ વ્યવસ્થામાં ધિરાણ વૃદ્ધિ વાર્ષિક ધોરણે ૧૧.૭૦ ટકા રહી છે જેની સામે થાપણ વૃદ્ધિ મંદ પડી ૯.૭૦ ટકા પર આવી ગઈ છે.બચતકારોને અન્ય સાધનોમાં વધુ વળતર મળી રહેતા હોવાથી તેઓ થાપણો કરતા આ સાધનોમાં રોકાણ કરવાનું વધુ પસંદ કરી રહ્યા છે. જેને પરિણામે બેન્કોને થાપણ મેળવવામાં મુશ્કેલી પડી રહી હોવાનું એક બેન્કરે તાજેતરમાં જણાવ્યું હતું.રિઝર્વ બેન્ક દ્વારા વર્તમાન વર્ષમાં લોનના દરમાં ઘટાડો કરાતા પોતાના ઈન્ટરેસ્ટ માર્જિનને જાળવવા બેન્કાએ થાપણ પરના દર ઘટાડવાની ફરજ પડી રહી છે. સીડી મારફત નાણાં ઊભા કરવામાં ધસારો તથા તેના પરના દર પણ હાલમાં મક્કમ થઈ રહ્યા છે. સીડી ના દર હાલમાં ૬.૭૦ ટકા આસપાસ ચાલી રહ્યા છે.

## વિત્ત વર્ષ 2025માં

### અર્બન કૉઓપરેટિવ બેંકોની સકારાત્મક વૃદ્ધિ ચાલુ

અમદાવાદ : ભારતીય રિઝર્વ બેંક (RBI) ની ટ્રેન્ડ એન્ડ પ્રોગ્રેસ ઓફ બેંકિંગ ઇન ઇન્ડિયા રિપોર્ટ અનુસાર, વર્ષ 2025 માં અર્બન કૉઓપરેટિવ બેંકોનું પ્રદર્શન મજબૂત રહ્યું છે. આ દરમિયાન બેલેન્સશીટ વિસ્તરણ, ક્રેડિટ વૃદ્ધિમાં ઝડપ, નફામાં સુધારો, એસેટ ક્વોલિટી મજબૂત રહેવી અને કેપિટલ બેઝમાં વૃદ્ધિ નોંધાઈ છે.વિત્ત વર્ષ 2025 માં UCBs ની કન્સોલિડેટેડ બેલેન્સશીટ માં 4.4% ની વૃદ્ધિ થઈ છે, જે અગાઉના વિત્ત વર્ષના 4.0% કરતાં વધુ છે. ક્રેડિટ વૃદ્ધિ 6.7% સુધી પહોંચી છે, જે છેલ્લા છ વર્ષમાં સૌથી ઉંચા સ્તર પર છે, અને શેડ્યુલ્ડ તેમજ નોન-શેડ્યુલ્ડ બન્ને UCBs માં સુધારો જોવા મળ્યો છે. ડિપોઝિટ વૃદ્ધિ FY24 ના 4.1% થી વધીને 5.2% થઈ છે. આ પ્રગતિ H1 FY26 માં પણ ચાલુ રહી છે, સપ્ટેમ્બર 2025 સુધી ડિપોઝિટ વૃદ્ધિ 6.8% અને ક્રેડિટ વૃદ્ધિ 6.4% રહી. ક્રેડિટ-ડિપોઝિટ રેશિયો 63.3% સુધી વધ્યો, જે સુધારેલી ઈન્ટરમિડિએશન ક્ષમતા દર્શાવે છે.

સાંરેખિક રીતે, ક્ષેત્ર સતત કન્સોલિડેટ થઈ રહ્યું છે. માર્ચ 2025 સુધી 1,457 UCBs ઓપરેશનલ છે, જેમાં ટિયર 1 બેંકોનું હિસ્સો 57.5% છે. કુલ મળીને, UCBs માં ડિપોઝિટ 5.84 લાખ કરોડ અને એડવાન્સ 3.70 લાખ કરોડ સુધી પહોંચ્યા છે.

## અંબુજા સિમેન્ટ્સની એકીકૃત

### સીએસઆર પહેલથી મારવાડ મુંડવાના સમગ્ર પરિવારના ભવિષ્યમાં પરિવર્તન આવ્યું

અમદાવાદ : વિશ્વમાં 9માં ક્રમની સૌથી મોટી બિલ્ડિંગ મટિરિયલ્સ સોલ્યુશન્સ કંપની અને વૈવિધ્યસભર અદાણી પોર્ટફોલિયોનો હિસ્સો અંબુજા સિમેન્ટ્સ તેની ઈન્ટિગ્રેટેડ સીએસઆર પહેલો દ્વારા ગ્રામીણ લોકોના જીવનમાં પરિવર્તન લાવી રહ્યું છે. રાજસ્થાનના મારવાડ મુંડવાના મહેબૂબ અલી અને તેમના પરિવારની વાર્તા એક મજબૂત ઉદાહરણ છે કે કેવી રીતે કૌશલ્ય, આજીવિકાની તકો અને મૂળભૂત માળખાકીય સુવિધાઓ કાયમી પરિવર્તન લાવી શકે છે.મહેબૂબનો પરિવાર માત્ર 1 વીઘા (0.160 હેક્ટર) જમીનમાં વરસાદ આધારિત ખેતી ઉપર સંપૂર્ણપણે નિર્ભર હતો. પરિવારની મૂળભૂત જરૂરિયાતો પૂર્ણ કરવા માટે મહેબૂબે દૈનિક મજૂરી કામ પણ કર્યું હતું. પોતાની આજીવિકામાં સુધારો કરવા માટે મહેબૂબે વર્ષ 2025માં નાગૌર સ્થિત સ્કિલ એન્ડ આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ (એસઈડીઆઇ)માં ત્રણ મહિનાના 'મેસન ટ્રેનિંગ કોર્સ' માં પ્રવેશ મેળવ્યો હતો, જે અંબુજા સિમેન્ટ્સની સીએસઆર શાખા દ્વારા સમર્થિત હતો. ટ્રેનિંગ પૂર્ણ કર્યા બાત તેમણે નાના સિવિલ કોન્ટ્રાક્ટર તરીકે કામ કરવાનું શરૂ કર્યું અને ધીમે-ધીમે તેનો વ્યવસાય વધ્યો. આજે તેઓ દર મહિને લગભગ રૂ. 50,000ની કમાણી કરે છે.

## મહિન્દ્રા સસ્ટેને વર્ષ 2025માં

### 560 સોલર MWp સોલર એનર્જી પ્રોજેક્ટ્સ કાર્યરત કરીને યુટિલિટી-સ્કેલ રિન્યૂએબલ એનર્જીમાં નેતૃત્વ મજબૂત કર્યું

અમદાવાદ : અગ્રણી રિન્યુએબલ એનર્જી આઈપીપી (ઈન્ડિપેન્ડન્ટ પાવર પ્રોડ્યુસર) મહિન્દ્રા સસ્ટેને આજે જાહેરાત કરી હતી કે કંપનીએ કેલેન્ડર વર્ષ 2025માં 560 MWp સોલર ક્ષમતાને સફળતાપૂર્વક કાર્યરત કરી છે. આ મોટા યુટિલિટી સ્કેલ સોલર પાવર પ્રોજેક્ટ્સ કંપની દ્વારા વિકસિત અને કાર્યરત કરાયેલી એસેટની પ્રથમ બેચ છે. વર્ષ 2024ની શરૂઆતમાં કંપનીએ તેના કાર્યક્ષમ કેપિટલ લાઇટ બિઝનેસ મૉડેલ હેઠળ 1.54 GWp એસેટ સસ્ટેનેબલ એનર્જી ઇન્ફ્રા ટ્રસ્ટને વેચી દીધી હતી, જે મહિન્દ્રા સસ્ટેન દ્વારા કો-સ્પોન્સર્ડ InvIT છે.

આ પોર્ટફોલિયોમાં બે વ્યૂહાત્મક સ્થળે આવેલાં પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે - ગુજરાતમાં 280 MWp સોલર પ્લાન્ટ અને રાજસ્થાનમાં 280 MWp સુવિધા. આ બંન્ને પ્રોજેક્ટ્સ અનુક્રમે ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ (જીયુવીએનએલ) અને રાજસ્થાન ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ(આરયુવીએનએલ) 25 વર્ષના લાંબાગાળાના પાવર પર્ચેઝ એગ્રીમેન્ટ (પીપીએ) હેઠળ વીજળીને વેચી રહ્યા છે.

ગુજરાત અને રાજસ્થાનમાં આ પ્રોજેક્ટ્સ મળીને આશરે 2,000 એકરમાં ફેલાયેલા છે અને રાજ્ય ગ્રીડને વિશ્વસનીય યુટિલિટી-સ્કેલ પાવર પૂરો પાડવા માટે ડિઝાઈન કરવામાં આવ્યા છે.

## હોમલેન નફાકારકતામાં વધારો દર્શાવે છે

### વૃદ્ધિ માટે 100-સ્ટોર ફ્રેન્ચાઇઝ વિસ્તરણ યોજનાઓને વેગ આપે છે

અમદાવાદ : ભારતની અગ્રણી એન્ડ-ટુ-એન્ડ હોમ ઈન્ટેરિયર્સ પ્લેટફોર્મ હોમલેનએ નફાકારકતામાં વધારા સાથે નાણાંકીય વર્ષ 2024-25ને સમાપ્ત કર્યુ છે, જેણે FY25માં વાર્ષિક ધોરણે આવકમાં 22% વૃદ્ધિ હાંસલ કરી છે અને Q4માં EBITDAને સકારાત્મકતામાં રૂપાંતરીત કરી છે. આ વેગ પર આધાર રાખતા કંપનીએ મહત્ત્વના મેટ્રો માર્કેટ ઉપરાંત આગામી 12 મહિનામાં ફ્રંચાઇઝ આધારિત 100 નવા સ્ટોર્સ ખોલવાની પોતાની યોજનાને અમલમાં મુકી રહી છે. કંપનીનું ફ્રેન્ચાઇઝ નેટવર્ક બે મૉડેલ હેઠળ કાર્ય કરે છે: FOCO (ફ્રેન્ચાઇઝ-માલિકી, કંપની-સંચાલિત) અને તાજેતરમાં રજૂ કરાયેલ FOFO (ફ્રેન્ચાઇઝ-માલિકી, ફ્રેન્ચાઇઝ-સંચાલિત) મોડેલ. 2025માં, હોમલેનએ દેશભરમાં તેની ફ્રેન્ચાઇઝ હાજરીનો વિસ્તાર કર્યો હતો, 40થી વધુ શહેરોમાં 55,00થી વધુ ઘરો પૂર્ણ કર્યા અને દરરોજ લગભગ 30 ઘરો સ્થાપિત કર્યા હતા. મુંબઈ, બેંગલુરુ અને દિલ્હી-એનસીઆર જેવા મેટ્રોપોલિટન હબથી લઈને સિલિગુડી, જયપુર અને કોચી સહિતના ઉભરતા બજારો સુધી, ફ્રેન્ચાઇઝ-નેતૃત્વ મૉડેલે માલિકીના સોફ્ટવેર અને ક્યુરેટેડ સપ્લાય ચેઈન્સ દ્વારા સમર્થિત અનુમાનિત, ટેકનોલોજી-આધારિત આંતરિક ઉકેલોને સક્ષમ બનાવ્યા છે.હોમલેનના સીઈઓ અને સહ-સ્થાપક શ્રીકાંત ઐયરએ જણાવ્યું હતું કે, '2025 માં અમે જે પ્રગતિ કરી છે તે હોમલેનમાં વૃદ્ધિના આગામી તબક્કા માટેનો તબક્કો સુયોજિત કરે છે.

## દેશમાં કાર્ગો નેટવર્કના વિસ્તરણ

### રેલવે વિભાગ રૂ.1.5લાખ કરોડના ખર્ચે ત્રણ નવા કોરિડોરની સ્થાપના કરશે

(એજન્સી) નવી દિલ્હી | તા 31

ભારતીય રેલવેએ દક્ષિણ, પૂર્વ અને મધ્ય ભારતમાં હાઈ-સ્પીડ કાર્ગો નેટવર્કના વિસ્તરણ માટે ત્રણ નવા ફ્રેઈટ કોરિડોર સ્થાપવા તરફ નજર દોડાવી છે. જે બે ઓપરેશનલ લાઈનની સફળતા પર આધારિત છે. જેથી સતત રાષ્ટ્રવ્યાપી લોજિસ્ટિક્સ લૂપ બનાવી શકાય. એક અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે, ત્રણ નવી લાઈટો માટે વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ પૂર્ણ થઈ ગયા છે અને તેની ચકાસણી ચાલી રહી છે.નવા પ્રસ્તાવિત ફ્રેઈટ કોરિડોર (ડીએફસી)ની કુલ કિંમત આશરે રૂ.1.5 લાખ કરોડ હોવાનો અંદાજ છે. 2030 સુધીમાં નેશનલ રેલ પ્લાનનો ટાર્ગેટ છે કે, રેલવે કાર્ગોનો હિસ્સો કુલ લોજિસ્ટિક્સમાં વધારી 45 ટકા કરવામાં આવે. એક આંકડા મુજબ, ભારતમાં કુલ ટ્રાન્સપોર્ટમાં રેલવે કાર્ગોનો હિસ્સો 1990માં 60 ટકા હતો, જે 2020માં ઘટીને 25 ટકા થયો હતો. પણ કોરોના મહામારી બાદ સમર્પિત રેલવે કાર્ગો કોરિડોરને કારણે હિસ્સો વધીને 27 ટકા થયો હતો. ભારતમાં લોજિસ્ટિક ક્ષેત્રના વિસ્તરણ વચ્ચે રેલવેએ પણ કાર્ગોનો દાયરો વધારવાની યોજના હાથ ધરી છે. જે ત્રણ કોરિડોર વિચારણા હેઠળ છે, તેમાં ખડગપુરથી વિજયવાડા વચ્ચેના 1,115 કિ.મી. લાંબા ઈસ્ટ કોસ્ટ કોરિડોર, ભૂસાવલથી દાનકૂની વચ્ચેના 1,673 કિ.મી. લાંબા ઈસ્ટ-વેસ્ટ કોરિડોર અને વિજયવાડાથી નાગપુર-ઈટારસી વચ્ચેના 975 કિ.મી. લાંબા નોર્થ-સાઉથ સબ કોરિડોરનો સમાવેશ થાય છે. ટેકનિકલ શક્યતા, ટ્રાફિક ક્ષમતા અને ભંડોળની ઉપલબ્ધતાના આધારે ઓછામાં ઓછા એક કોરિડોરને પહેલા પસંદગી આપવામાં આવશે. રેલવે ફ્રેઈટ કોરિડોર એક સમપર્તિ વિકલ્પ છે, જે ખાસ કરીને કાર્ગોના ઝડપી પરિવહન માટે રચાયેલ છે. આ કોરિડોર અંગેની દરખાસ્ત આગામી કેન્દ્રીય બજેટમાં રજૂ કરવામાં આવે તેવી શક્યતા છે. પ્રસ્તાવિત યોજના હાલના પશ્ચિમના 1,506 કિ.મી. અને પૂર્વના 1,337 કિ.મી. કોરિડોરની પૂરક છે. 1,404 કિ.મી.ના પશ્ચિમ કોરિડોરનું હાલમાં સંચાલન કરવામાં આવી રહ્યું છે.

## ઈરાન આર્થિક કટોકટી ૨૦૨૫ | ૧ રૂપિયો = ૪૬૮ રિયાલ થતા નાના વેપારીઓની હાલત કફોડી

# રિયાલ તૂટતા અર્થતંત્ર કડાકા સાથે તૂટ્યું, બેંક વડાનું રાજીનામું



તહેરાન:પશ્ચિમ એશિયાના તેલ સમૃદ્ધ દેશ ઈરાનમાં છેલ્લા ત્રણ વર્ષથી ભભૂકી રહેલો આર્થિક અસંતોષ સોમવારે વિસ્ફોટક સ્થિતિમાં પહોંચ્યો છે. 'ઈરાન આર્થિક કટોકટી ૨૦૨૫' અત્યંત ગંભીર વળાંક પર છે, જ્યાં દેશની કરન્સી રિયાલના મૂલ્યમાં ઐતિહાસિક કડાકો જોવા મળ્યો છે. પરિસ્થિતિ એટલી હદે વણસી છે કે ઈરાનની સેન્ટ્રલ બેંકના ગવર્નર મોહમ્મદ સેકા ફર્ઝીને હાર માનીને પોતાના પદ પરથી રાજીનામું ધરી દીધું છે. આ 'ઈરાન કરન્સી રિયાલ કડાકો' સામાન્ય જનતા માટે જીવવું દુષ્કર બનાવી રહ્યો છે.સત્તાવાર આંકડાઓ મુજબ, ડિસેમ્બરમાં ઈરાનનો ફુગાવો ૪૨.૨ ટકાના સ્તરે પહોંચી ગયો છે, જે ગયા વર્ષની સરખામણીએ ૭૨ ટકા વધુ છે. કરન્સીનું મૂલ્ય ઘટતા જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવ આસમાને પહોંચ્યા છે.ચલણનું મૂલ્ય: ૧ અમેરિકી ડોલરની સામે રિયાલ સત્તાવાર રીતે ૪૨,૦૦૦ અને બજારમાં ૧.૪ મિલિયન સુધી પહોંચી ગયો છે. ભારતીય રૂપિયા સામે પણ ૧ રૂપિયો બરાબર ૪૬૮.૬૪ રિયાલનો સ્તર જોવા મળી રહ્યો છે.'ઈરાન સેન્ટ્રલ બેંક ગવર્નર રાજીનામું' આપ્યા બાદ લોકોનો ગુસ્સો ફાટી નીકળ્યો હતો. પાટનગર તહેરાનની ઐતિહાસિક 'ગ્રાન્ડ બઝાર' ના વેપારીઓએ દુકાનોના શટર પાડી દીધા હતા અને વિરોધ પ્રદર્શનમાં જોડાયા હતા. આ આક્રોશ માત્ર તહેરાન પૂરતો સીમિત ન રહેતા ઈસ્ફહાન, શિરાઝ અને મશદ જેવા મોટા શહેરોમાં પણ પ્રસરી ગયો છે. પ્રદર્શનકારીઓ અને પોલીસ વચ્ચે હિંસક ઝપાઝપી થઈ હતી, જેમાં ભીડને વિખેરવા પોલીસે ટીયર ગેસ, લાઠીચાર્જ અને અંતે ગોળીબારનો આશરો લેવો પડ્યો હતો. આ હિંસામાં અનેક લોકોના મોત થયા હોવાની આશંકા છે.મોહમ્મદ સેકા ફર્ઝીન ૨૦૨૨ માં જ્યારે ગવર્નર બન્યા ત્યારે ૧ ડોલરની કિંમત ૪.૩ લાખ રિયાલ હતી, જે આજે લાખોમાં પહોંચી ગઈ છે. અર્થતંત્રને સંભાળવામાં મળેલી નિષ્ફળતાને કારણે તેમણે પદ છોડવું પડ્યું છે. બીજી તરફ, માર્ચ મહિનાથી શરૂ થતા નવા વર્ષમાં સરકાર ટેક્સમાં વધારો કરી શકે છે તેવા અહેવાલોએ બળતામાં ઘી હોમવાનું કામ કર્યું છે. દેશમાં બેરોજગારી અને ગરીબી એટલી વધી ગઈ છે કે લોકો હવે આરપારની લડાઈ લડવા તૈયાર થયા છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, પોષ સુદ-13

# નવું વર્ષ 2026, ઘણા પ્રશ્નોના જવાબ આપશે

આગામી વર્ષ દેશના રાજકીય પરિદ્રશ્યને આકાર આપવામાં મહત્વપૂર્ણ સાબિત થશે. બંગાળ, આસામ, તમિલનાડુ, કેરળ અને પુડુચેરીમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાશે, જેમાં તમામ પક્ષો દાવ પર છે. સૌથી ધનાઢ્ય મ્યુનિસિપલ સંસ્થા, બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (BMC) માટે પણ ચૂંટણીઓ યોજાવાની છે. ખાલી પડી રહેલી રાજ્યસભાની કેટલીક બેઠકો માટે ચૂંટણીઓ પણ રાજકીય આંતરિક ઝઘડા તરફ દોરી શકે છે. આવતા વર્ષે અનેક રાજકીય કોયડાઓ પણ ઉકેલાશે. ઉદાહરણ તરીકે, શું દેશભરમાં નોંધપાત્ર રીતે વિસ્તરેલું ભાજપ પોતાના માટે અનુકૂળ પરિસ્થિતિઓ બનાવી શકશે અને રાજકીય રીતે બિનઅસરકારક સાબિત થઈ રહેલા રાજ્યોમાં પોતાનો પ્રભાવ વધારી શકશે? શું ભારત જોડો યાત્રા પછી ફરી એકવાર પાટા પરથી ઉતરી ગયેલી કોંગ્રેસ પાટા પર ફરી શકશે? શું અસ્તિત્વના સંકટનો સામનો કરી રહેલા ડાબેરી પક્ષો સત્તાના તેમના છેલ્લા ગઢને બચાવી શકશે? પ્રાદેશિક પક્ષોનું ભાવિ શું થશે? ભાજપની વાત કરીએ તો, વિધાનસભાની ચૂંટણીઓ નવા પ્રદેશોમાં પ્રવેશવાના તેના પ્રયાસોની સફળતાની પુષ્ટિ કરશે. ચૂંટણી યોજાનારા રાજ્યોમાંથી, ભાજપ ફક્ત આસામમાં જ સત્તા ધરાવે છે, અને તેના સમર્થિત સરકાર પુડુચેરીમાં સત્તા પર છે. જ્યારે આસામમાં દસ વર્ષથી સત્તામાં રહેલી ભાજપ પાસે સત્તામાં પાછા ફરવાની સારી તક છે, ત્યારે એ ચોક્કસ છે કે આ વખતે ગૌરવ ગોગોઈના નેતૃત્વ હેઠળની કોંગ્રેસ તરફથી તેને મજબૂત પડકારનો સામનો કરવો પડશે. જો કોંગ્રેસ રાજકીય કુશળતા દર્શાવે છે, તો ભાજપની શક્યતાઓ ખોરવાઈ શકે છે. બંગાળમાં તેના શ્રેષ્ઠ પ્રયાસો છતાં, પાર્ટી બીજા સ્થાને અટવાઈ ગઈ છે. રાજ્યમાં સત્તા પર મમતા બેનર્જીની મજબૂત પકડ ભાજપનો માર્ગ સરળ બનાવશે નહીં. જોકે, બિહારમાં તેની જીતથી ઉત્સાહિત, ભાજપ નવી ઉર્જા સાથે બંગાળની લડાઈમાં પ્રવેશવાની તૈયારી કરી રહી છે. એક વ્યૂહરચના તરીકે, તેણે બાંગ્લાદેશી ઘૂસણખોરીનો મુદ્દો પણ જોરશોરથી ઉઠાવવાનું શરૂ કર્યું છે. દક્ષિણમાં, કેરળ અને તમિલનાડુ ભાજપ માટે અપ્રાપ્ય રહ્યા છે. તેના શ્રેષ્ઠ પ્રયાસો છતાં, પાર્ટી 39 લોકસભા બેઠકો ધરાવતી તમિલનાડુમાં છેલ્લી લોકસભા ચૂંટણીમાં જીતવામાં નિષ્ફળ ગઈ. પરિણામે, તે તેના જોડાણ ભાગીદારો પર નિર્ભર છે. કેરળના દ્વિધ્રુવી રાજકારણમાં, ભાજપ હાલમાં ત્રીજો ધ્રુવ બનવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. જોકે, તિરુવનંતપુરમ નગર નિગમ ચૂંટણીમાં મળેલી જીતે તેને શક્તિ અને પ્રોત્સાહન આપ્યું છે. વિધાનસભા ચૂંટણીમાં પાર્ટી પોતાને કેટલી મજબૂતીથી પડકારશે તે જોવાનું બાકી છે. આગામી વર્ષ કોંગ્રેસ માટે ઓછું પડકારજનક રહેશે નહીં. આસામમાં પુનરાગમનની આશા રાખતી, કોંગ્રેસ બંગાળમાં લગભગ હાંસિયામાં ધકેલાઈ ગઈ છે. તમિલનાડુમાં, તે ડીએમકેની પાછળ રહી ગઈ છે. પાર્ટીની વાસ્તવિક આશા કેરળમાં છે, જ્યાં તે ડાબેરી મોરચા પાસેથી સત્તા છીનવી લેવાની રણનીતિ બનાવવામાં વ્યસ્ત છે. તાજેતરની નગર નિગમ ચૂંટણીઓમાં અણધારી સફળતા મળતાં પક્ષ માટે અનુકૂળ સંકેતો છે. જોકે, ભૂતકાળની ચૂંટણીઓમાં જીત ગુમાવવા માટે જાણીતી કોંગ્રેસને કેરળમાં નોંધપાત્ર પડકારોનો સામનો કરવો પડી રહ્યો છે. નેતૃત્વને લઈને પાર્ટીમાં ઝઘડો ચાલી રહ્યો છે. સ્થાનિક એકમમાં જૂથવાદ ઉપરાંત, રાજ્ય નેતૃત્વને તેના શક્તિશાળી મહાસચિવ કેસી વેણુગોપાલ વિશે પણ ચિંતા છે, જે જો સત્તામાં ચૂંટાય તો મુખ્યમંત્રી બનવાનો દાવો કરી શકે છે. એક સમયે રાજ્યમાં પાર્ટીનું સ્પષ્ટ નેતૃત્વ સ્થાન હતું.

## ખેડૂતોમાં ભારે આનંદ | PGVCL અને ગેટકોએ આપી લેખિત ખાતરી

# વિથોણના ખેડૂતોનો વિજય: 25 જાન્યુ.એ થશે 'કિસાન સૂર્યોદય'

મહેશ એલ.સોની | નખત્રાણા | તા.31

કહેવાય છે કે જ્યારે ધરતીનો છેડો ઘર ગણાય અને જગતનો તાત એક થાય, ત્યારે ગમે તેવું તંત્ર હોય તેને ઝૂકવું જ પડે છે. નખત્રાણા તાલુકાના વિથોણ વિસ્તારના ખેડૂતો માટે નવા વર્ષની સૌથી મોટી ભેટ આવી ગઈ છે. વર્ષોથી રાત્રિના ઉજાગરા કરી ખેતી કરતા ખેડૂતોની લાંબા સમયની વેદનાનો હવે અંત આવશે. ભારતીય કિસાન સંઘ અને વિથોણના ખેડૂતોની મક્કમ લડત રંગ લાવી છે. આગામી 25 જાન્યુઆરી સુધીમાં આ વિસ્તારમાં 'કિસાન સૂર્યોદય યોજના' કાર્યરત કરવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવતા ખેડૂતોમાં દિવાળી જેવો માહોલ સર્જાયો છે. આ સફળતાનો ખરો શ્રેય ભારતીય કિસાન સંઘ, વિથોણના મહામંત્રી શાંતિલાલ નાયાણીને જાય છે. તેમણે ખેડૂતોની પીડાને પોતાની પીડા ગણી સતત પીજીવીસીએલ (PGVCL) અને વહીવટી તંત્રના બારણાં ખખડાવ્યા હતા. જ્યારે અધિકારીઓ ટેકનિકલ કારણો આગળ ધરતા હતા, ત્યારે શાંતિલાલે તથ્યો સાથે મક્કમ રજૂઆત કરી હતી. વિથોણના એક-એક ખેડૂતે જે એકતા બતાવી છે, તે આજે સમગ્ર કચ્છ માટે મિસાલ બની છે. ખેડૂતોની આ હિંમત જોઈને જ તંત્રને પોતાની કામગીરી ઝડપી બનાવવાની ફરજ પડી છે. નખત્રાણા ડેપ્યુટી કલેક્ટર અને મામલતદારની અધ્યક્ષતામાં યોજાયેલી મહત્વની બેઠકમાં ગેટકો (GETCO) અને પીજીવીસીએલના અધિકારીઓએ લેખિત બાહેધરી આપી છે કે 25 જાન્યુઆરી પહેલા કામ પૂર્ણ થશે. હાલમાં સબ-સ્ટેશન ખાતે લાઈન બદલવાની કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. બજારમાં ચર્ચાઓ છે કે કિસાન સંઘનું દબાણ એટલું પ્રબળ હતું કે અધિકારીઓએ દિવસ-રાત એક કરીને કામ પતાવવાનું નક્કી કર્યું છે. હવે ખેડૂતોને કડકડતી ઠંડીમાં કે રાત્રિના અંધકારમાં ખેતરે જવું નહીં પડે. આ ઐતિહાસિક સિદ્ધિથી વિથોણ પંથકના ખેડૂતોમાં ભારે હર્ષોલ્લાસ જોવા મળી રહ્યો છે. ચાય-સમોસાની લારીઓ અને ગામના ચોરે બેઠેલા ખેડૂતો હવે દિવસે વીજળી મળવાના સપના જોઈ રહ્યા છે. ખેડૂતોએ શાંતિલાલ નાયાણી અને વહીવટી અધિકારીઓનો હૃદયપૂર્વક આભાર માન્યો છે. આ લડત સાબિત કરે છે કે જો અન્નદાતા સંગઠિત હોય, તો તે પોતાની સમસ્યાઓનો સૂર્યોદય પોતે જ લાવી શકે છે. આગામી 25 જાન્યુઆરીનો દિવસ વિથોણના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે.

# જૂનાગઢ વેટરનરી કોલેજમાં રેગિંગને 'નો એન્ટ્રી': વિદ્યાર્થીઓનો જંગ

જૂનાગઢ | શૈક્ષણિક સંસ્થાઓમાં વિદ્યાર્થીઓ વિદ્યા મેળવવા આવે છે, ભય નહીં. આ ઉમદા વિચાર સાથે જૂનાગઢની પ્રતિષ્ઠિત વેટરનરી કોલેજ, કામધેનુ યુનિવર્સીટી ખાતે રેગિંગ વિરોધી જાગૃતિ કાર્યક્રમનું શાનદાર આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પસમાં નવા આવતા વિદ્યાર્થીઓ આત્મવિશ્વાસ સાથે રહી શકે અને સિનિયર વિદ્યાર્થીઓ તેમને મિત્રતાપૂર્ણ સહકાર આપે તે હેતુથી આખું વાતાવરણ જાગૃતિમય બની ગયું હતું. કોલેજની દિવાલો આજે વિદ્યાર્થીઓએ બનાવેલા અર્થસભર પોસ્ટરોથી બોલી ઉઠી હતી કે, 'રેગિંગ એ ગુનો છે.'કાર્યક્રમ દરમિયાન યોજાયેલી પોસ્ટર મેકિંગ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ પોતાની પીંછીના લસરકે પરસ્પર સન્માન અને એકતાનું મહત્વ સમજાવ્યું હતું. બીજી તરફ, ક્વિઝ સ્પર્ધા દ્વારા વિદ્યાર્થીઓને રેગિંગ વિરોધી કડક કાયદાઓ અને UGCના નિયમોથી માહિતગાર કરવામાં આવ્યા હતા.

## જયરાજસિંહ ચાવડાના નેતૃત્વમાં હજારો હિંદુઓ રસ્તા પર ઉતરી આવ્યા

# બાંગ્લાદેશ મુર્દાબાદના નારાથી ગાજ્યું દેહગામ: ન્યાય માટે સંગ્રામ

(એજન્સી)દેહગામ | તા.31



સમગ્ર માનવતાને શર્મસાર કરી દે તેવી ઘટના જ્યારે સીમાપાર ઘટે છે, ત્યારે તેની પીડા દહેગામની ગલીઓમાં અનુભવાય છે. બાંગ્લાદેશમાં નિર્દોષ હિંદુ ભાઈ દીપુંચંદ્ર દાસની જે રીતે ક્રૂર હત્યા કરવામાં આવી, તેના પડઘા ગુજરાતના હૃદય સમાન ગાંધીનગર જિલ્લામાં પડ્યા છે. રાષ્ટ્રીય સનાતન સેના દ્વારા આયોજિત આ વિરોધ પ્રદર્શન માત્ર એક રેલી નહોતી, પણ દરેક સનાતનીના હૃદયમાં ભભૂકતો આક્રોશ હતો. ઘટનાનો કરુણ ચિતાર અને આક્રોશની જ્વાળા સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, રવિવારની સવાર દહેગામ માટે સામાન્ય નહોતી. 'બાંગ્લાદેશ મુર્દાબાદ' ના નારાઓથી આખું આકાશ ગુંજી ઉઠ્યું હતું. રાષ્ટ્રીય સનાતન સેનાના પ્રદેશ અધ્યક્ષ જયરાજસિંહ ચાવડાના માર્ગદર્શન હેઠળ આખું દહેગામ તાલુકા જાણે રસ્તા પર ઉતરી આવ્યું હતું. દીપુંચંદ્ર દાસની હત્યા એ માત્ર એક વ્યક્તિની હત્યા નથી, પણ સનાતન ધર્મ પર થયેલો આઘાત છે.

લોકોની આંખોમાં આંસુ હતા અને હૃદયમાં ન્યાયની તરસ. ગાંધીનગર જિલ્લા યુવા પ્રમુખ વનરાજસિંહ ચાવડા અને ઉપપ્રમુખ રણજીતસિંહ ચાવડાએ રેલીનું નેતૃત્વ સંભાળ્યું હતું. સંયોજક કેયુરભાઈ જાની અને દહેગામ તાલુકા પ્રમુખ કરણસિંહ ચૌહાણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે હવે સનાતની સમાજ ચૂપ નહીં બેસે. ઉપપ્રમુખ ધ્રુવીકસિંહ ચૌહાણ સાથે મોટી સંખ્યામાં હિંદુ કાર્યકર્તાઓ જોડાયા હતા. બજારમાં ચાય-સમોસાની લારીઓ પર થતી ચર્ચાઓ હવે આંદોલનનું સ્વરૂપ લઈ રહી છે.

## સુરતથી મહાકાલના શરણમાં

# રાજપીપળામાં આચાર્ય વિવેક ઋષિજીનું ભવ્ય સ્વાગત

ભરત શાહ | નર્મદા તા.31



ઠંડીના આ ગુલાબી સવારમાં જ્યારે સૂર્યના કિરણો નર્મદાના નીર પર રમી રહ્યા હતા, ત્યારે રાજપીપળાની સડકો પર એક અલગ જ ભક્તિમય માહોલ સર્જાયો હતો. સુરતની પવિત્ર ધરતીથી શિવધામ મહાકાલેશ્વર સુધીની કઠિન પદયાત્રાએ નીકળેલા પરિત્રન ગુરુકુલમના સ્થાપક આચાર્ય વિવેક ઋષિજી આજે જ્યારે રાજપીપળા આવી પહોંચ્યા, ત્યારે આખું શહેર જાણે તેમના સ્વાગતમાં પલક પાવડા બિછાવીને ઉભું હતું.

25 ડિસેમ્બરથી શરૂ થયેલી આ ભગીરથ યાત્રા 14 જાન્યુઆરીએ મહાકાલના ચરણે વિરામ લેશે. આ કોઈ સામાન્ય યાત્રા નથી, પણ આવનારી પેઢીને સંસ્કારી બનાવવાનો એક યજ્ઞ છે. આચાર્ય વિવેક ઋષિજીએ ખૂબ જ ગહન વાત કરી કે, 'જ્યારે ભારતના દરેક ઘરમાં પાંચ પાંડવો જેવા સંસ્કારી પુત્રો હશે, ત્યારે જ હિન્દુ ધર્મ અને સંસ્કૃતિ અજેય રહેશે.' સ્થાનિક સૂત્રોના જણાવ્યા મુજબ, આ યાત્રાનો મુખ્ય ઉદ્દેશ્ય પ્રાચીન ગુરુકુલ શિક્ષણ પદ્ધતિને પુનઃજીવિત કરવાનો છે, જેથી આપણી નવી પેઢી આત્મનિર્ભર અને રાષ્ટ્રભક્ત બને. આ ઋષિપરંપરાની સુવાસ આજે રાજપીપળાની ગલીઓમાં અનુભવાતી હતી. યાત્રામાં માત્ર ધર્મની વાતો જ નથી, પણ પીડિતો માટેની સંવેદના પણ છે.

## આરોપી ખેતરમાં લઈ જઈ મહિલાની પર બળાત્કાર ગુજારી ફરાર થયો

# રક્ષક બન્યો ભક્ષક : તિલકવાડામાં S.R.P. જવાને વિધવાને પીંખી નાખી

ભરત શાહ | નર્મદા તા.31



નર્મદા જિલ્લાના શાંત વાતાવરણમાં એક એવી ભયાનક અને હૃદયદ્રાવક ઘટના ઘટી છે, જેણે માનવતા અને કાયદાના રક્ષકો પરના વિશ્વાસને હચમચાવી દીધો છે. વિશ્વપ્રસિદ્ધ સ્ટેચ્યુ ઓફ યુનિટીની તદ્દન નજીક આવેલા તિલકવાડાના કારેલી ગામમાં, સમાજની સુરક્ષા માટે જેમના હાથમાં હથિયાર અપાયા છે, તેવા એક એસ.આર.પી જવાને પોતાની જ કૌટુંબિક વિધવા મહિલાની આબરૂના લીરેલીરા ઉડાડ્યા છે. આ કાળઝાળ કૃત્ય બાદ સમગ્ર પંથકમાં ભારે રોષ અને ઘૃણાની લાગણી ફેલાઈ ગઈ છે.

પીડિતા દ્વારા પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદની વિગતો વાંચતા જ રૂંવાડા ઉભા થઈ જાય તેમ છે. આ વિધવા મહિલા પોતાની એક્ટિવા લઈને ખેતરે જઈ રહી હતી, ત્યારે રસ્તામાં તેનો કૌટુંબિક જેઠ અને એસ.આર.પી જવાન રાકેશ રણછોડ બારીયા મળ્યો હતો. 'મારું ખેતર નજીક જ છે, મને બેસાડી જાવ' કહી વિશ્વાસ જીતીને તે એક્ટિવા પર બેઠો અને વરદીના જોરે મહિલા પાસેથી હેન્ડલ લઈ લીધું. તેને શું ખબર હતી કે જેને તે પોતાનો રક્ષક સમજી રહી છે, તે જ તેને નરકમાં ધકેલી દેશે. રાકેશ એક્ટિવાને અવાવરુ ખેતરમાં લઈ ગયો અને ત્યાં મહિલાની મરજી વિરુદ્ધ આસુરી અત્યાચાર ગુજાર્યો હતો.

દુષ્કર્મ આચર્યા પછી પણ આ નરાધમનું દિલ ન દ્રવ્યું. તેણે પીડિતાને અત્યંત ક્રૂર ધમકી આપતા કહ્યું કે, 'જો તેં આ વાત કોઈને કરી છે, તો તને જીવતી સળગાવી દઈશ.' એક તરફ વિધવા હોવાની લાચારી અને બીજી તરફ મોતનો ડર, છતાં પીડિતાએ હિંમત ભેગી કરી તિલકવાડા પોલીસના દ્વાર ખખડાવ્યા છે. સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, ગામમાં આ ઘટનાને લઈને ભારેલા અગ્નિ જેવી સ્થિતિ છે. લોકો પૂછી રહ્યા છે કે જો પોલીસ કે જવાન જ આવું કરશે તો દીકરી-બહેનો જશે ક્યાં?

# જૂનાગઢમાં નવા વર્ષની ઉજવણી પર તંત્રની બાજ નજર

નરેન્દ્ર દવે જૂનાગઢ તા.31

સમગ્ર વિશ્વ જ્યારે અંગ્રેજી નવા વર્ષ 2026 ના સ્વાગત માટે થનગની રહ્યું છે, ત્યારે જૂનાગઢ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા નાગરિકોની સુરક્ષાને ધ્યાને રાખીને અત્યંત મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. વર્ષના અંતિમ દિવસે અને નવા વર્ષની શરૂઆતમાં અતિશય આતશબાજીને કારણે સર્જાતા અકસ્માતો અને આગની ઘટનાઓ રોકવા માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા કડક જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આ આદેશ બાદ ગીરનારની તળેટીમાં ઉજવણી કરનારાઓ માટે નિયમોનું પાલન કરવું અનિવાર્ય બનશે. જાહેરનામા અનુસાર, તા. 31/12/2025 ની રાત્રે 23-55 કલાક થી તા. 01/01/2026 ના વહેલી સવારે 00-30 કલાક સુધી જ ફટાકડા ફોડવાની મંજૂરી આપવામાં આવી છે.

## રાયપુરથી કચ્છ પહોંચી ગૌ-સેવા | વતનથી દૂર પણ ગાયો માટે અખૂટ પ્રેમ

# રાયપુરમાં રહીને પણ કચ્છના પશુઓની પીડા હરતા વિનોદભાઈ રૂડાણી

મહેશ એલ.સોની | નખત્રાણા | તા.31



કચ્છની ધરતી પર જ્યારે સમાજના લોકો એકઠા થાય છે, ત્યારે સ્નેહ અને સંસ્કારની સુવાસ ચોમેર ફેલાય છે. નખત્રાણા તાલુકાના ધાવડા મોટા સ્થાનિક પાટીદાર સમાજ દ્વારા ગત રવિવારે એક એવો જ ભવ્ય અને હૃદયસ્પર્શી પિકનિક પ્રવાસ યોજાયો હતો, જેણે સામાજિક એકતાની નવી મિસાલ પેશ કરી છે. આ પ્રવાસમાં નાના ભૂલકાઓથી લઈને સફેદ દાઢીવાળા વડીલો સુધીના કુલ 85 જેટલા સભ્યોએ અત્યંત ઉત્સાહભેર ભાગ લીધો હતો. રવિવારની એ સવાર ધાવડા પાટીદારો માટે માત્ર ફરવાનો દિવસ નહીં, પણ એકબીજાને દિલથી મળવાનો અવસર બની રહ્યો હતો. પ્રવાસની શરૂઆત ભક્તિભાવ સાથે થઈ હતી. સૌપ્રથમ માનકુવા પાસે પ્રકૃતિના ખોળે બિરાજતા વિચેશ્વર મહાદેવ મંદિરના દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા. ત્યારબાદ પ્રવાસીઓનો કાફલો કોડકી અને મખણા વચ્ચે ઊંચાઈ પર સ્થિત હનુમાન ટેકરી પહોંચ્યો હતો. અહીંના આહલાદક વાતાવરણમાં વડીલોએ ભૂતકાળની વાતો તાજી કરી હતી, તો યુવાનો અને બાળકોએ કુદરતી સૌંદર્યનો આનંદ માણ્યો હતો. સ્થાનિક સૂત્રોના જણાવ્યા મુજબ, હનુમાન ટેકરી પરનો નજારો સૌના મન મોહી લેનારો હતો. આ પ્રવાસની સૌથી સુંદર કડી 'સમૂહ ભોજન' હતી. બપોરે વિચેશ્વર મહાદેવના સાનિધ્યમાં પંગત પડી હતી, જ્યાં સૌએ પ્રેમથી ભોજન લીધું હતું. બપોર પછી હનુમાન ટેકરી ખાતે અલ્પાહારની મોજ માણી હતી. બજારમાં ચર્ચાઓ છે કે આવા આયોજનોથી સમાજના સંબંધોમાં નવી તાજગી આવે છે. આ પ્રસંગે સમાજના પ્રમુખ રતનસીભાઈ પોકાર, મહામંત્રી રમેશભાઈ ડાયાણી અને મંત્રી હરિભાઈ પોકારની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. જીવરાજભાઈ પોકાર અને કરસનભાઈ જેવા વડીલોએ પોતાના અનુભવોનું ભાથું પીરસી યુવાનોને માર્ગદર્શન આપ્યું હતું. જાણકારોનું માનવું છે કે આટલા મોટા સમૂહનું વ્યવસ્થિત આયોજન એ ધાવડા પાટીદાર નવયુવક મંડળની સફળતા છે.

## ચંડી પાઠથી લઈ મહાપ્રસાદ સુધીના ત્રિવેણી સંગમમાં જોડાશે ભક્ત સમુદાય

# જૂનાગઢમાં ભક્તિનો મહાકુંભ: અંબાજી પાટોત્સવે યોજાશે ચંડી પાઠ અને ગરબા

નરેન્દ્ર દવે જૂનાગઢ તા.31

ગિરનારની તળેટીમાં વસેલા જૂનાગઢમાં જ્યારે ભક્તિ અને શક્તિનો સંગમ થાય છે, ત્યારે વાતાવરણ દિવ્ય બની જાય છે. આગામી પોષી પૂનમના પવિત્ર અવસરે અંબાજી માતાજીના પાટોત્સવ અને બાબાશ્રીના 'અમૃત મહોત્સવ'ની ભવ્ય ઉજવણીના ભાગરૂપે જૂનાગઢમાં ધાર્મિક કાર્યક્રમોની રેલમછેલ જોવા મળશે. શ્રી સાંઈ પરિવાર સેવા ટ્રસ્ટ અને શ્રી અંબાઈ ઓસમ ગ્રુપ દ્વારા આયોજિત આ મહોત્સવમાં મા શક્તિની આરાધના સાથે આખું શહેર ભક્તિમય બનશે. માઢ સ્ટ્રીટમાં આવેલા સાંઈ સુખ ધામ ખાતે યોજાનારા આ આયોજનને લઈને ભક્તોમાં અત્યારથી જ ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. તા. ૩/૧/૨૦૨૬, શનિવારના રોજ આયોજિત આ કાર્યક્રમની શરૂઆત બપોરે ૧:૩૦ વાગ્યે શાસ્ત્રોક્ત વિધિ મુજબ પૂજનથી થશે. ત્યારબાદ બપોરે ૨ થી ૫:૩૦ વાગ્યા સુધી વાઘેશ્વરી માતાજીના સાનિધ્યમાં 'હોમાત્મક ચંડી પાઠ'નું આયોજન કરવામાં આવ્યું છે. આ પાઠ દ્વારા વાતાવરણમાં શુદ્ધિ અને ભક્તિનો સંચાર થશે. સાંજે ૫:૩૦ કલાકે હવનનું બીડું હોમવામાં આવશે. સ્થાનિક સૂત્રોના જણાવ્યા મુજબ, આ હવનની વિશેષતા એ છે કે કોઈપણ ભક્ત તેમાં આહુતિ આપીને પુણ્યનું ભાથું બાંધી શકશે. સાંજે ૬ થી ૮ વાગ્યા દરમિયાન 'પથુભાઈના ગરબા'ની રમઝટ જામશે.

## પ્રકૃતિના સાનિધ્યમાં પાટીદારોની પિકનિક: 85 સભ્યોએ માણી પ્રવાસની મોજ

# ધાવડા પાટીદાર સમાજ દ્વારા શ્રદ્ધા અને ઉલ્લાસ સાથે પિકનિક પ્રવાસનું આયોજન

મહેશ એલ.સોની | નખત્રાણા | તા.31



કચ્છની ધરતી પર જ્યારે સમાજના લોકો એકઠા થાય છે, ત્યારે સ્નેહ અને સંસ્કારની સુવાસ ચોમેર ફેલાય છે. નખત્રાણા તાલુકાના ધાવડા મોટા સ્થાનિક પાટીદાર સમાજ દ્વારા ગત રવિવારે એક એવો જ ભવ્ય અને હૃદયસ્પર્શી પિકનિક પ્રવાસ યોજાયો હતો, જેણે સામાજિક એકતાની નવી મિસાલ પેશ કરી છે.

આ પ્રવાસમાં નાના ભૂલકાઓથી લઈને સફેદ દાઢીવાળા વડીલો સુધીના કુલ 85 જેટલા સભ્યોએ અત્યંત ઉત્સાહભેર ભાગ લીધો હતો. રવિવારની એ સવાર ધાવડા પાટીદારો માટે માત્ર ફરવાનો દિવસ નહીં, પણ એકબીજાને દિલથી મળવાનો અવસર બની રહ્યો હતો. પ્રવાસની શરૂઆત ભક્તિભાવ સાથે થઈ હતી. સૌપ્રથમ માનકુવા પાસે પ્રકૃતિના ખોળે બિરાજતા વિચેશ્વર મહાદેવ મંદિરના દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા. ત્યારબાદ પ્રવાસીઓનો કાફલો કોડકી અને મખણા વચ્ચે ઊંચાઈ પર સ્થિત હનુમાન ટેકરી પહોંચ્યો હતો. અહીંના આહલાદક વાતાવરણમાં વડીલોએ ભૂતકાળની વાતો તાજી કરી હતી, તો યુવાનો અને બાળકોએ કુદરતી સૌંદર્યનો આનંદ માણ્યો હતો.

સ્થાનિક સૂત્રોના જણાવ્યા મુજબ, હનુમાન ટેકરી પરનો નજારો સૌના મન મોહી લેનારો હતો. સામાજિક સમરસતા આ પ્રવાસની સૌથી સુંદર કડી 'સમૂહ ભોજન' હતી. બપોરે વિચેશ્વર મહાદેવના સાનિધ્યમાં પંગત પડી હતી, જ્યાં સૌએ પ્રેમથી ભોજન લીધું હતું. બપોર પછી હનુમાન ટેકરી ખાતે અલ્પાહારની મોજ માણી હતી. બજારમાં ચર્ચાઓ છે કે આવા આયોજનોથી સમાજના સંબંધોમાં નવી તાજગી આવે છે. આ પ્રસંગે સમાજના પ્રમુખ રતનસીભાઈ પોકાર, મહામંત્રી રમેશભાઈ ડાયાણી અને મંત્રી હરિભાઈ પોકારની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી.

# જૂનાગઢમાં ઉદ્યોગોનો નવો સૂર્યોદય કલેક્ટર રાણાવસિયાની વાઈબ્રન્ટ પહેલ

નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.31

ગિરનારની ગોદમાં વસેલું ઐતિહાસિક જૂનાગઢ હવે માત્ર પ્રવાસન જ નહીં, પણ ઉદ્યોગોના ક્ષેત્રે પણ ગર્જના કરવા તૈયાર છે. જિલ્લા કલેક્ટર શ્રી અનિલકુમાર રાણાવસિયાની પ્રેરણાથી આગામી 4 જાન્યુઆરીના રોજ 'જૂનાગઢ ડિસ્ટ્રિક્ટ વાઈબ્રન્ટ સમિટ'નું આયોજન થવા જઈ રહ્યું છે. આ સમિટ માત્ર આંકડાકીય કરારો પૂરતી સીમિત નહીં રહે, પરંતુ તેને વધુ 'સમાવેશી' બનાવીને નાનામાં નાના ઉદ્યોગકારને પણ પ્રગતિની મુખ્ય ધારામાં જોડવાનો કલેક્ટરશ્રીએ સંકલ્પ કર્યો છે. આ સમિટની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમાં 'ઓપન પ્લેટફોર્મ' પૂરું પાડવામાં આવ્યું છે. સામાન્ય રીતે આવી સમિટ માત્ર મોટા ઉદ્યોગપતિઓ પૂરતી મર્યાદિત હોય છે, પરંતુ શ્રી રાણાવસિયાની આ નવી પહેલને કારણે હવે નાના વ્યવસાયકારો અને સ્ટાર્ટઅપ્સ પણ પોતાના ધંધાને વિસ્તારવા માટે યોગ્ય માર્ગદર્શન અને પ્રોત્સાહન મેળવી શકશે. સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, આ પગલાથી જિલ્લાના કુટીર ઉદ્યોગો અને લઘુ ઉદ્યોગોમાં એક નવો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. દરમિયાન વિવિધ ઔદ્યોગિક વિષયો પર નિષ્ણાતો દ્વારા સેમિનાર યોજવામાં આવશે. આ સેમિનારમાં ઉદ્યોગકારોને નવી ટેકનોલોજી, માર્કેટિંગ સ્ટ્રેટેજી અને સરકારી સહાય અંગે જરૂરી પરામર્શ આપવામાં આવશે. એટલું જ નહીં, જિલ્લાના ઔદ્યોગિક વિકાસને નવી ગતિ આપવા માટે મહત્વપૂર્ણ MOU પણ કરવામાં આવશે.

## વારસાના લાખો રૂપિયા સમાજહિત માટે યક્ષદેવ ટ્રસ્ટને અર્પણ કર્યા

# નખત્રાણાની બે દીકરીઓએ રચ્યો ઈતિહાસ પિતાનો વારસો પરમાર્થને ચરણે કર્યો

નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.30



આજના ભૌતિકવાદી યુગમાં જ્યાં લોકો પાઈ-પાઈ માટે કોર્ટ-કચેરીના પગથિયાં ઘસે છે, ત્યારે નખત્રાણાની ધરતી પર માનવતાનો એક એવો ઉજાસ પથરાયો છે જે જોઈને પથ્થર દિલના માણસની આંખો પણ ભીની થઈ જાય. સ્વ. ધનબાઈ ખેંગારભાઈ કેશરભાઈ સુઈયા (વાંઢ) ની બે સુપુત્રીઓએ પિતાના વારસામાં મળેલા લાખો રૂપિયાને પોતાના સુખ-સાહેબી માટે વાપરવાને બદલે સમાજની સેવામાં હોમી દીધા છે. આ ઘટના માત્ર દાનની વાત નથી, પણ પિતૃભક્તિ અને ગૌરવશાળી સંસ્કારોનું પ્રતીક છે. ગત સોમવારે, તા. 29-12-2025 ના રોજ ગંગાબેન કરશનભાઈ સાકરીયા (જખણીયા) અને કમળાબેન અરવિંદભાઈ વાઘેલાએ પોતાના પિતા પાસેથી મળેલી કુલ રકમ રૂ. 11,47,833/- શ્રી સુરભીટ વાળા યક્ષદેવ ચેરીટેબલ ટ્રસ્ટને દાનમાં આપી દીધી છે. કલિયુગમાં જ્યારે વ્યક્તિગત સ્વાર્થ સર્વોપરી છે, ત્યારે આ બંને બહેનોએ સાબિત કરી દીધું કે 'ગામની નિયાણી' હંમેશા આશીર્વાદરૂપ જ હોય છે. બજારમાં અને ચોરે-ચૌટે આ ઉમદા કાર્યની ચર્ચાઓએ જોર પકડ્યું છે. સ્થાનિક સૂત્રોના જણાવ્યા મુજબ, આ બન્ને બહેનોએ માન્યું કે લક્ષ્મી તો આવે અને જાય, પણ પિતાના નામે થયેલું સેવાકાર્ય પેઢીઓ સુધી અમર રહેશે. આ રકમનો ઉપયોગ સમાજહિત અને જનકલ્યાણ માટે કરવામાં આવશે. યક્ષદેવ ચેરીટેબલ ટ્રસ્ટના સંચાલકોએ આ ઉદારતા જોઈને ગદગદિત થઈ ગયા હતા. તેમણે જણાવ્યું કે, 'આ દાન નથી, પણ એક દીકરીની શ્રદ્ધાનો દીવો છે જે ભાવિ પેઢી માટે માર્ગદર્શક બનશે.' આ સમાચાર સાંભળીને આસપાસના ગામોમાં પણ લોકો આ બહેનોની હિંમત અને સંસ્કારને વંદન કરી રહ્યા છે. જાણકારોનું કહેવું છે કે સંપત્તિ કરતાં સંસ્કારનું મૂલ્ય ઘણું ઊંચું છે તે વાત આ પ્રસંગે ચરિતાર્થ કરી છે.

# જૂનાગઢમાં 'માર્ગ સલામતી માસ'નો પ્રારંભ: તમારું જીવન તમારી સુરક્ષા

નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.31

માર્ગ અકસ્માતોમાં હોમાતા નિર્દોષ જીવોને બચાવવા અને નાગરિકોમાં ટ્રાફિક શિસ્ત કેળવવા માટે જૂનાગઢ જિલ્લો સજ્જ બન્યો છે. આગામી જાન્યુઆરી-૨૦૨૬ના સમગ્ર માસને 'રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ' તરીકે ઉજવવાનો વહીવટી તંત્રએ નિર્ધાર કર્યો છે. પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી અને પોલીસ તંત્રના સંયુક્ત ઉપક્રમે યોજાનારા આ અભિયાનનો મુખ્ય હેતુ જૂનાગઢના રસ્તાઓને સુરક્ષિત બનાવવાનો છે. ગિરનારના પહાડો હોય કે શહેરની સાંકડી ગલીઓ, હવે દરેક વાહનચાલકે સુરક્ષાના નિયમોને પવિત્ર ફરજ માનવી પડશે. ૧લી જાન્યુઆરીએ ઉદ્‌ઘાટન સમારોહ અને ભવ્ય રેલી સાથે આ અભિયાનનો શંખનાદ થશે. આ અભિયાનની સુંદરતા એ છે કે તેમાં માત્ર દંડ નહીં, પણ પ્રેમથી સમજાવવાની કોશિશ છે. ૨જી જાન્યુઆરીએ નિયમો પાળનારા ચાલકોને ગુલાબ આપી સન્માનિત કરાશે. આ સિવાય ડ્રાઈવરો માટે આંખની તપાસના કેમ્પ, વાહનો પર રેડિયમ રિફ્લેક્ટર લગાવવા અને ગ્રામ્ય સ્તરે મોણીયા, માણેકવાડા અને પત્રાપસર જેવા ગામોમાં ગ્રામસભાઓ યોજીને છેવાડાના માનવી સુધી આ સંદેશ પહોંચાડવામાં આવશે. સ્થાનિક સૂત્રોના જણાવ્યા મુજબ, યુવા પેઢીમાં જાગૃતિ લાવવા માટે શાળાઓ અને કોલેજોમાં સતત કાર્યક્રમો યોજાશે.

## અનોખી પહેલ | ઈન્ટરવ્યૂના ડરને ભગાવો અને નોકરી મેળવો

# રાજપીપળાની મહિડા કોલેજમાં સફળતાનો મહામંત્ર ગુંજ્યો

ભરત શાહ | નર્મદા તા.31



આજના ગળાકાપ સ્પર્ધાના યુગમાં માત્ર પુસ્તકીયું જ્ઞાન પૂરતું નથી, પરંતુ વ્યવહારુ કૌશલ્ય એટલે કે 'સોફ્ટ સ્કિલ' એ સફળતાની ચાવી છે. રાજપીપળાની પ્રતિષ્ઠિત શ્રી રત્નસિંહજી મહિડા કોમર્સ કોલેજ દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અને તેમની કારકિર્દીને નવી ઊંચાઈઓ પર લઈ જવાના મિશન સાથે એક દિલધડક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજ કેમ્પસમાં આજે ભણતરની સાથે ગણતરનો એવો માહોલ જામ્યો હતો કે જાણે દરેક વિદ્યાર્થી પોતાની મંઝિલ તરફ પહેલું ડગલું ભરી રહ્યો હોય. કોલેજના પ્રિન્સિપાલ ડો. હિતેશ ગાંધીના દીર્ઘદ્રષ્ટિપૂર્ણ માર્ગદર્શન હેઠળ આ સેમિનાર યોજાયો હતો. કાર્યક્રમના પ્રારંભમાં તેમણે વિદ્યાર્થીઓને હૃદયસ્પર્શી શૈલીમાં સમજાવ્યું હતું કે, નોકરી મેળવવા માટે રિઝ્યુમ એ તમારો અરીસો છે અને ઈન્ટરવ્યૂમાં તમારી અભિવ્યક્તિ જ તમારી ઓળખ છે. જો તમે તમારી વાતને સ્પષ્ટતાથી રજૂ ન કરી શકો તો ડિગ્રીના કાગળો માત્ર કાગળ જ રહી જાય છે.

આ વાત વિદ્યાર્થીઓના હૃદયમાં ઉતરી ગઈ હતી. કરિયર સેન્ટરના એક્સપર્ટ ઉર્વશીબેન વાંસદિયા અને ધ્રુવભાઈએ ઈન્ડસ્ટ્રી લેડ એમ્પ્લોયમેન્ટ ફેસિલિટીટી સેન્ટરના માધ્યમથી વિદ્યાર્થીઓને વ્યવહારુ ઉદાહરણો આપીને મંત્રમુગ્ધ કરી દીધા હતા. રિઝ્યુમ અને સી.વી. વચ્ચેનો તફાવત, અરજી કરવાની રીત અને ઈન્ટરવ્યૂ ટેબલ પર આત્મવિશ્વાસ કેવી રીતે જાળવવો, તે અંગેની બારીક માહિતી આપવામાં આવી હતી.

### લાખાણી પરિવારના શ્યામની જાન અને માનવતાનું દાન

# જૂનાગઢના વેપારીનો પુત્રના લગ્નનો ચાંલ્લો વનવાસી બાળકોના નામે

નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.31

શ્રીમદ્ ભગવદ્ ગીતાનો ઉપદેશ છે કે 'જીવસેવા એ જ માધવ સેવા છે.' આ ઉક્તિને જૂનાગઢના જોષીપરા વિસ્તારમાં રહેતા અને માર્કેટિંગ યાર્ડમાં ખેતજણસોના વેપાર સાથે સંકળાયેલા ખેડૂત પુત્ર રોહિતભાઈ લાખાણીએ સાર્થક કરી બતાવી છે. સામાન્ય રીતે લગ્ન પ્રસંગોમાં લાખોનો ધુમાડો થતો હોય છે, ત્યારે લાખાણી પરિવારે પોતાના પુત્ર શ્યામના લગ્નમાં મળેલી ભેટ-સોગાદો અને ચાંલ્લાની રકમને પોતાના મોજ-શોખમાં વાપરવાને બદલે સમાજના છેવાડાના માનવીના ઉત્થાન માટે વાપરવાનો સંકલ્પ કર્યો છે.



થોડા સમય પૂર્વે જ સંપન્ન થયેલા આ શુભ લગ્ન પ્રસંગે સગા-સ્નેહીઓ તરફથી સામાજિક રસમ મુજબ મળેલી ચાંલ્લાની રકમમાંથી રૂ. 25,000 નો ચેક રોહિતભાઈએ 'શ્રી ગુજરાત વનવાસી કલ્યાણ પરિષદ' ને અર્પણ કર્યો છે. આ રાશિનો ઉપયોગ વનક્ષેત્રમાં વસતા જરૂરિયાતમંદ પરિવારો અને બાળકોના શિક્ષણ તેમજ આરોગ્ય માટે કરવામાં આવશે. વનવાસી કલ્યાણ પરિષદના અધ્યક્ષ ડો. પી. વી. સોજીત્રા અને તેમની ટીમે આ ઉમદા કાર્યને બિરદાવ્યું હતું.

વનવાસી કલ્યાણ પરિષદના રાજ્ય એકમના પ્રમુખ જેન્તીભાઈ પટેલ અને ચંદ્રકાન્તભાઈ રાવલાણીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, 'સેવા કરવાથી ક્યારેય નુકસાન થતું નથી, પણ જે આત્મસંતોષ મળે છે તે અલૌકિક હોય છે.' રોહિતભાઈ લાખાણીએ સાબિત કર્યું છે કે કર્તાપણાના ભાવને છોડીને જ્યારે વ્યક્તિ સમાજ પ્રત્યેનું ઋણ અદા કરે છે, ત્યારે તેનું જીવન ખરેખર સાર્થક બને છે. બજારમાં અને ચોરે-ચૌટે આ દાનની ચર્ચાઓ છે, કારણ કે આમાં માત્ર નાણાં નથી, પણ શુદ્ધ માનવતાનો ભાવ છલકાય છે.

## સાવરકુંડલા શ્રી લલ્લુભાઈ આરોગ્ય મંદિર ખાતે નિઃશુલ્ક સારવાર કેમ્પ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ તા.31

સાવરકુંડલા શહેરમાં આવેલ શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર ખાતે અમેરિકાનાસુપ્રસિદ્ધમનોચિકિત્સક ડો. ભુપેન્દ્રભાઈ રાજપુરા દ્વારા નિશુલ્ક મનોચિકિત્સા નિદાન તથા સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પ તારીખ ૨૨-૧૨-૨૦૨૫ થી ૧૧-૧-૨૦૨૬ સુધી યોજાનાર છે.આ કેમ્પ દરમિયાન માનસિક તણાવ, ઉદાસીનતા, ચિંતા, ઊંઘની સમસ્યા સહિત વિવિધ માનસિક તકલીફોથી પીડાતા દર્દીઓને સંપૂર્ણ નિશુલ્ક નિદાન અને સારવાર આપવામાં આવી રહી છે. નોંધનીય બાબત એ સંપૂર્ણ નિશુલ્ક નિદાન અને સારવાર આપવામાં આવી રહી છે. નોંધનીય બાબત એ છે કે અહીં દવાઓ પણ સંપૂર્ણ નિશુલ્ક આપવામાં આવે છે.ડો. ભુપેન્દ્રભાઈ રાજપુરાનો સંક્ષિપ્ત પરિચય. ડો. રાજપુરા છેલ્લા ૪૦ વર્ષથી અમેરિકા ખાતે મનોચિકિત્સક તરીકે સેવા આપી રહ્યા છે. અમેરિકામાં તેમની એપોઈન્ટમેન્ટ મેળવવા માટે સામાન્ય રીતે ત્રણ-ત્રણ મહિના સુધી રાહ જોવી પડે છે.

### એમ.આર. વિદ્યાલયમાં મેદાન ગુંજ્યું હર્ષનાદથી

# રાજપીપળાની M.R. વિદ્યાલયમાં લીંબુ-ચમચીથી લઈ કબડ્ડી સુધીની રસાકસી

ભરત શાહ | નર્મદા તા.31



કહેવાય છે કે દેશનું ભવિષ્ય રમતગમતના મેદાનમાં ઘડાય છે. આ ઉક્તિને સાર્થક કરતા રાજપીપળાની સુપ્રસિદ્ધ શ્રી એમ. આર. વિદ્યાલયમાં વાર્ષિક રમતોત્સવની અત્યંત ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. આચાર્ય શ્રી યોગેશકુમાર વસાવાના કુશળ માર્ગદર્શન હેઠળ આયોજિત આ ઉત્સવે વિદ્યાર્થીઓમાં નવી ઊર્જા અને તાજગી ભરી દીધી હતી. રોજિંદા પુસ્તકીયા જ્ઞાનથી દૂર, આજે શાળાના મેદાન પર સ્મિત, પરસેવો અને વિજયનો સંગમ જોવા મળ્યો હતો.

રમતોત્સવમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના સેંકડો વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. મેદાન પર કબડ્ડી, ખો-ખો, વોલીબોલ અને ક્રિકેટ જેવી મેદાની રમતોમાં ભારે રસાકસી જોવા મળી હતી. આ સાથે જ મનોરંજક રમતો જેવી કે લીંબુ-ચમચી, કોથળા દોડ, સંગીત ખુરશી, લોટમાંથી સિક્કા શોધવા અને સ્લો સાયકલિંગ જેવી સ્પર્ધાઓએ આકર્ષણ જમાવ્યું હતું. વિદ્યાર્થીનીઓ માટે ખાસ ચેસ, બેડમિન્ટન અને મેમરી ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. દરેક સ્પર્ધામાં હાર-જીત કરતા પણ 'ખેલદિલી' અને 'સમૂહભાવના' સર્વોપરી રહી હતી.


સમગ્ર દિવસ દરમિયાન શાળાનું મેદાન વિદ્યાર્થીઓના હર્ષનાદથી ગુંજી ઉઠ્યું હતું. જ્યારે કોઈ ખેલાડી વિજય મેળવતો, ત્યારે તેના મિત્રોના તાળીઓના ગડગડાટથી આખું વાતાવરણ જીવંત બની જતું. શિક્ષકોએ પણ રેફરી તરીકે તટસ્થ ભૂમિકા ભજવી હતી. માત્ર મેદાન પર જ નહીં, પણ વિદ્યાર્થીઓના હૃદયમાં એક અનોખો સંતોષ જોવા મળતો હતો. બાળકોના નિખાલસ હાસ્યએ ઉપસ્થિત વાલીઓ અને અગ્રણીઓના મન મોહી લીધા હતા.

વિદ્યાર્થીઓના પ્રોત્સાહન માટે શાળાના શિક્ષક ભુપતિસિંહ વસાવા દ્વારા નાસ્તાની અને શ્રી જયેશ મહંત, આર.વી. પટેલ, આર.પી. પટેલ તથા શીતલબેન દ્વારા તમામ બાળકો માટે પૌષ્ટિક અને સાત્વિક ભોજનની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

## NEWS BRIEF

### જૂનાગઢમાં નવા ઉદ્યોગોનું આગમન : 4 જાન્યુઆરીએ વાઈબ્રન્ટ સમિટનો હુંકાર

જૂનાગઢ: ગિરનારની પવિત્ર ધરતી હવે માત્ર ભક્તિનું જ નહીં, પણ શક્તિશાળી અર્થતંત્રનું કેન્દ્ર બનવા જઈ રહી છે. જિલ્લા કલેક્ટર શ્રી અનિલકુમાર રાણાવસિયાની આગેવાની હેઠળ આગામી 4 જાન્યુઆરીના રોજ 'જૂનાગઢ ડિસ્ટ્રિક્ટ વાઈબ્રન્ટ સમિટ'નું ભવ્ય આયોજન થવા જઈ રહ્યું છે. આ સમિટનો મુખ્ય ઉદ્દેશ્ય જૂનાગઢ જિલ્લામાં ઔદ્યોગિક મૂડીરોકાણ વધારીને સ્થાનિક યુવાનો માટે રોજગારીના નવા દ્વાર ખોલવાનો છે. વર્ષ 2025 ના અંતિમ દિવસે મળેલી સમીક્ષા બેઠકમાં કલેક્ટરશ્રીએ જૂનાગઢના સર્વાંગી વિકાસ માટેનો માસ્ટર પ્લાન રજૂ કર્યો હતો. બેઠક દરમિયાન કલેક્ટર શ્રી રાણાવસિયાએ સ્પષ્ટ કર્યું હતું કે જૂનાગઢમાં ટુરિઝમ, રિલીજીયસ ટુરિઝમ અને એગ્રો પ્રોસેસિંગ જેવા ક્ષેત્રોમાં રોકાણની વિપુલ તકો રહેલી છે. આ સાથે મેડિકલ અને રિયલ એસ્ટેટ જેવા સેક્ટરમાં પણ મોટા પાયે એમઓયુ (MOU) થાય તે માટે તેમણે અધિકારીઓને કડક સૂચના આપી છે. સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, આ સમિટ દ્વારા જૂનાગઢની વર્ષો જૂની ઓળખ સમાન પ્રોડક્ટ્સને નવું બજાર મળશે અને 'સ્ટાર્ટઅપ ઈનોવેશન' દ્વારા યુવાનો પોતાના નવા વિચારોને વાસ્તવિકતામાં બદલી શકશે.




### આંકોલવાડી કન્યાશાળાના શિક્ષક નિશાંતભાઈ મહેતાનું સુરત ખાતે બહુમાન

જૂનાગઢ | ઘણા સમયથી સૂરત ખાતે વસતા તાલાળા તાલુકાના આંકોલવાડી ગીર ગામના સમસ્ત પરિવારજનો ના માણસાઈના મેળાનો 23મો સ્નેહમિલન અને માનવવિકાસ મહોત્સવ વર્ષ 2025 ભવ્ય રીતે તાજેતરમાં યોજાયેલ, આ સ્નેહ મિલન સમારંભમાં તાલાળા તાલુકાનું શ્રેષ્ઠ શિક્ષક તરીકેનું રાજ્ય સરકારશ્રીનુ સન્માન મેળવનારા આંકોલવાડી કન્યા શાળાના શિક્ષકશ્રી નિશાંતભાઈ એમ. મહેતાનું વિશિષ્ટ રીતે સન્માન કરવામાં આવ્યું ત્યારે તાળીઓના ગડગડાટથી મંડપ ગાજી ઊઠ્યો હતો. આ વિશીષ્ટ સન્માનમા સાફો પહેરાવી, સંસ્થાનો ખેસ પહેરાવી , સન્માન પત્ર આપી સન્માનિત કરવામાં આવેલ તેનો પ્રતિભાવ આપતાં શ્રી નિશાંતભાઈએ જણાવ્યુ હતુ કે, આ સન્માન મારું એકનું સન્માન નથી, પરંતુ મારી શાળાના તમામ શિક્ષકશ્રીઓ અને ખાસ કરીને વ્હાલાં તેજસ્વી બાળકોનું સન્માન છે. આ સન્માન સમારોહમા આંકોલવાડી ગીરની સમગ્ર ટીમ, તથા શ્રી અરવિંદભાઈ હિરપરા, પ્રમુખશ્રી, વિપુલભાઈ, મંત્રીશ્રી અલ્પેશભાઈ એ ખાસ ઉપસ્થિત રહી શ્રી નિશાંતભાઈ મહેતાને અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી અદકેરું સન્માન કરવામાં આવ્યું હતું.



### કચ્છમાં આસ્થાનો અનોખો સંગમ: મારૂ કંસારા સોની જ્ઞાતિ ઉજવશે કુળદેવીનો પાટોત્સવ

નખત્રાણા | કચ્છની ધરા પર જ્યારે પરંપરા અને શ્રદ્ધાનો મેળાપ થાય છે ત્યારે વાતાવરણ દિવ્ય બની જાય છે. શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ દ્વારા દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ કુળદેવી શ્રી કાલિકા માતાજીનો પાટોત્સવ અત્યંત ધામધૂમ અને ઉમંગ સાથે ઉજવવાનું આયોજન કરવામાં આવ્યું છે. સવંત 2081 પોષ સુદ ચૌદસને શુક્રવાર, તા. 2/1/2026 ના રોજ સમગ્ર કચ્છ જિલ્લો મા કાલિકાના જયઘોષથી ગુંજી ઉઠશે. આ દિવસે સોની સમાજ પોતાની વર્ષો જૂની સંસ્કૃતિને ઉજાગર કરતા વિવિધ ધાર્મિક કાર્યક્રમોમાં જોડાશે. આ પાટોત્સવની ઉજવણી માત્ર એક સ્થળ પૂરતી મર્યાદિત નથી. ભુજ, માધાપર, અંજાર, નખત્રાણા, માંડવી, દયાપર, રવાપર, નેત્રા, નલિયા, કોઠારા અને ગઢશીશા સહિતના તમામ નાના-મોટા શહેરો અને ગામોમાં જ્ઞાતિજનો દ્વારા ભવ્યાતિભવ્ય આયોજનો કરવામાં આવ્યા છે. ભક્તિની આ સરવાણીમાં હવન, આકર્ષક શોભાયાત્રા અને રાત્રિના સમયે મહા આરતીના દર્શનનો લ્હાવો ભક્તો માટે અવિસ્મરણીય રહેશે. આ પવિત્ર દિવસે જ્ઞાતિની એકતાના દર્શન કરાવતા સમૂહ ભોજનનું પણ આયોજન છે. સોની સમાજ માટે આ દિવસ શક્તિની ભક્તિનો દિવસ છે. આ દિવસે સમગ્ર કચ્છમાં મારૂ કંસારા સોની જ્ઞાતિના તમામ સભ્યો પોતાના કામકાજ અને વેપારથી અળગા રહી પાંખી પાળશે (રજા રાખશે). બજારમાં સોનીઓની દુકાનો બંધ રહેશે અને દરેક જ્ઞાતિજન પરિવાર સાથે માતાજીના ચરણોમાં વંદન કરવા પહોંચશે.



### ગરુડેશ્વરની પિન્ટુલાલા વિદ્યામંદિર બોરિયાની ટીમ રાજ્યકક્ષાના કલા મહાકુંભમાં પહોંચી




નર્મદા | રાજ્યમાં કલા મહાકુંભ ની વિવિધ સ્પર્ધાઓ યોજાઈ રહી છે.જેમાં ગરુડેશ્વર તાલુકા ના બોરિયા ગામની પિન્ટુલાલા વિદ્યામંદિર ની ટીમ આદિવાસી લોક નૃત્ય ની કૃતિ લઈને પહોંચી હતી. તાલુકા જિલ્લાની સ્પર્ધાઓ ને પ્રથમ લાવી હવે રાજ્ય કક્ષાએ ભાગ લેવા જશે. દ.ગુજરાત પ્રદેશ કલા મહાકુંભ 2025-26માં પીન્ટુ લાલા વિદ્યામંદિર બોરીયાના વિદ્યાર્થીઓ લોક નૃત્યમાં પ્રથમ સ્થાન મેળવી રાજ્ય કક્ષામાં ભાગ લેશે, ગુજરાતના 4 ઝોનમાંથી કુલ 8 ટીમ હશે તેમાં નર્મદા ગરૂડેશ્વરની પીન્ટુલાલા સ્કૂલના બાળકો લોકનૃત્યની કૃતિ રજૂ કરશે.લોક નૃત્ય ની કૃતિ શિક્ષક પ્રકાશભાઈ તડવી એ કરાવી જે રાજ્યમાં પણ પ્રથમ નંબર લાવશે એવી સૌ એ શુભેચ્છાઓ આપી હતી.

# લીમખેડા ખાતે શ્રી હસ્તેશ્વર સ્કૂલ દ્વારા સ્પોર્ટ-ડેની ભવ્ય ઉજવણી કરવામાં આવી

દિપક રાવલ | દાહોદ તા.31

લીમખેડાની શ્રી હસ્તેશ્વર સ્કૂલ ખાતે સ્પોર્ટ ડેને ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં કરવામાં આવી હતી કાર્યક્રમ માં લીમખેડા પોલીસ સ્ટેશન પી.આઈ શ્રી બી.કે.ચાવડા, એ.એસ.આઈ અર્જુનસિંહ,એ.એસ. આઈ રણજીતસિંહ સંસ્થાના મંત્રી ભરતભાઈ ભરવાડ સહિત ના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા સ્પોર્ટ ડે માં શાળાના જૂ કે જી થી લઈ ધોરણ બાર સુધીના વિધાર્થીઓએ વિવિધ રમતો માં ભાગ લઈ વિજેતા બન્યા હતા વિજેતા થયેલ તમામ ખેલાડીઓને પી આઈ શ્રી બી કે ચાવડા અને મંત્રીશ્રી ભરતભાઈ ભરવાડ દ્વારા ટ્રોફી અને મેડલ્સ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા પી આઈ શ્રી બી કે ચાવડા દ્વારા બાળકોને રમત ગમત નું મહત્વ સમજાવતા જણાવ્યું હતું જીવન માં શિક્ષણ ની સાથે રમત પણ એટલી જ જરૂરી છે આજે ઘણા બધા ગામડાઓમાંથી ખેલાડીઓ પોતાની રમત ગમત પ્રત્યે ની આગવી શૈલી નું પ્રદર્શન કરી દેશનું નામ રોશન કરે છે અને વિજેતા થયેલા તમામ ખેલાડીઓને અભિનદન સહ ઉજવળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવી હતી.



### કચ્છમાં અચાનક હવામાનમાં પલટો, કમોસમી વરસાદ પડ્યો



મહેશ એલ.સોની | નખત્રાણા તા.31

હવામાન વિભાગે કરેલી બે દિવસ વરસાદ આગાહીના પગલે આજે બુધવારના રોજ કચ્છમાં વાતાવરણ વાદળછાયું રહ્યું હતું. સવારે વાદળથી ઘેરાયેલું આકાશ બપોર બાદ ખુલ્લું થયું હતું . બપોર બાદ તડકો દેખાતા લોકોએ હાશકારો અનુભવ્યો હતો. ભચાઉ તાલુકાના કણખોઈ ગામે ધોધમાર વરસાદ પડ્યો હોવાના હેવાલ પ્રાપ્ત થયા હતા. વરસાદના પગલે શેરીઓમાં પાણી વહી નિકળ્યા હતા. જ્યારે નખત્રાણા તાલુકાના હાજીપીર વિસ્તાર તેમજ ઢોરો ગામે પણ વરસાદી ઝાપટાં પડ્યા હોવાના અહેવાલ મળ્યા હતા.

### ડોક્ટરેટની માનદ ડિગ્રી મેળવતા ગુજરાતના બે સાહિત્યકાર બંધુ







તાજેતરમાં રાજસ્થાન મુકામે ગુજરાતના જાણીતા સાહિત્યકાર નટવર ગોહેલ અને અવિનાશ પરીખને તેમની સાહિત્ય સેવાઓ બદલ ગાંધીયન સંસ્થા દ્વારા ડોક્ટરની માનદ ડિગ્રી એનાયત થઈ હતી.

# જામનગર મેડિકલ કોલેજમાં જ્ઞાનનો યજ્ઞ: યુરોલોજી વિભાગ દ્વારા 'CME' સેમિનાર

બિમલ જે હરવરા જામનગર તા.31

તબીબી ક્ષેત્રે રોજબરોજ આવતા પરિવર્તનો અને નવી ટેકનોલોજીથી અપડેટ રહેવું એ દરેક ડોક્ટર માટે અનિવાર્ય છે. આ દિશામાં એક મહત્વનું ડગલું ભરતા જામનગરની ખ્યાતનામ શ્રી એમ.પી.શાહ સરકારી મેડિકલ કોલેજ ખાતે યુરોલોજી વિભાગ દ્વારા વિશેષ 'CME' કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દ્વારા જામનગરના યુવા રેસિડન્ટ ડોક્ટરો અને સિનિયર તબીબોને યુરોલોજીના જટિલ વિષયો પર વિશ્વસ્તરીય જ્ઞાન મેળવવાની અમૂલ્ય તક પ્રાપ્ત થઈ હતી.

યુરોલોજી વિભાગના પ્રોફેસર ડૉ. ધીરેન બુચ તથા મદદનીશ પ્રાધ્યાપક ડૉ. કુશલ કપાસીના સંકલનથી યોજાયેલા આ સેમિનારમાં 'યુરોલિથિયાસિસ' અને 'ઓબ્સ્ટ્રક્ટિવ એનુરિયા' જેવા વિષયો કેન્દ્રસ્થાને રહ્યા હતા. ડૉ. મીત બાબરિયા, ડૉ. સતીશ અને ડૉ. પ્રિયા સિંહ જેવા નિષ્ણાત તબીબોએ આ વિષયો પર પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન અને કેસ સ્ટડી દ્વારા ઊંડાણપૂર્વકનું માર્ગદર્શન આપ્યું હતું. આ માર્ગદર્શન યુવા સર્જકો માટે દર્દીઓના સચોટ નિદાનમાં ખૂબ મદદરૂપ સાબિત થશે. આ શૈક્ષણિક કાર્યક્રમમાં માત્ર કોલેજના વિદ્યાર્થીઓ જ નહીં, પરંતુ જામનગર સર્જન્સ એસોસિએશનના સભ્યો અને અન્ય વરિષ્ઠ તબીબોએ પણ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. સર્જરી વિભાગના વડાએ યુવા તબીબોના ઉત્સાહને બિરદાવતા જણાવ્યું હતું કે, આ પ્રકારના આયોજનથી મેડિકલ કોલેજનું શૈક્ષણિક સ્તર ઉંચુ આવે છે અને તેનો સીધો લાભ જામનગર અને આસપાસના વિસ્તારના ગરીબ દર્દીઓને વધુ સારી સારવાર સ્વરૂપે મળે છે.

# પરમાત્માના સ્પર્શની સ્મૃતિ: દેહ ભલે રાખ બને, શ્રદ્ધા શાશ્વત છે

ભગવાન છે છે ને છે જ એ વિશ્વાસ છે મને,
કળા માથાનો માણસ એટલે વિશ્વાસ છે મને,

જો જીવન માં તમે વૃંદાવન,વારાણસી અને ઉજ્જૈન તીર્થ સ્થળ એ ના ગયા હો તો અચૂક જજો,કેમ? ધરા પર પગ મૂકતા જ શરીર માં જન્મતાની સાથે જે રોમાંચ નો અનુભવ થયો હશે એ જ રોમાંચ નો અનુભવ અચૂક થશે.આ ત્રણેય નગરીઓ માં એક રાત રોકાવવા નો મોકો મતલબ લાઈફ નો ખાસ અનુભવ લાગશે. ખુલ્લા પગે કલાકો ને કલાકો ચાલ્યા કરો તોય શરીર ને થાક લાગતો નથી ને ભૂખ તરસ ભૂલી જવાય છે. સાક્ષાત ઈશ્વર ના ધામ માં સદેહ પહોંચવા નો ખાસ આનંદ અતૃપ્ત આત્મા ને મળે છે ત્યારે એ પૂર્ણ પણે તૃપ્તિ નો ઓડકાર નો આનંદ મળે છે.રોડ રસ્તા કે ગંદકી વગેરે નજર સામે દેખાતું જ નથી જ્યાં જ્યાં આંખ નજર કરે છે ત્યાં એને પૂર્ણ પરમાત્મા નું સાનિધ્ય પ્રાપ્ત થતા આનંદ ની અનુભૂતિ થાય છે.વર્તમાન નું વૃંદાવન ભલે વેપારી લોકો એ રૂપિયા કમાવવા નું સ્થળ બનાવી દીધું હોય પરંતુ વૃંદાવન ની જમીન પર પગ મૂકતા જ "રાધે..રાધે.. રાધે" નું સ્મરણ સાંભળતા મન આપોઆપ "કૃષ્ણમય" થઈ જાય છે. મંદિર માં દર્શન ની લાંબી લાઈનો માં કલાકો ને કલાકો ઊભા રહેવાનો થાક પણ લાગતો નથી.વૃંદાવન ની પરિક્રમા કરતા લોકોના હાથ માં માળા અને મુખ માં રાધે રાધે નું સ્મરણ નિહાળતા લાગે છે કે "ચાલ મન વૃંદાવન ની પરિક્રમા એ" ઘેઘૂર વન વિસ્તાર સમાન વૃંદાવન માં યુગો ના યુગો રામ અવતાર થી નિવાસ કરતા વાંદરાઓ ના અલ્લડ મસ્તી તોફાનો જોતા થાય છે કે રાવણ ની સેના નું તૃણાહારી વાનર સેના સામે ટકવું મતલબ લોઢા ના ચણા ચાવવા જેવું થયું હશે.

એકવાર બ્રહ્માજી એ ચારેય ધામ ને સભા માં ખાસ ચર્ચા માટે બોલાવ્યા બધા ચારેય ધામ ના નદી,પર્વત,સાગર, ગામ વગેરે બધા આવ્યા પરંતુ "વૃંદાવન" ન આવ્યું. સભા માં વૃંદાવન ન જોતા બ્રહ્માજી ગુસ્સે થયા ને વૈકુંઠપતિ ને મળવા "વૃંદાવન ની ગેરહાજરી" ગયા.બ્રહ્માજી ની વાત સાંભળતા જ વૈકુંઠ નાથ બોલ્યા હતા કે "વૃંદાવન" મારું હૃદય છે મારા હૃદય માં નિત્ય રાધા નો નિવાસ અને એના નામ નું સ્મરણ રહે છે. વૃંદાવન એ ચારધામ નથી સ્વયં "રાધા ના પ્રિયતમ" નું સ્થાન છે. આ કારણોસર વૃંદાવન એ યુગો યુગો થી વાનર જૂથ થી રક્ષિત છે.ભારત માં કેટ કેટલી વિદેશી પ્રજા એ શાસન કર્યું હશે પરંતુ "વૃંદાવન" ધામ ને નુકશાન પહોંચાડવા ની કોશિશ પણ કરી હશે નહી.



માયાનો ભ્રમ

- રુપાલી દવે

થોડા દિવસો પહેલા ઉજ્જૈન જવાનું થયું એ પહેલાં ઉજ્જૈન નગરી વિશેનું સાહિત્ય ખુબ વાચ્યું હતું.બાર જ્યોતિર્લિંગ માનું એક "ભગવાન મહાકાલેશ્વર" અને માતાજી ની ૫૧ શક્તિપીઠ માની બે "હરસિદ્ધિ માતા" અને "ગઢ કાલીકા" નું સ્થાન વિશે જાણકારી હતી. ઉજ્જૈન ની સરહદ પર બિરાજમાન કાલ ભૈરવ દાદા થી તો પરિચિત છીએ આ નગરી ના સેનાપતિ આજેપણ કાલ ભૈરવ છે.કાલ ભૈરવ ની પરવાનગી મેળવ્યા વગર ઉજ્જૈન માં ફરવા નો વિઝા મળતો નથી.આ ઉપરાંત ઉજ્જૈન માં મંગલનાથ, સંદીપની આશ્રમ,ભતૃહરિ ગુફા વગેરે સ્થળો પણ છે.ભગવાન શ્રી કૃષ્ણ અને બલરામ જી એ વિદ્યા અભ્યાસ સાંદિપની આશ્રમ માં કરવા ગયા ત્યારે એનો સુદામાજી સાથે પરિચય થયો હતો. પ્રાચીન સમયમાં ઉજ્જૈન ના રાજા ભર્તૃહરિ હતા પરંતુ પત્ની પિંગલા ના દગા થી દુઃખી થઈ ને એમણે રાજપાટ નાના ભાઈ વિક્રમાદિત્ય ને સોંપી હતી.રાજા એ વન માં એક ગુફા ની અંદર ઉગ્ર તપસ્યા કરી હતી જે ભૂતૃહરિ ની ગુફા નામે ઓળખાય છે આ ગુફા માં રાજા એ નીતિ શતક, શ્રૃંગાર શતક,વૈરાગ્ય શતક વગેરે સંસ્કૃત ગ્રંથો લખ્યા હતા.

ભગવાન મહાકાલેશ્વરના ભવ્ય મંદિરની હવામા ઉડતી ધજા ના દર્શન થતાં જ થયું કે નક્કી વર્ષ ૨૦૨૫ માં એકાદ ઉતમ પુણ્ય કર્યું હશે ત્યારે જ તો બાબા મહાકાલ એ એના દરબાર માં બોલાવ્યા છે ભયાનક ભીડ માં પણ ભગવાન મહાકાલેશ્વર ના શાંતિ થી દર્શન થતા મનોમન બોલી હતી કે "કશુંય મેળવવાની ઈચ્છા નથી"

ઉજ્જૈન પહોંચી ને જેવો એની જમીન પર પગ મૂક્યો એ ભેગા કઈક એવું ફિલ થયું કે આ ભૂમિ ને યુગો થી જાણું છું. રિક્ષા થી લઈને ટેક્સી વાળા નું મન "ભોળા નાથ" ના સ્મરણ માં એટલે અજાણ્યા પ્રવાસીઓને લૂંટવા નો ઈરાદો "૦%" પણ નહી. આપણા ને એમ થાય કે વ્યાજબી ભાડા માં એક જગ્યા એ થી બીજી જગ્યા એ પ્રવાસીઓ ને કલાકો દર્શન માં,લાવવા મૂકવામાં લાગવા છતાંય ધીરજ રાખી ને ઊભા રહેવું એ ખરેખર ચમત્કાર છે. સવાર થી સાંજ સુધી સતત ઉજ્જૈન માં આવેલ તીર્થ સ્થાન પર ક્યાંક ખુલ્લા પગે તો ક્યાંક રિક્ષાઓ માં ગયા તોય મન થાક્યું નહતું ને ભૂખ લાગી નહતી. ઉજ્જૈન માં માતાજી ની બન્ને શક્તિપીઠ માઁ હરસિદ્ધિ માતા અને માઁ ગઢ કાલિકા માતા ઉપરાંત મહાકાલેશ્વર જ્યોતિર્લિંગ,મંગલનાથ બધેય ગણેશજી નું પ્રાચીન મંદિર વધારે જોવા મળશે.આ દર્શાવે છે કે માતા પિતા ના હદય માં પુત્ર નું સ્થાન ખાસ હોય છે એટલે જ એ પ્રાણ થી પણ અધિક પ્રિય દીકરા ને પોતાના થી સહેજ પણ દૂર કરતા નથી.ઉજ્જૈન થી ગુજરાત આવ્યા ને બે દિવસ થયા પરંતુ આ નગરી ની રજ ભલે પગ માં લાગી હતી પરંતુ એની અસર હદય ના ખૂણે ખૂણે થઈ છે.તીર્થધામ નથી ઉજ્જૈન તો સ્વયં ભોલે ની નગરી છે એટલે તો આત્મા ને પરમાત્મા ના સાનિધ્ય ની પરખ થઈ જતી હોય છે.



પંચ તત્વો નું બનેલ શરીર એટલે આયુષ્ય પૂર્ણ થતા રાખ બનશે એ ખબર હોવા છતાંય મનુષ્ય જન્મે છે ત્યારે "ૐ .. ૐ" બોલી ને જન્મે તો છે પરંતુ જેવું એના પર માયા નું આવરણ પડતાં જ "હે..મારું હે..મારું" બોલી ને રડવા લાગશે મારી લાઈફના અનુભવો પરથી લખું છું કે આ દુનિયા માં એકપણ વસ્તુ "શાશ્વત નથી" આસપાસ જે કંઈ થઈ રહ્યું છે એ ભ્રમ માત્ર છે ના તો આપણે કોઈનું સારું ખરાબ કરી શકીએ છીએ કે ના અન્ય ને પીડા કે પ્રેમ કરી શકીએ છીએ.

સમયની રફતારમાં જૂનું ભૂલાય ને નવું આકાર લઈને પુનઃ બધું અદશ્ય ચક્ર માં ગોળ ગોળ ઘૂમ્યા કરશે.જે રીતે રાત્રે આકાશ તરફ નજર કરશો તો તારા દોડતા લાગશે ને પૃથ્વી સ્થિર પરંતુ તારા દોડતા લાગે છે એ એક નજર નો ભ્રમ છે.વાસ્તવિકતા તો એ છે કે તારા તો એની જગ્યા એ સ્થિર જ હોય છે. પૃથ્વી એની ધરી પર ભ્રમણ કરતા કરતા દિશાઓને રાત દિવસ ના ચક્રમાં ફેરવ્યા કરતી હોય છે.આ ભૂમિ પર ઈશ્વર નો પ્રભાવ યુગો પહેલાં પણ હતો અને યુગો બાદ પણ રહેશે ને રહેવાનો,કેમ? જન્મ મરણ ના ચક્કરોમાં દોડતા ભાગતા મનુષ્ય માં સ્મૃતિ દોષ હોવાથી સ્થળોની સ્મૃતિ તો માનસપટ પરથી વિસરાઈ જતી હોય છે "પરમાત્મા" ના સ્પર્શ ની યાદ જન્મો જન્મ તાજી રહેતી હોવાથી ભગવાનના ધામની રેતીના સ્પર્શ માત્ર થી તનમન પ્રફુલ્લિત થઈ જાય છે.

# સાસુની સંગાથે રાધિકા અંબાણી પણ શીખી ઠાઠ-માઠના પાઠ...!

## મિત્રના લગ્નમાં કરોડાનાં ઘરેણાં, સબ્યસાચીની સાડી, દુલ્હનની ચમક પણ ઝાંખી પડી...

જ્યારથી રાધિકા મર્ચન્ટ અંબાણી પરિવારની પુત્રવધૂ બની છે ત્યારથી તે સતત ચર્ચામાં રહે છે. હાલમાં અનંત-રાધિકા પોતાના એક મિત્રના લગ્નમાં હાજરી આપવા માટે જામનગરમાં રોકાયેલાં છે. દુલ્હનથી પણ વધુ સુંદર લુક થયો વાઈરલ રાધિકાના મિત્રના લગ્નની કેટલીક ઝલક ઈન્ટરનેટ પર ખૂબ જ વાઈરલ થઈ રહી છે. વાઈરલ થઈ રહેલા આ વીડિયોમાં જોઈ શકાય છે કે રાધિકા મર્ચન્ટ જેવી લગ્નમાં એન્ટ્રી કરે છે, બધા તેને જોતા જ રહી જાય છે. રાધિકા મર્ચન્ટ દુલ્હનથી પણ વધુ સજીધજીને લગ્નમાં પહોંચી હતી. વીડિયોમાં જોઈ શકાય છે કે રાધિકા મર્ચન્ટ મલ્ટીકલરની સાડીમાં અત્યંત ખૂબસૂરત દેખાઈ રહી છે. આ એલિગન્ટ સાડી સાથે તેણે ખૂબ જ શાનદાર ડાયમંડનો નેકલેસ પહેર્યો છે.

સબ્યસાચીની ડિઝાઈનવાળી સાડીમાં રાધિકાનો રોયલ લુક અનંત-રાધિકા ટ્રેડિશનલ કપડાંમાં ખૂબ જ સુંદર અને એલિગન્ટ લાગી રહ્યાં હતાં, જેનો વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાઈરલ થઈ રહ્યો છે. આ લગ્ન માટે રાધિકા મર્ચન્ટે જાણીતા ફેશન-ડિઝાઈનર સબ્યસાચીની ડિઝાઈન કરેલી કલરફુલ સાડી પહેરી હતી. રાધિકાનો આ ટ્રેડિશનલ લુક ખૂબ જ ક્લાસી અને રિચ દેખાઈ રહ્યો હતો. સાડી પર રંગબેરંગી પટ્ટીઓ હતી, જેને હાથની ભરતકામ અને હળવા સિક્વિન્સ વર્કથી સજાવવામાં



આવી હતી. રાધિકાની સાડીનો પાલવ ગોલ્ડન બોર્ડર સાથે આખા લુકને રોયલ ટચ આપી રહ્યો હતો. તેણે સાડીને ટ્રેડિશનલ સ્ટાઈલમાં ડ્રેપ કરી હતી. સાડી સાથે તેણે કોન્ટ્રાસ્ટ બ્લાઉઝ પહેર્યું હતું, જેમાં ડીપ બેક ડિઝાઈન અને શાઈની બોર્ડર હતી, જે ટ્રેડિશનલ અને મોડર્ન સ્ટાઈલનું પર્ફેક્ટ કોમ્બિનેશન લાગી રહ્યું હતું.

કરોડોની કિંમતના હીરા અને પન્નાના ઝવેરાત રાધિકા મર્ચન્ટે પોતાના લુકને પૂર્ણ કરવા માટે શાનદાર ડાયમંડ અને એમરાલ્ડ જ્વેલરી પહેરી હતી. તેણે ગળામાં ડાયમંડ ચોકર નેકલેસ પહેર્યો હતો, જેમાં પન્ના જડેલા હતા, સાથે તેણે મેચિંગ ઈયરિંગ્સ પણ પહેરી હતી, જેની કિંમત કરોડોમાં હોવાનું કહેવાય છે. મેકઅપની વાત કરીએ તો રાધિકાએ આ લુક માટે સોફ્ટ અને નેચરલ મેકઅપ પસંદ કર્યો હતો. વાળને તેણે સલીકેથી બનાવેલા બન (અંબોડા)માં સ્ટાઈલ કર્યા હતા, જે તેના ટ્રેડિશનલ લુક સાથે સંપૂર્ણપણે મેચ થઈ રહ્યો હતો.

અનંત અંબાણીનો એલિગન્ટ લુક પતિ અનંત અંબાણીના હાથમાં હાથ નાખીને રાધિકા મર્ચન્ટે લગ્નમાં એન્ટ્રી કરી હતી, જ્યાં તે સાડીમાં ખૂબસૂરત લાગી રહ્યા હતા.

ત્યાં અનંત નેવી બ્લૂકલરનો કુર્તો-પાયજામો પહેરેલા દેખાયો. આ સાથે તેણે મેચિંગ વેસ્ટકોટ (જેકેટ) કેરી કર્યું હતું. વેસ્ટકોટ પર હળવું ગોલ્ડન સિક્વિન્સ વર્ક હતું, જે લગ્નના પ્રસંગ માટે બિલકુલ પર્ફેક્ટ લાગી રહ્યું હતું.

# 'સૂર્યકુમાર પાછળ પડી ગયો હતો'

## વિવાદાસ્પદ એક્ટ્રેસ ખુશી મુખર્જીએ ક્રિકેટર પર લગાવ્યો આરોપ, કહ્યું- 'મને લિંકઅપ પસંદ નથી'



ટીવીની દુનિયામાંથી એક એવા સમાચાર સામે આવ્યા છે, જેણે ક્રિકેટ જગતમાં પણ હલચલ મચાવી દીધી છે. ટીવી એક્ટ્રેસ ખુશી મુખર્જીએ ભારતીય ક્રિકેટ ટીમના T20 કેપ્ટન સૂર્યકુમાર યાદવને લઈને એક ખુલાસો કર્યો છે. ખુશીએ સૂર્યકુમાર યાદવ પર વારંવાર મેસેજ કરવાનો આરોપ લગાવ્યો છે. ખુશીનું કહેવું છે કે સૂર્યકુમાર યાદવ તેને અવારનવાર મેસેજ કરતો હતો, પરંતુ હવે તે તેની સાથે વાત નથી કરતી. પોતાની ડ્રેસિંગ સ્ટાઈલના કારણે સોશિયલ મીડિયા પર હંમેશા ચર્ચામાં રહેતી ખુશીનું કહેવું છે કે ઘણા ક્રિકેટરો તેની પાછળ પડ્યા હતા અને તેનું નામ અવારનવાર જાણીતી હસ્તીઓ સાથે જોડવામાં આવે છે.

'સૂર્યકુમાર મને બહુ મેસેજ કરતો હતો...' એક ઈન્ટરવ્યૂમાં વાત કરતા ખુશીએ કહ્યું- ઘણા ક્રિકેટરો મને ફોલો કરતા હતા. જોકે, સૂર્યકુમાર યાદવ મને અવારનવાર મેસેજ કરતો હતો, પરંતુ હવે અમે વધારે વાત નથી કરતા. મને મારું નામ કોઈની સાથે જોડાવું પસંદ નથી અને ન તો કોઈની સાથે લિંકઅપ પસંદ છે, તેથી ખરેખર કોઈ લિંકઅપ નથી. આ સમાચાર સામે આવ્યા બાદ સોશિયલ મીડિયા પર આ મામલો છવાયેલો છે.

હવે સૌની નજર આ વાત પર ટકેલી છે કે આ સમગ્ર મામલા પર સૂર્યકુમાર યાદવ કે અન્ય કોઈ ક્રિકેટર તરફથી કોઈ પ્રતિક્રિયા આવે છે કે નહીં. હાલ પૂરતું, એટલું નિશ્ચિત છે કે ખુશી મુખર્જી ફરી એકવાર ચર્ચાના કેન્દ્રમાં છે અને તેનું નામ એન્ટરટેઈનમેન્ટની સાથે-સાથે ક્રિકેટ જગતમાં પણ ગુંજવા લાગ્યું છે.

કોણ છે ખુશી મુખર્જી? કોલકાતામાં જન્મેલી ખુશી 29 વર્ષની છે અને છેલ્લા ઘણા વર્ષોથી ટીવી ઈન્ડસ્ટ્રીનો હિસ્સો છે. તેણે પોતાના કરિયરની શરૂઆત 2013માં તમિલ ફિલ્મ'અંજલિ થુરઈ'થી કરી હતી.

તેણે તેલુગુ અને હિન્દી ફિલ્મોમાં પણ કામ કર્યું છે. તેને અસલી ઓળખ ભારતીય ટેલિવિઝન અને રિયાલિટી શોમાંથી મળી છે. MTVના 'સ્પ્લિટ્સવિલા 10' અને 'લવ સ્કૂલ 3'માં ભાગ લીધા બાદ તે ઘણી લોકપ્રિય મળી હતી. ઈન્ટરનેટ પર પોતાના એક્સપ્લિસિટ આઉટફિટ્સને લઈને જાણીતી ખુશીના આ દાવા બાદ દરેક વ્યક્તિ આશ્ચર્યચકિત છે.

10 વર્ષ પહેલાનું વિવાદિત પ્રકરણ ખુશી મુખર્જી વર્ષ 2015માં ભોપાલમાં એક મોટા વિવાદમાં ફસાઈ ગઈ હતી, જ્યારે તેણે એક હોટલના સગીર કર્મચારી પર છેડતીનો આરોપ લગાવ્યો હતો. ખુશીનું કહેવું હતું કે મોડી રાત્રે હોટલનો કર્મચારી તેમના રૂમમાં ઘૂસ્યો અને સૂતી વખતે ખોટી રીતે સ્પર્શ કરવાનો પ્રયાસ કર્યો, જેના પછી તે બૂમ પાડતા ભાગી ગયો. આ મામલો ત્યારે વધુ ચર્ચામાં આવ્યો જ્યારે એક લોકલ ન્યૂઝ ચેનલે લાઈવ ટીવી શોમાં ખુશી અને આરોપીનો સામનો કરાવ્યો, જ્યાં ગુસ્સે થઈને ખુશીએ કેમેરા સામે તે સગીરને થપ્પડ મારી દીધી હતી.

પોલીસે જાતીય સતામણીનો કેસ નોંધી સગીરને જુવેનાઈલ કોર્ટમાં રજૂ કર્યો હતો. જોકે, હોટલ મેનેજમેન્ટે ખુશીના આરોપોને નકારી કાઢ્યા હતા. આ મામલો 'લાઈવ ટીવી જસ્ટિસ' અને મીડિયા ટ્રાયલને લઈને ખૂબ ચર્ચામાં રહ્યો હતો.




# 'ડોન3'માં કાસ્ટિંગનું ગ્રહણ: રણવીરની એક્ઝિટ અને હૃતિકના ઇનકાર બાદ ફરહાનની મુશ્કેલી વધી; કિયારા અડવાણી પણ છોડી ચૂકી છે...


ફરહાન અખ્તર પોપ્યુલર ડોન ફ્રેન્ચાઈઝીની ત્રીજી ફિલ્મની તૈયારી કરી રહ્યો છે. ફિલ્મ છેલ્લા 3 વર્ષથી અટકેલી છે. એક્ટર રણવીર સિંહ આ ફિલ્મમાં ડોનનો લીડ રોલ ભજવવાનો હતો, જોકે 'ધુરંધર'ની સફળતા પછી તેણે ફિલ્મ છોડી દીધી છે. રણવીર સિંહના ફિલ્મમાંથી હટ્યા પછી આ ફિલ્મ હૃતિક રોશનને ઓફર થઈ હતી, જોકે તેમણે પણ ફિલ્મ કરવાનો ઈનકાર કરી દીધો છે. મૂવી ટોકીઝના રિપોર્ટ અનુસાર,હૃતિક રોશન હાલમાં 'ક્રિશ 4' થી ડિરેક્ટોરિયલ ડેબ્યૂ કરવાની તૈયારીમાં છે. આ ઉપરાંત તેની પાસે અન્ય ઘણી મોટી પાન ઈન્ડિયા ફિલ્મો છે, જેના કારણે તેના આવનારા વર્ષોનું શેડ્યૂલ સંપૂર્ણપણે પેક છે. આ જ કારણ છે કે તેણે 'ડોન 3' કરવાનો ઈનકાર કરી દીધો છે.

પિંકવિલાના રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે રણવીર સંજય લીલા ભણસાલી, લોકેશ કનગરાજ અને એટલી જેવા ફિલ્મમેકર્સ સાથે કામ કરવા માંગે છે. આ સાથે, તે એક પછી એક ગેંગસ્ટર ફિલ્મોમાં દેખાવા માંગતા નથી. ખાસ કરીને ત્યારે જ્યારે ધુરંધર પહેલાથી જ આ જોનરમાં પોતાની ઓળખ બનાવી ચૂક્યા છે. આ જ કારણ છે કે તેમણે ફિલ્મ છોડવાનો નિર્ણય કર્યો. જ્યારે બીજી તરફ, ઈન્ડિયા ટુડેએ ફિલ્મ સાથે સંકળાયેલા નજીકના સૂત્રને ટાંકીને જણાવ્યું કે રણવીરે ફિલ્મ છોડી નથી, પરંતુ તેમને ફિલ્મમાંથી બહાર કરવામાં આવ્યો છે. રિપોર્ટ અનુસાર, મેકર્સ અને રણવીર વચ્ચે ક્રિએટિવ મતભેદ હતા.

તેનું પરિણામ એ આવ્યું કે મેકર્સે એક્ટરને ફિલ્મમાંથી બહાર કરી દીધો છે. મેકર્સ રણવીરની માંગણીઓથી સહમત નહોતા.જણાવી દઈએ કે ફરહાન અખ્તરના નિર્દેશનમાં બની રહેલી આ ફિલ્મમાં પહેલાં રણવીર સિંહ સાથે કિયારા અડવાણીને કાસ્ટ કરવામાં આવી હતી. જોકે, પ્રેગ્નન્સીની જાહેરાત કર્યા પછી કિયારાએ ફિલ્મ છોડી દીધી હતી. રિપોર્ટ્સ હતા કે કૃતિ સેનન ફિલ્મમાં કિયારાને રિપ્લેસ કરશે.

# કાર્તિક આર્યન કબીર ખાન સાથેની ફિલ્મનું શૂટિંગ ફેબ્રુઆરીમાં શરૂ કરશે

ચંદૂ ચેમ્પિયન પછી, કાર્તિકઆર્નય અને કબીર ખાન વધુ એક ફિલ્મ સાથે કરવાના છે. વિશ્વાસીય સૂત્રોનાઅનુસાર, કાર્તિક અને કબીરની આ આગામી ફિલ્મ કાશ્મીરની પૃષ્ઠભૂમિ પરની એક સ્પોર્ટસ-એડવેન્ચર ફિલ્મ બનશે.કાર્તિક આ ફિલ્મ માટે સખત મહેનત કરી રહ્યો છે. તેમજ ફિલ્મના પાત્ર માટે તેને શારીરિક રીતે પણ ઘણો બદલાવ કરવો પડશે. આ ફિલ્મનું બજેટ ઘણુ વધુ




હોવાની ચર્ચા છે. ફિલ્મનું શૂટિંગ ફેબ્રુઆરી મહિનામાં શરૂ કરવામાં આવશે અને નવ મહિનામાં એટલે કે ઓકટોબરમાં શૂટિંગઆટોપી લેવાની યોજના છે. સૂત્રના જણાવ્યા અનુસાર, ફિલ્મનું શૂટિંગ દુનિયાભરના અસલી લોકેશનો પર કરવામા આવશે. આ ફિલ્મને ૨૦૨૭માં રિલીઝ કરવાની યોજના છે. કબીર ફિલ્મનું શૂટિંગ ફેબ્રુઆરીથીશરૂ કરીને ઓકટોબર મહિના સુધી વિવિધ લોકેશન્સ પર કરવાની યોજના કરી રહ્યો છે.

કાર્તિક પુરા નવ મહિના આ ફિલ્મનું શૂટિંગ કરશે અને આ પછી ભૂલ ભૂલૈયા ૪નું શૂટિંગ કરવાની યોજના કરી રહ્યો છે.

# રોહિત શેટ્ટીની ગોલમાલ-પાંચમાં પ્રથમ વખત મહિલા વિલનની એન્ટ્રી

રોહિત શેટ્ટીની ગોલમાલ પાંચની તૈયારી થઇ રહી છે. ફિલ્મનું શૂટિંગ માર્ચ મહિનામાં શરૂ કરવામાં આવશે. આ ફિલ્મને લઈને અપડેટ છે કે, આ વખતે આ ફિલ્મમાં કોમેડીની સાથે એક નેગેટિવ રોલનો પણ સમાવેશ કરવામા આવ્યો. આ વખતે આ ફિલ્મમાં એક મહિલા વિલનની ભૂમિકામાં જોવા મળશે.જોકે આની સત્તાવાર ઘોષણા કરવામાં આવી નથી.



રોહિત શેટ્ટીએ ફિલ્મની કાસ્ટને લઈને કન્ફર્મ કર્યું હતું કે, તે કરીના કપૂર ખાન અને સારા અલી ખાન સાથે પણ વાતચીત કરી રહ્યો છે.બન્ને અભિનેત્રીઓએ ગોલમાલ ૫ની સ્ટારકાસ્ટ સાથે જોડાવામાં રસ પણ દાખવ્યો છે. કુણાલ ખેમૂ ફિલ્મના ક્રિએટિવ કન્સલટ્ન્ટ તરીકે જોવા મળશે. ગોલમાલ ૫માં અજય દેવગણ સાથે અરશદ વારસી અને કુણાલ ખેમૂ કામ કરાનો હોવાનો અંતિમ નિર્ણય લેવાઇ હયો છે. તુષાર કપુર ગોલમાલ ૪ સુધીઆ ફિલ્મનો હિસ્સો રહ્યો હોવાથી તેણ જોવા મળશે.

રસપ્રદ છે કે, ગોલમાલ ફ્રેન્ચાઈઝી ૨૦૦૬થી શરૂ થઇ છે અને હવે પાંચમાં પાર્ટમાં રોહિત શેટ્ટી દર્શકોને કાંઇક નવું આપવાનો પ્રયાસ કરી રહ્યો છે.



# તારા સુતારિયાના સપોર્ટમાં ઊતર્યો ઓરી

# એન્ફ્લુએન્સર એપી ઢિલ્લન

## કોન્સર્ટના રિયલ ફૂટેજ સાથે મેદાનમાં આવ્યો : મીડિયા તમને આ નહીં બતાવે

બોલિવૂડ એક્ટર તારા સુતારિયા, એપી ઢિલ્લોનના કોન્સર્ટને કારણે વિવાદોમાં આવી ગઈ છે. તેનો એક વીડિયો વાયરલ થયો હતો, જેમાં તે સ્ટેજ પર એપી ઢિલ્લોનના આલિંગનમાં આવતી અને કિસ કરતી જોવા મળી હતી, તે સમયે તેના બોયફ્રેન્ડ તેને જોઈને નારાજ દેખાયો હતો. તાજેતરમાં તારા સુતારિયાએ તેને પોતાની વિરુદ્ધ પૈસા આપીને ચલાવવામાં આવી રહેલું કમ્પેઈન ગણાવ્યું હતું. હવે આ વિવાદમાં પોપ્યુલર ઈન્ફ્લુએન્સર ઓરી પણ તારાના સમર્થનમાં ઉતર્યો છે.

ઓરીએ પોતાના ઓફિશિયલ સોશિયલ મીડિયા એકાઉન્ટ પરથી એપી ઢિલ્લોન કોન્સર્ટનો રિયલ વીડિયો પોસ્ટ કર્યો છે, જેમાં તારાને મંચ પર પરફોર્મ કરતા જોઈને બોયફ્રેન્ડ વીર પહાડિયા ખુશીથી ઝૂમતો જોવા મળી રહ્યો છે. આ સાથે ઓરીએ લખ્યું છે, 'રિયલટાઈમ ફૂટેજ. જે મીડિયા તમને નહીં બતાવે.'

ઓરી દ્વારા શેર કરવામાં આવેલા વીડિયોમાં તારા સુતારિયા, એપી ઢિલ્લનને સ્ટેજ પર આલિંગન આપતી જોવા મળે છે, ત્યારબાદ બંને પોપ્યુલર ગીત 'થોડી સી દારૂ' પર પરફોર્મ કરે છે. આ જ સમયે વીર પહાડિયા, ઓરી અને મિસ્ટર ફૈસુ પણ આ ગીત પર એન્જોય કરતા જોવા મળ્યા હતા.

જ્યારે અગાઉ સામે આવેલા વીડિયોમાં બતાવવામાં આવી રહ્યું હતું કે વીર પહાડિયા, ગર્લફ્રેન્ડ તારાને સ્ટેજ પર જોઈને ખૂબ નારાજ થયો હતો.

# 'સંદેશે આતે હૈં ગીતની ક્રેડિટ અમને આપવી જ જોઈએ' : અનુ મલિક

વર્ષ 1997ની સુપરહિટ ફિલ્મ 'બોર્ડર'ની સિક્વલ ફિલ્મ 23 જાન્યુઆરીએ રિલીઝ થઈ રહી છે. ફિલ્મમાં અગાઉની ફિલ્મના ગીત 'સંદેશે આતે હૈં'ને રીક્રિએટ કરીને 'ઘર કબ આઓગે' ટાઈટલ સાથે ઉપયોગમાં લેવામાં આવશે. આ ઓરિજિનલ ગીત અનુ મલિકે કમ્પોઝ કર્યું હતું, જોકે અનુ મલિક આ નવા ગીતનો ભાગ નથી. આમ છતાં, અનુ મલિકને આશા છે કે ફિલ્મમેકર્સ તેમને આ ગીતમાં પણ ક્રેડિટ આપશે.

તાજેતરમાં પીટીઆઈને આપેલા ઈન્ટરવ્યુમાં અનુ મલિકે કહ્યું છે કે, 'મારું માનવું છે કે આ ગીત ફરીથી બનાવવામાં આવ્યું છે. હું તેનો ભાગ નથી. મને પૂરો વિશ્વાસ છે કે તેઓ તેમાં મારું નામ આપશે, કારણ કે આ ગીત મેં જ બનાવ્યું છે. તેમણે આપવું જ જોઈએ, કારણ કે લોકો અમારા યોગદાન વિશે જાણે છે, તેઓ તેને અવગણી શકે નહીં. 'સંદેશે આતે હૈં' વિના તેઓ 'બોર્ડર 2' બનાવી શકતા નથી. આ ગીતમાં અનુ મલિક અને જાવેદ અખ્તર, બંનેનું યોગદાન ખૂબ મોટું છે, તેથી તેમને ક્યાંક ને ક્યાંક અમારું નામ ચોક્કસ આપવું પડશે.'

નોંધનીય છે કે, ઓરિજિનલ ગીત 'સંદેશ આતે હૈં'ના ગીતો જાવેદ અખ્તરે લખ્યા હતા, જ્યારે ગીતને અનુ મલિકે કમ્પોઝ કર્યું હતું, જેને રૂપ કુમાર અને સોનુ નિગમે અવાજ આપ્યો હતો. જ્યારે નવા ગીત 'ઘર કબ આઓગે'નું સંગીત મિથુને તૈયાર કર્યું છે અને મનોજ મુન્તશિરે ગીતના બોલ લખ્યા છે. આ ગીતને અરિજીત સિંહ, સોનુ નિગમ, વિશાલ મિશ્રા અને દિલજીત દોસાંઝે સાથે મળીને ગાયું છે.



અનુ મલિકે એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે, એક દિવસ સાઉન્ડ સ્ટુડિયોમાં બેઠા હતા, ત્યારે તેમને એક ધૂન સૂઝી. તેમણે આ ધૂન જાવેદ અખ્તરને સંભળાવી અને જાવેદ સાહેબે તે જ ધૂન તે સમયે 'બોર્ડર' બનાવી રહેલા જેપી દત્તાને સંભળાવી. જેપી દત્તાને ધૂન પસંદ આવી અને તેમના કહેવા પર જાવેદ અખ્તરે પહેલા 3 અંતરા લખ્યા અને પછી ગીતોથી નાખુશ થઈને તેમણે 'એ ગુઝરને વાલી હવા' વાળો પેરેગ્રાફ પણ ઉમેરી દીધો. ગીતો પૂરા થતાં જ જેપી દત્તા અને જાવેદ સાહેબ, અનુ મલિકની હાજરીમાં બેસીને એ નક્કી કરી રહ્યા હતા કે માત્ર 3 દિવસમાં ગીત કેવી રીતે કમ્પોઝ કરવું. આ ચર્ચા લગભગ 7 મિનિટ ચાલી, એટલી વારમાં અનુ મલિકે આખા ગીતનું કમ્પોઝિશન કરી દીધું.

જાવેદ અખ્તરને આ ગીત માટે 1997માં ફિલ્મફેર એવોર્ડ અને 1998માં સ્ક્રીન એવોર્ડ મળ્યો હતો. આ સાથે તેમને 45મા નેશનલ ફિલ્મ એવોર્ડ્સથી પણ સન્માનિત કરવામાં આવ્યા હતા. નોંધનીય છે કે, બોર્ડર 2નું ગીત 'ઘર કબ આઓગે' 2 જાન્યુઆરીએ રિલીઝ થવાનું છે. ગીતનું ટીઝર પણ રિલીઝ થઈ ચૂક્યું છે. જ્યારે ફિલ્મ 23 જાન્યુઆરીએ સિનેમાઘરોમાં રિલીઝ થશે. તેમાં સની દેઓલ, દિલજીત દોસાંઝ, વરુણ ધવન, અહાન શેટ્ટી મુખ્ય ભૂમિકામાં છે.



# કૃણાલ પંડ્યાએ ધમાકેદાર સદી ફટકારી

## 38 ચોગ્ગા અને છગ્ગાની મદદથી 250 રન પૂરા કર્યા

(એજન્સી) રાજકોટ | તા.31

બરોડાના કેપ્ટન અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (RCB) ના ઓલરાઉન્ડર કૃણાલ પંડ્યા 2025-26 વિજય હજારે ટ્રોફીમાં અસાધારણ રીતે સારું પ્રદર્શન કરી રહ્યા છે. તેમણે ઘરેલુ ODI ટુર્નામેન્ટમાં સતત વિસ્ફોટક ઈનિંગ્સ રમી છે, જે IPL 2026 પહેલા તેમની ટીમ માટે એક મોટી પ્રોત્સાહન છે. કૃણાલ પંડ્યાએ સતત ત્રીજી મોટી ઈનિંગ્સ સાથે બધાનું ધ્યાન ખેંચ્યું છે. ટુર્નામેન્ટના ચોથા રાઉન્ડમાં બરોડાનો સામનો હૈદરાબાદ સામે થયો હતો. આ મેચમાં, તેમની બેટિંગ... રાજકોટ ખાતે રમાયેલી આ મેચમાં, કૃણાલ પંડ્યાએ હૈદરાબાદ સામે માત્ર 63 બોલમાં અણનમ 109 રનની વિસ્ફોટક ઈનિંગ્સ રમી હતી. આ ઝડપી સદીમાં, તેમણે મેદાનના દરેક ખૂણા પર ફટકો માર્યો અને બરોડાના 417 રનના વિશાળ સ્કોરમાં મુખ્ય ભૂમિકા ભજવી. બરોડાના ટોચના ક્રમે મજબૂત પાયો નાખ્યો, પરંતુ કૃણાલે ગતિ વધારી.

### રાજકોટમાં કૃણાલની યાદગાર સદી

કૃણાલ પંડ્યાએ તેની ઈનિંગ્સ દરમિયાન 18 ચોગ્ગા અને એક છગ્ગો ફટકાર્યો. તેણે ૧૭૩.૦૩ ના સ્ટ્રાઈક રેટથી આ રન બનાવ્યા, જે લિસ્ટ એ ક્રિકેટમાં એક દુર્લભ સિદ્ધિ છે. આ સાથે, કૃણાલ પંડ્યાએ તેની લિસ્ટ એ કારકિર્દીમાં ત્રીજી સદી ફટકારી. આ પહેલા, તેણે બંગાળ સામે ૬૩ બોલમાં ૫૭ રનની ઉપયોગી ઈનિંગ રમી હતી. ત્યારબાદ તેણે ઉત્તર પ્રદેશ સામે ૭૭ બોલમાં ૮૨ રન બનાવ્યા હતા. આનો અર્થ એ થયો કે કૃણાલ પંડ્યાએ વિજય હજારે ટ્રોફી ૨૦૨૫-૨૬ ની તેની છેલ્લી ત્રણ ઈનિંગમાં ૨૪૮ રન બનાવ્યા છે, જેમાં ૩૪ ચોગ્ગા અને ચાર છગ્ગાનો સમાવેશ થાય છે. તે ટુર્નામેન્ટની શરૂઆતની મેચમાં ફક્ત બે રન જ બનાવી શક્યો હતો. આ સમયગાળા દરમિયાન, તેણે પોતાની બોલિંગમાં પણ અસાધારણ રીતે સારું પ્રદર્શન કર્યું. કૃણાલ પંડ્યા સિવાય, બે અન્ય બેટ્સમેનોએ હૈદરાબાદ સામે સદી ફટકારી હતી. કૃણાલ પંડ્યા પહેલા, નિત્ય પંડ્યા અને અમિત પાસી સ્ટેન્ડઆઉટ હતા. તેઓએ ૨૩૦ રનની ઓપનિંગ ભાગીદારી કરી હતી. અમિત પાસીએ 93 બોલમાં 127 રન બનાવ્યા, જ્યારે નિત્ય પંડ્યાએ 100 બોલમાં 122 રનનું યોગદાન આપ્યું, જેનાથી બરોડાને ઉચ્ચ સ્કોર સુધી પહોંચવામાં મદદ મળી.



# 2025ની છેલ્લી સાંજે 2026ને આવકારવા તૈયાર વિરુષ્કા



વિરાટ કોહલી અનુષ્કા શર્મા સાથે નવા વર્ષની શરૂઆત કરવા માટે તૈયાર છે. તેને અનુષ્કા શર્મા સાથેનો એક ફોટો શેર કર્યો, જેમાં તેને તેના જીવનનો પ્રકાશ ગણાવ્યો. હવે ફેન્સ આ કપલ પર પ્રેમનો વરસાદ વરસાવી રહ્યા છે અને તેમને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે.

# ઓસ્ટ્રેલિયાનો સ્ટાર ક્રિકેટર ડેમિયન માર્ટિન કોમામાં



(એજન્સી) સિડની | તા.31

ઓસ્ટ્રેલિયનો પૂર્વ સ્ટાર ક્રિકેટર ડેમિયન માર્ટિન હાલમાં મેનિનઝાઈટિસ જેવી જીવલેણ બીમારીથી પીડાઈ રહ્યો છે અને તેને ઈન્ડ્યૂસ્ડ કોમા (કૃત્રિમ કોમા)માં રાખવામાં આવ્યો છે. 54 વર્ષીય માર્ટિનને 26 ડિસેમ્બરના રોજ તબિયત લથડતા ગંભીર હાલતમાં બ્રિસ્બેનની એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. માર્ટિનને મેનિનઝાઈટિસ છે, આ બીમારીમાં વ્યક્તિના મગજ અને કરોડરજ્જુની આસપાસના પટલમાં સોજો આવી જાય છે. તે મગજમાં સોજાનું કારણ બની શકે છે અને જીવલેણ સાબિત થઈ શકે છે. ઓસ્ટ્રેલિયાના પૂર્વ વિકેટકીપર-બેટ્સમેન અને માર્ટિનના નજીકના મિત્ર એડમ ગિલક્રિસ્ટે તેમના પરિવાર વતી જનતાને માહિતી આપી હતી કે માર્ટિનની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

# મોહમ્મદ શમી-આકાશદીપનો તરખાટ

## વિજય હઝારે ટ્રોફીમાં જમ્મુ-કાશ્મીરનો શરમજનક રેકોર્ડ

(એજન્સી) નવી દિલ્હી | ભારતીય ઘરેલુ ક્રિકેટમાં જો કોઈ ટીમ પાસે હાલમાં સૌથી ઘાતક ફાસ્ટ બોલિંગ આક્રમણ છે, તો તે બંગાળ છે. વિજય હજારે ટ્રોફી 2025-26ના ચોથા રાઉન્ડમાં બંગાળના પેસ ત્રિપુટીએ એવો તરખાટ મચાવ્યો કે જમ્મુ-કાશ્મીરની ટીમ પોતાના ઈતિહાસમાં સૌથી ઓછા લિસ્ટ-A સ્કોર પર સમેટાઈ ગઈ. રાજકોટના સણોસરા ક્રિકેટ ગ્રાઉન્ડ પર રમાયેલી ગ્રુપ-Bની ચોથી મેચમાં બંગાળે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો જે નિર્ણય સંપૂર્ણપણે સાચો સાબિત થયો. બંગાળના ફાસ્ટ બોલરોએ નવા બોલથી ઘાતક સ્વિંગ અને સીમ મૂવમેન્ટનો ઉપયોગ કર્યો.

### 63 રન પર ઓલ આઉટ થઈ ગઈ જમ્મુ-કાશ્મીર

બંગાળના ફાસ્ટ બોલરોએ સતત સટીક લાઈન-લેન્થ પર બોલિંગ કરી, જેના કારણે બેટ્સમેનોને કાં તો રમવાથી ચૂકી ગયા અથવા તો ખોટો શોટ રમી બેઠા. આખી ટીમ 20.4 ઓવરમાં માત્ર 63 રનમાં ઓલઆઉટ થઈ ગઈ, જે જમ્મુ-કાશ્મીરનો લિસ્ટ-Aનો અત્યાર સુધીનો સૌથી ઓછો સ્કોર છે.



### શમીની શરૂઆત

અનુભવી ફાસ્ટ બોલર મોહમ્મદ શમી, જેની ભારતીય ટીમમાં વાપસીની વ્યાપક ચર્ચા થઈ રહી છે, તેણે ઈનિંગના બીજા જ બોલ પર જમ્મુ-કાશ્મીરના ઓપનર કામરાન ઈકબાલને આઉટ કર્યો. આ શરૂઆતી ઝટકાથી જમ્મુ-કાશ્મીરની ટીમ બહાર જ નીકળી શકી. શમીની સાથે નવો બોલ સંભાળી રહેલા આકાશ દીપે પણ પોતાની પહેલી જ ઓવરમાં વિકેટ ઝડપી. બંને સિનિયર ફાસ્ટ બોલરોના દબાણે જમ્મુ-કાશ્મીરના બેટ્સમેનોની ટેકનિક અને આત્મવિશ્વાસને સંપૂર્ણપણે તોડી નાખ્યો. વિકેટો એટલી ઝડપથી પડી ગઈ કે વિરોધી બેટ્સમેન પિચ પર ટકી રહેવાનો કોઈ પ્રયાસ જ ન કરી શક્યા.

# ટીમ ઈન્ડિયા નવા વર્ષમાં કઈ ટીમ અને ક્યાં રમશે અને કેટલી મેચ રમશે? આ રહેશે શેડ્યૂલ



૨૦૨૫ માં ટીમ ઈન્ડિયાએ શું હાંસલ કર્યું? તેઓ ક્યાં કેટલી મેચ રમ્યા? આપણે બધાએ તે જોયું. પરંતુ નવા વર્ષ ૨૦૨૬ માટે તેમનું શેડ્યૂલ શું છે? તેમનું મેચ શેડ્યૂલ શું છે? તેઓ કયા દેશમાં ક્યાં અને કેટલી મેચ રમશે? હવે આ પ્રશ્નો વિશે જાણવું મહત્વપૂર્ણ છે. ટીમ ઈન્ડિયા પાસે ૨૦૨૬ માં પણ ICC ટાઈટલ જીતવાની તક હશે. ભારતીય ક્રિકેટ ચાહકોને ૨૦૨૭ ના વર્લ્ડ કપ પહેલા જાણવાની તક મળશે કે તેમના મનપસંદ, રોહિત શર્મા અને વિરાટ કોહલી કેવા ફોર્મમાં છે.




ન્યુઝીલેન્ડ શ્રેણીના અંત સાથે, ફેબ્રુઆરી આવશે, જે T20 વર્લ્ડ કપની શરૂઆત કરશે. ટીમ ઈન્ડિયા હાલમાં આ ICC ટુર્નામેન્ટનો ડિફેન્ડિંગ ચેમ્પિયન છે, અને આ વખતે, ટુર્નામેન્ટ ઘરઆંગણે યોજાવાની હોવાથી, તેને તેના ખિતાબનો બચાવ કરવામાં નોંધપાત્ર ફાયદો થશે. T20 વર્લ્ડ કપ 2026 ની મેચો ભારત અને શ્રીલંકા વચ્ચે 7 ફેબ્રુઆરીથી 8 માર્ચ દરમિયાન રમાશે.

**IPL 2026નો રોમાંચ બે મહિના સુધી ચાલશે :** T20 વર્લ્ડ કપ 2026 કોણ જીતે છે તેનો જવાબ જાણી લીધા પછી, ઈન્ડિયન પ્રીમિયર લીગ માર્ચમાં શરૂ થશે, જે ફક્ત ભારતીય ખેલાડીઓ જ નહીં પરંતુ વિશ્વભરના ખેલાડીઓને આગામી બે મહિના સુધી પોતાનું કૌશલ્ય દર્શાવવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડશે. IPL 2026 ની મેચો માર્ચથી મે દરમિયાન રમાશે.




**ટીમ ઈન્ડિયા જુલાઈમાં ઈંગ્લેન્ડ અને ઓગસ્ટમાં શ્રીલંકાનો પ્રવાસ કરશે :** IPL પછી, ટીમ ઈન્ડિયાના ખેલાડીઓ જુલાઈમાં ઈંગ્લેન્ડનો પ્રવાસ કરશે. જોકે, આ વખતે આ પ્રવાસ ટેસ્ટ શ્રેણી માટે નહીં, પરંતુ સફેદ બોલની શ્રેણી માટે હશે. ભારત સૌપ્રથમ 1 થી 11 જુલાઈ દરમિયાન પાંચ મેચની T20I શ્રેણી રમશે. 14 થી 19 જુલાઈ દરમિયાન ત્રણ મેચની ODI શ્રેણી રમાશે.




**સપ્ટેમ્બરમાં ફુરસદ ક્યાં છે?**ભારતીય પુરુષ ક્રિકેટ ટીમ સપ્ટેમ્બર 2026માં સૌથી વધુ શ્રેણી રમશે. સપ્ટેમ્બર 2026માં, ટીમ ઈન્ડિયા પહેલા બાંગ્લાદેશનો પ્રવાસ કરશે, પછી અફઘાનિસ્તાન સામે શ્રેણી રમશે અને પછી વેસ્ટ ઈન્ડીઝ સામે ઘરઆંગણે શ્રેણી રમશે.

બાંગ્લાદેશના પ્રવાસ દરમિયાન, ભારતીય ટીમ ત્રણ ODI અને ત્રણ T20I રમશે. તેઓ અફઘાનિસ્તાન સામે પણ ત્રણ T20I રમશે. ઘરઆંગણે, ટીમ ઈન્ડિયા વેસ્ટ ઈન્ડિઝ સામે ત્રણ ODI અને પાંચ T20I રમશે. આ ત્રણ શ્રેણીની તારીખો હજુ સુધી જાહેર કરવામાં આવી નથી.

### ટીમ ઈન્ડિયા ઓક્ટોબર-નવેમ્બરમાં ન્યુઝીલેન્ડનો પ્રવાસ કરશે

ટીમ ઈન્ડિયા ઓક્ટોબર-નવેમ્બર 2026માં ન્યુઝીલેન્ડનો પ્રવાસ કરશે. ભારતીય પુરુષ ક્રિકેટ ટીમ ત્યાં બે ટેસ્ટ, ત્રણ ODI અને પાંચ T20Iની સંપૂર્ણ શ્રેણી રમશે. જોકે, તે મેચોની તારીખો હજુ સુધી જાહેર કરવામાં આવી નથી.

### વર્ષનો અંત શ્રીલંકા સામેની શ્રેણી સાથે થશે

ડિસેમ્બર 2026માં, ટીમ ઈન્ડિયા શ્રીલંકા સામે ત્રણ ODI અને ત્રણ T20Iની ઘરઆંગણે શ્રેણી રમશે. ભારતીય પુરુષ ક્રિકેટ ટીમ 2026 માં ચાર ટેસ્ટ, લગભગ 18 ODI અને લગભગ 29 T20 મેચ રમવાની છે. ટીમ ઈન્ડિયાના T20 વર્લ્ડ કપ મેચોનો T20 મેચની ગણતરીમાં સમાવેશ કરવામાં આવ્યો નથી.



# સારા તેંડુલકર પાસે બીયરની બોટલ?

(એજન્સી) ગોવા | ક્રિકેટ લેજેન્ડ સચિન તેંડુલકરની પુત્રી સારા તેંડુલકર ફરી એકવાર સોશિયલ મીડિયા પર હેડલાઈન્સમાં છે. ગોવામાં મિત્રો સાથે વેકેશન માણતી વખતેનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે, જેમાં તે રસ્તા પર ચાલતી જોવા મળી રહી છે. જોકે, સારાના હાથમાં એક બોટલ પણ દેખાઈ રહી છે, જેના કારણે ભારે હોબાળો મચી ગયો છે. કેટલાક યુઝર્સે તેને બીયરની બોટલ ગણાવીને ટ્રોલ કરવાનું શરૂ કર્યું છે. ટ્રોલ્સ તો ત્યાં સુધી કહી ગયા કે તે દારૂને પ્રોત્સાહન આપે છે અને સચિન તેંડુલકરની છબીને કલંકિત કરશે.

વાઈરલ વીડિયોમાં, સારા લાલ ફ્લોરલ ડ્રેસમાં ત્રણ મિત્રો સાથે હસતી અને હસતી જોવા મળી રહી છે. જોકે, સોશિયલ મીડિયા પર કેટલાક લોકોએ આ સામાન્ય ક્ષણનો ખોટો અર્થ કાઢ્યો છે અને વાંધાજનક ટિપ્પણીઓ કરવાનું શરૂ કર્યું છે. કેટલાક ચાહકોએ દાવો કર્યો છે કે તે બીયરની બોટલ છે. કેટલાક યુઝર્સે તેમની ટિપ્પણીઓમાં સચિન તેંડુલકરનું નામ પણ જણાવ્યું હતું.

### ગોવાનો વીડિયો વિવાદમાં

આ ચાહકોએ કહ્યું કે સચિન તેંડુલકરની પુત્રી સારાએ આ બધાથી દૂર રહેવું જોઈએ. જોકે, કેટલાક ચાહકોએ તેનું સમર્થન કર્યું. ઘણા યુઝર્સે લખ્યું કે 28 વર્ષીય સારા એક પુખ્ત વયની છે અને તેને પોતાની મરજી મુજબ જીવન જીવવાનો સંપૂર્ણ અધિકાર છે. એક યુઝરે કહ્યું, 'આ કેવી માનસિકતા છે? સારા બીયર પીને સચિન દારૂનું સમર્થન કેવી રીતે કરે છે?' બીજાએ લખ્યું, 'અહીં ટ્રોલ કરવા જેવું કંઈ નથી; લોકોએ બીજા લોકોની ગોપનીયતા પર આક્રમણ કરવાનું બંધ કરવું જોઈએ.' જોકે, સારા તેંડુલકરે હજુ સુધી આ બાબતે કોઈ પ્રતિક્રિયા આપી નથી.

### સારા તેંડુલકર એક પિલેટ્સ એકેડેમી ચલાવે છે

સારા પોતે એક ઉદ્યોગસાહસિક છે અને તાજેતરમાં જ તેણે મુંબઈમાં પોતાની પિલેટ્સ એકેડેમી શરૂ કરી છે. તે ફિટનેસ અને સુખાકારીને પ્રોત્સાહન આપે છે અને એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે સ્વાસ્થ્ય ફક્ત આહાર અને કસરત વિશે નથી, પરંતુ સંતુલન વિશે છે, જેમાં મનપસંદ વસ્તુઓનો આનંદ માણવાનો પણ સમાવેશ થાય છે.

# 14 છગ્ગા...9 ચોગ્ગા...અને 157 રન

## 209ની સ્ટ્રાઈક રેટથી સરફરાઝ ખાને તેંડુલકરની ટીમને ધોઈ નાખી



મુંબઈ : સરફરાઝ ખાનની સદીની મદદથી મુંબઈએ ગોવાને 87 રનથી હરાવ્યું. વિજય હજારે ટ્રોફીના ચોથા રાઉન્ડમાં રમાયેલા આ મુકાબલામાં સરફરાઝે બુધવારે માત્ર 75 બોલમાં 157 રનની તોફાની ઈનિંગ રમી. જયપુરિયા વિદ્યાલય ગ્રાઉન્ડ પર મુંબઈએ 50 ઓવરમાં 8 વિકેટ ગુમાવીને 444 રનનો મોટો સ્કોર ઊભો કર્યો.સરફરાઝની ઈનિંગમાં 9 ચોગ્ગા અને 14 છગ્ગા સામેલ રહ્યા. તેના સિવાય હાર્દિક તામોરેએ 53, મુશીર ખાને 60 અને ઓપનર યશસ્વી જયસ્વાલે 46 રનનું યોગદાન આપ્યું. ગોવા તરફથી દર્શને 3 વિકેટ ઝડપી, જ્યારે વી. કૌશિક અને લલિત યાદવને 2-2 સફળતા મળી.જવાબમાં ગોવાની ટીમ 9 વિકેટ પર 357 રન જ બનાવી શકી. ટીમ માટે અભિનવ તેજરાનાએ સદી ચોક્કસ ફટકારી, પરંતુ બાકીના બેટર્સ મોટા ટાર્ગેટના દબાણમાં ટકી શક્યા નહીં અને મુંબઈએ મુકાબલો પોતાના નામે કરી લીધો.

### સરફરાઝખાનના ભાઈ મુશીર ખાને 60 રન બનાવ્યા

કર્ણાટકે પુડુચેરીને હરાવ્યું કર્ણાટકના કેપ્ટન મયંક અગ્રવાલ અને દેવદત્ત પડિકલે પુડુચેરી સામે સદી ફટકારી. પડિકલ માટે આ સીઝનમાં ચાર મેચમાં આ ત્રીજી સદી રહી. આ પહેલા તેણે 22, 124 અને 147 રનની ઈનિંગ્સ રમી હતી.આ મેચમાં મયંક અગ્રવાલે 132 અને દેવદત્ત પડિકલે 113 રન બનાવ્યા, જેની મદદથી કર્ણાટકે 4 વિકેટ ગુમાવીને 363 રન બનાવ્યા. ટાર્ગેટને ચેઝ કરતા પુડુચેરીની ટીમ 296 રન પર ઓલઆઉટ થઈ ગઈ. કર્ણાટકે 67 રનથી જીત મેળવી.

કોઈ ઈનિંગ્સમાં 200 રન ન બન્યા

# કોલકાતાની પીચને ICCએ સંતોષકારક રેટિંગ આપ્યું:ભારત-સાઉથ આફ્રિકા ટેસ્ટ મેચ 3 દિવસમાં પૂરી થઈ,



કોલકાતા : ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે નવેમ્બર 2025માં કોલકાતાના ઈડન ગાર્ડન્સમાં રમાયેલી ટેસ્ટ મેચની પીચને ICC મેચ રેફરી રિચી રિચાર્ડસને 'સંતોષકારક' રેટિંગ આપ્યું છે. આ રેટિંગ સાથે ઈડન ગાર્ડન્સ પર કોઈ પણ પ્રકારનો દંડ કે કાર્યવાહી થશે નહીં.આ ટેસ્ટ મેચ માત્ર ત્રણ દિવસમાં સમાપ્ત થઈ ગઈ હતી. સાઉથ આફ્રિકાએ ભારતને 30 રનથી હરાવીને સિરીઝમાં 1-0ની લીડ બનાવી હતી. પછી ગુવાહાટી ટેસ્ટ જીતીને સિરીઝમાં 2-0થી ક્લીન સ્વીપ કર્યું હતું. કોલકાતા ટેસ્ટમાં માત્ર એક જ ફિફ્ટી લાગી હતી, જે સાઉથ આફ્રિકાના કેપ્ટન ટેમ્બા બાવુમાએ ફટકારી હતી.પીચને લઈને શા માટે વિવાદ થયો? કોલકાતા ટેસ્ટ દરમિયાન અને પછી પીચને લઈને ઘણી ચર્ચા થઈ હતી. ભારતના હેડ કોચ ગૌતમ ગંભીરે મેચ પછી કહ્યું હતું કે આ એ જ પીચ હતી જેની ટીમે માંગ કરી હતી અને તેમણે ક્યુરેટર સુજાન મુખર્જીની પ્રશંસા પણ કરી હતી.જોકે, બીજી ટેસ્ટ પહેલા ટીમના બેટિંગ કોચ સિતાંશુ કોટકે આ નિવેદનનો ખંડન કર્યો. તેમણે કહ્યું કે ગંભીરે આ વાત ક્યુરેટરને બચાવવા માટે કહી હતી અને ટીમને અસમાન ઉછાળવાળી પીચની અપેક્ષા નહોતી.કોલકાતા ટેસ્ટની પીચ કેવી હતી? ઈડન ગાર્ડન્સની પીચ પર પહેલા ઓવરથી જ બોલનો ઉછાળો અસમાન જોવા મળ્યો. મેચ આગળ વધવાની સાથે પીચ પરથી ઝડપી ટર્ન પણ મળવા લાગ્યો.

# સ્ટાર ખેલાડી પર તૂટ્યો દુઃખનો પહાડ, નાના ભાઈનું અચાનક થયું અવસાન

મુંબઈ : ઝિમ્બાબ્વેના સ્ટાર ખેલાડી સિકંદર રઝાના નાના ભાઈનું અવસાન થયું છે. ઝિમ્બાબ્વે ક્રિકેટ બોર્ડે આ સમાચારની પુષ્ટિ કરી છે. બોર્ડે સિકંદર રઝા માટે એક ઈમોશનલ પોસ્ટ પણ શેર કરી છે.ઝિમ્બાબ્વેના સ્ટાર ખેલાડી સિકંદર રઝાની પર્સનલ લાઈફમાં હાલમાં દુઃખનો પહાડ તૂટી પડ્યો છે. સિકંદર રઝાના નાના ભાઈ મોહમ્મદ મહદીનું અવસાન થયું છે. સિકંદર તેના ભાઈના અવસાન પછી ખૂબ જ પીડાદાયક સમયમાંથી પસાર થઈ રહ્યો છે.ઝિમ્બાબ્વે ક્રિકેટે સોશિયલ મીડિયા પર એક ઈમોશનલ પોસ્ટમાં સિકંદરના ભાઈ મોહમ્મદ મહદીનો ફોટો શેર કરીને આ સમાચારની પુષ્ટિ કરી છે.સિકંદર રઝાના નાના ભાઈનું 13 વર્ષની ઉંમરે અવસાન થયું. તે હિમોફિલિયા નામની એક દુર્લભ તબીબી સ્થિતિ સાથે જન્મ્યો હતો, જે લોહીની ગંઠાઈ જવાની ક્ષમતાને અસર કરે છે.

સિકંદરના નાના ભાઈના અવસાન બાદ ઝિમ્બાબ્વે ક્રિકેટે શોક વ્યક્ત કરતા સોશિયલ મીડિયા પર લખ્યું છે કે 'સિકંદર રઝાના નાના ભાઈના અવસાન બાદ ઝિમ્બાબ્વે ક્રિકેટે તેનો કરાર લંબાવ્યો છે. ઝિમ્બાબ્વે T20I કેપ્ટન સિકંદર રઝા અને તેમના પરિવાર પ્રત્યે અમારી હૃદયપૂર્વકની સંવેદના. તેમના પ્રિય નાના ભાઈ મોહમ્મદ મહદીનું 29 ડિસેમ્બર 2025 ના રોજ 13 વર્ષની વયે હરારેમાં અવસાન થયું.'

નિવેદનમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે 'ઝિમ્બાબ્વે ક્રિકેટ બોર્ડ, મેનેજમેન્ટ, ખેલાડીઓ અને સ્ટાફ આ અત્યંત મુશ્કેલ સમયમાં સિકંદર રઝા અને તેમના પરિવાર સાથે એકતામાં ઉભા છે. અલ્લાહ તેમને સાંત્વના અને શક્તિ આપે અને મોહમ્મદ મહદીના આત્માને શાંતિ આપે.

**ડોનાલ્ડ ટ્રમ્પ બાદ હવે ચીનનો દાવો:** ડોનાલ્ડ ટ્રમ્પનો દાવો અને ભારતનો યોગ્ય જવાબ

# ભારત-પાકિસ્તાન વચ્ચે યુદ્ધ રોકવામાં અમે મધ્યસ્થતા કરી : ચીન

(એજન્સી) બેઇજિંગ । તા. 01

ભારત અને પાકિસ્તાન વચ્ચે મે મહિનામાં થયેલા સીઝફાયરને લઈને હવે ડ્રોનાલ્ડ ટ્રમ્પ બાદ ચીને પણ વિવાદાસ્પદ દાવો કર્યો છે. ભારતના સખત વિરોધ અને કોઈપણ ત્રીજા પક્ષની દખલગીરીના ઈન્કાર છતાં, ચીની વિદેશ મંત્રી વાંગ યીએ મંગળવારે જણાવ્યું હતું કે ચીને ભારત-પાકિસ્તાન વચ્ચેના તણાવમાં મધ્યસ્થતા કરી હતી. બીજિંગમાં આંતરરાષ્ટ્રીય સ્થિતિ અને વિદેશ સંબંધો પર આયોજિત એક કાર્યક્રમમાં બોલતા વાંગ યીએ કહ્યું કે, 'વિશ્વમાં સંઘર્ષો અને અસ્થિરતામાં નોંધપાત્ર વધારો થયો છે. આ વર્ષે અગાઉની સરખામણીએ સ્થાનિક યુદ્ધો અને સરહદી સંઘર્ષો વધુ જોવા મળ્યા છે.'




વાંગ યીએ વધુમાં કહ્યું કે, 'ચીને આંતરરાષ્ટ્રીય સંઘર્ષોના ઉકેલમાં ન્યાયપૂર્ણ વલણ અપનાવ્યું છે. અમે ઉત્તરી મ્યાનમાર, ઈરાન પરમાણુ મુદ્દો, પાકિસ્તાન-ભારત વચ્ચેનો તણાવ, પેલેસ્ટાઈન-ઈઝરાયલ અને તાજેતરમાં કંબોડિયા-થાઈલેન્ડ વચ્ચેના સંઘર્ષમાં મધ્યસ્થતા કરી છે.' ભારતે સ્પષ્ટ કર્યું છે કે પાકિસ્તાન સાથેના મુદ્દાઓ માત્ર બે દેશો વચ્ચેના છે અને તેમાં કોઈ ત્રીજો પક્ષ અનિવાર્ય નથી. એક તરફ ચીન પાકિસ્તાનને 81 ટકા જેટલા લશ્કરી સાધનો પૂરા પાડીને તેનું સૌથી મોટું હથિયાર સપ્લાયર બન્યું છે, તો બીજી તરફ તે મધ્યસ્થતાનો દાવો કરી રહ્યું છે-જે બાબત તર્કસંગત લાગતી નથી અને શંકાસ્પદ જણાય છે.

**ભારતનું વલણ: ત્રીજા પક્ષની કોઈ ભૂમિકા નથી :** ચીની વિદેશ મંત્રી વાંગ યીનું આ વિવાદાસ્પદ નિવેદન 22 એપ્રિલના રોજ પહલગામમાં થયેલા આતંકી હુમલા બાદ ભારતીય સેના દ્વારા હાથ ધરવામાં આવેલા 'ઓપરેશન સિંદૂર'ના સંદર્ભમાં આવ્યું છે. જોકે, ભારત આ મામલે સતત સ્પષ્ટતા કરતું રહ્યું છે કે ચાર દિવસ સુધી ચાલેલા આ તીવ્ર સંઘર્ષમાં કોઈ પણ ત્રીજા દેશનો હસ્તક્ષેપ કે મધ્યસ્થતા નહોતી. ભારત અને પાકિસ્તાન વચ્ચે સીધો સૈન્ય સંવાદ સ્થાપિત થયો હતો અને તે પ્રક્રિયાના અંતે જ યુદ્ધવિરામનો નિર્ણય લેવાયો હતો. આ જ બાબતે ગંભીરતા દાખવતા, ભારતના વિદેશ મંત્રાલયે 13 મેના રોજ એક પ્રેસ કોન્ફરન્સ યોજીને બાહ્ય મધ્યસ્થતાના તમામ દાવાઓને સદંતર ફગાવી દીધા હતા અને પુનરોચ્ચાર કર્યો હતો કે ભારત તેના દ્વિપક્ષીય મુદ્દાઓમાં કોઈ પણ ત્રીજા પક્ષની ભૂમિકા સ્વીકારતું નથી.

**હવે ઈન્ટરનેટ અને મોબાઈલ એપ્લિકેશનો પર આધાર**

## ડેનમાર્ક 400 વર્ષ બાદ ટપાલ સેવા બંધ કરનાર પ્રથમ દેશ બન્યો




(એજન્સી) ડેનમાર્ક । તા. 31

ડેનમાર્કે તેની 400 વર્ષથી વધુ જૂની ટપાલ સેવા બંધ કરી દીધી છે. આ નિર્ણયને દેશના ઈતિહાસમાં એક મોટો વળાંક માનવામાં આવી રહ્યો છે. રાજ્યની માલિકીની ટપાલ કંપની, પોસ્ટનોર્ડે 30 ડિસેમ્બરે છેલ્લો પત્ર પહોંચાડ્યો હતો. આ સાથે, ડેનમાર્ક વિશ્વનો પ્રથમ દેશ બન્યો જેણે સાર્વત્રિક પત્ર વિતરણ સંપૂર્ણપણે બંધ કર્યું. પોસ્ટનોર્ડે કહ્યું કે તેણે 401 વર્ષ પછી પત્ર વિતરણ બંધ કરી દીધું છે. કંપની કહે છે કે લોકો હવે ખૂબ જ ભાગ્યે જ પત્રો મોકલે છે અને મોટાભાગે ડિજિટલ પદ્ધતિઓનો ઉપયોગ કરે છે. છેલ્લા પત્રો મંગળવારે ડેનમાર્કમાં પહોંચાડવામાં આવ્યા હતા. આ સેવા 1624 માં શરૂ થઈ હતી.

### સરકારી કંપનીએ કારણ સમજાવ્યું

પોસ્ટનોર્ડે જણાવ્યું હતું કે ઈમેઈલ, મોબાઈલ ફોન, ડિજિટલ મેઈલબોક્સ અને ઓનલાઈન સેવાઓને કારણે પત્રોનો ઉપયોગ ઝડપથી ઘટી ગયો છે.

લોકો હવે બેંકિંગ, સરકારી કામ અને વ્યક્તિગત સંદેશાવ્યવહાર માટે ઈન્ટરનેટ અને મોબાઈલ એપ્લિકેશનો પર આધાર રાખે છે. આ જ કારણ છે કે કંપનીએ પત્રોને બદલે પાર્સલ ડિલિવરી પર ધ્યાન કેન્દ્રિત કરવાનું નક્કી કર્યું. પોસ્ટનોર્ડના સીઈઓ કિમ પેડરસેને આ નિર્ણયને ઐતિહાસિક ગણાવ્યો.

## ન્યૂઝ બ્રીફ

### ન્યૂયોર્કમાં લેક-ઈફેક્ટ બરફવર્ષાનો કહેર, જનજીવન અસ્તવ્યસ્ત



ન્યૂયોર્ક | અમેરિકાના અપસ્ટેટ ન્યૂયોર્ક વિસ્તારમાં કડક શિયાળાની અસર વધુ તીવ્ર બની છે. સિરાક્યુસ શહેરે બુધવાર, 31 ડિસેમ્બરની સવારે ભારે "લેક-ઈફેક્ટ" બરફવર્ષાનો સામનો કર્યો હતો, જેના કારણે આખું શહેર બરફની જાડા પડથી ઢંકાઈ ગયું છે. રસ્તાઓ પર વાહનવ્યવહાર લગભગ ઠપ્પ થઈ ગયો છે અને સામાન્ય જનજીવન પર ગંભીર અસર પડી રહી છે. હવામાન વિભાગે ચેતવણી આપી છે કે આ બરફવર્ષાના કારણે મુસાફરી અત્યંત જોખમી બની શકે છે. ઘણા વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાઈ જવાની શક્યતા છે. પરિણામે વહીવટીતંત્રે આપાતકાલીન સેવાઓને સજ્જ રાખી છે.

### આસીમ મુનીરે પોતાના ભાઈને જ પોતાનો સસરો બનાવ્યો છે

કરાંચી | જનરલ અસીમ મુનીરની ત્રીજી પુત્રી, મહનૂર, તેમના ભાઈ, કાસિમ મુનીરના પુત્ર અબ્દુલ રહેમાન સાથે લગ્ન કરે છે. અબ્દુલ રહેમાન અગાઉ પાકિસ્તાન આર્મીમાં કેપ્ટનનો હોદ્દો ધરાવતા હતા. ત્યારબાદ તેઓ આર્મીના ક્વોટા દ્વારા સિવિલ સર્વિસમાં જોડાયા અને હાલમાં સહાયક કમિશનર તરીકે સેવા આપી રહ્યા છે. એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે અબ્દુલ રહેમાન મુનીરની નજીક છે અને બંને વચ્ચે પહેલાથી જ સારા સંબંધો છે. મુનીરને ચાર પુત્રીઓ છે, અને ત્રીજી પુત્રી માટે આ ભવ્ય લગ્ન ગયા અઠવાડિયે થયા હતા. મુનીરે તેમની પુત્રીના લગ્ન ભવ્ય રીતે યોજ્યા હોવાના અહેવાલ છે, પરંતુ સુરક્ષા કારણોસર, સમારોહના કોઈ ફોટોગ્રાફ્સ જાહેર કરવામાં આવ્યા ન હતા.

### ચીનમાં શાકભાજીની જેમ રસ્તા પર વેંચાય છે ચાંદી, જાણો શું છે કારણ?



શેનઝેન | શેનઝેનના શૂઈબેઈ જ્વેલરી માર્કેટમાં હાલમાં 15 કિલોની SGE સિલ્વર સ્લેબ વાયરલ બની છે. આ દૃશ્ય માત્ર અદ્દભૂત ન રહેતાં, ચીનની જ્વેલરી અને ચાંદીના ટ્રેડ સિસ્ટમની પણ ઝલક આપે છે. સામાન્ય લોકો માટે આ બહુ ભારે સિલ્વર સ્લેબ જોયા પછી આશ્ચર્યજનક લાગે છે, કારણ કે આવા વજનના સિલ્વર બ્લોક મુખ્યત્વે મોટા વેપારીઓ અને રોકાણકારો માટે બનાવવામાં આવે છે. શૂઈબેઈ, શેનઝેનના લુઓહુ જિલ્લામાં આવેલું, ચીનનું સૌથી મોટું Gold & Jewellery Trading Hub છે. અહીં દરરોજ દેશભરના જ્વેલરી ઉત્પાદકો, હોલસેલ વેપારીઓ અને રોકાણકારો ભૌતિક સોનાં અને ચાંદીની મોટી માત્રામાં ખરીદી અને વેચાણ કરે છે. 15 કિલોની SGE સ્લેબ અહીં સામાન્ય છે, પણ સામાન્ય જનતા માટે આ દ્રશ્ય એક દમ ભવ્ય લાગે છે.

એક ટેલિવિઝન ચેનલે એક રિપોર્ટમાં દસ્તાવેજો અને એક વીડિયોના હવાલે આ દાવાને જૂઠ્ઠો સાબિત કર્યો

# બાંગ્લાદેશનો દાવો જૂઠ્ઠો: વિદ્યાર્થી નેતા ઉસ્માન હાદીનો 'હત્યારો' દુબઈમાં દેખાયો

(એજન્સી) બેઇજિંગ । તા. 31

બાંગ્લાદેશમાં ચર્ચિત વિદ્યાર્થી નેતા શરીફ ઉસ્માન હાદીની હત્યા મામલે એક એવો સનસનીખેજ વળાંક આવ્યો છે, જેણે બાંગ્લાદેશની સુરક્ષા એજન્સીઓના દાવા પર સવાલ ઊભા કરી દીધા છે. આ હત્યાકાંડનો મુખ્ય આરોપી અને બાંગ્લાદેશનો મોસ્ટ વોન્ટેડ અપરાધી ફેઝલ કરીમ મસૂદના ઠેકાણા વિશે માહિતી મળી ગઈ છે. બાંગ્લાદેશ દ્વારા પહેલા દાવો કરવામાં આવ્યો હતો કે, તે ભારતમાં છુપાયો છે પરંતુ હવે જે અહેવાલ સામે આવ્યા છે તે પ્રમાણે તે દુબઈમાં છે. ગત દિવસોમાં ઢાકા મહાનગર પોલીસ(DMP)ના એડિશનલ કમિશ્નર એસ. એન. નઝમુલ ઈસ્લામે દાવો કર્યો હતો કે, ફૈઝલ મસૂદ અને તેનો સાથી આલમગીર શેખ મેઘાલય થઈને ભારત ભાગી ગયો છે. જોકે, હવે એક ટેલિવિઝન ચેનલે એક રિપોર્ટમાં દસ્તાવેજો અને એક વીડિયોના હવાલે આ દાવાને જૂઠ્ઠો સાબિત કરી દીધો છે. મસૂદ પાસે સંયુક્ત આરબ અમીરાત(UAE)નો પાંચ વર્ષનો મલ્ટીપલ-એન્ટ્રી વિઝા છે, જે ડિસેમ્બર 2022માં જારી કરવામાં આવ્યો હતો. વર્તમાનમાં તે લોન્ગ-ટર્મ ટૂરિઝમ વિઝા પર દુબઈમાં રહી રહ્યો છે.



### જમાત-એ-ઈસ્લામી પર ફોડ્યું હત્યાનું ઠીકરું

દુબઈથી જારી કરવામાં આવેલા એક વીડિયો મેસેજમાં ફૈઝલ મસૂદે પોતાને નિર્દોષ ગણાવતા સમગ્ર કાર્યવાહીને રાજકીય ષડયંત્ર ગણાવ્યું છે. મસૂદે દાવો કર્યો કે, 'હાદીની હત્યા પાછળ જમાત-એ-ઈસ્લામીનો હાથ હોઈ શકે છે. હાદી ખુદ જમાત-એ-ઈસ્લામી સાથે સંકળાયેલો હતો અને શક્ય છે કે જમાતમાં રહેલા તત્વોએ જ આ હત્યા કરી હોય. મને અને મારા પરિવારને બલિનો બકરો બનાવવામાં આવી રહ્યો છે.' મસૂદે સ્વીકાર્યું કે, હાદી સાથે મારા વ્યાવસાયિક અને રાજકીય સંબંધો હતા કારણ કે તે એક આઈટી ફર્મનો માલિક છે. મેં હાદીને રાજકીય ફંડ પણ આપ્યું હતું, જેના બદલામાં હાદીએ મને સરકારી કોન્ટ્રાક્ટ અપાવવાનો વાયદો કર્યો હતો.

**સુરક્ષા એજન્સીઓના દાવા પર ઉઠ્યા સવાલ :** હવે આ ખુલાસા બાદ બાંગ્લાદેશી મીડિયા અને પોલીસના દાવા પર ગંભીર સવાલો ઊભા થઈ રહ્યા છે. પોલીસે દાવો કર્યો હતો કે, મસૂદ મયમનસિંહની સરહદથી ભારતમાં ભાગી ગયો હતો, જ્યારે તે દુબઈમાં સુરક્ષિત છે. મસૂદ દ્વારા જમાત-એ-ઈસ્લામીનો ઉલ્લેખ કરવાથી બાંગ્લાદેશના આતંરિક રાજકારણમાં ઉથલપાથલ મચી શકે છે, જ્યાં હાદીના મૃત્યુ બાદ પહેલાથી જ વ્યાપક હિંસા અને વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે. ઉસ્માન હાદી 'ઈન્કિલાબ મંચ'નો પ્રવક્તા અને પ્રભાવશાળી યુવા નેતા હતો, 12 ડિસેમ્બરના રોજ ઢાકામાં ગોળી મારીને હત્યા કરી દેવામાં આવી હતી. તેના મોત બાદ બાંગ્લાદેશમાં ભારત વિરોધી ભાવનાઓ ભડકાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો હતો અને કટ્ટરપંથી સંગઠનોએ આરોપ લગાવ્યો હતો કે, હત્યારાઓ ભારતીય રક્ષણ હેઠળ છે. હવે મસૂદ દુબઈમાં હોવાના ખુલાસાથી આ તમામ આરોપો પાયાવિહોણા સાબિત થયા છે.

**હુથી બળવાખોરોને ત્રણ ફાયદા મળે છે**

## સાઉદી અને યુએઈ વચ્ચેના યુદ્ધમાં ઈરાનને પ્રોત્સાહન મળ્યું



(એજન્સી) નવી દિલ્હી । તા. 31

યમનમાં સાઉદી અરેબિયા અને સંયુક્ત આરબ અમીરાત વચ્ચેની લડાઈમાં ઈરાનનો વિજય થયો છે. હકીકતમાં, સાઉદી અરેબિયાના 24 કલાકના અલ્ટીમેટમ પછી, યુએઈએ યમનમાંથી તેના તમામ સૈનિકો પાછા ખેંચવાનો નિર્ણય લીધો. યુએઈનો આ નિર્ણય ઈરાન માટે ફાયદાકારક સાબિત થયો છે, કારણ કે યુએઈના દળો યમનમાં ઈરાનના હુતી બળવાખોરો સામે લડી રહ્યા હતા.

અલ જઝીરા અનુસાર, સાઉદી અને યુએઈના દળો અગાઉ યમનમાં હુતી બળવાખોરો સામે સાથે લડી રહ્યા હતા, પરંતુ એસટીપીના વધતા પ્રભાવને કારણે, બંને વચ્ચે મતભેદો ઉભા થયા. આખરે, સાઉદી અરેબિયાએ યુએઈના એક જહાજ પર હુમલો કર્યો.

યમન લાલ સમુદ્રના કિનારે આવેલું છે. તેને સંસ્કૃતિઓના સંગમ તરીકે ઓળખવામાં આવે છે. આ સુન્ની બહુમતી ધરાવતો મુસ્લિમ દેશ સાઉદી અરેબિયાનો પડોશી પણ છે. તેની પાસે નોંધપાત્ર તેલ અને ખનિજ સંસાધનો છે, જેના કારણે વારંવાર સત્તા સંઘર્ષો થાય છે. 2014 માં, ઈરાન સમર્થિત હુથી બળવાખોરોએ યમનની રાજધાની સના પર કબજો કર્યો.

દક્ષિણ ભાગ STP દ્વારા નિયંત્રિત છે. યમન હાલમાં ચાર વહીવટી પ્રદેશોમાં વહેંચાયેલું છે. હુથી બળવાખોરો તેને એક થવાથી રોકી રહ્યા છે.

જવાબમાં, સાઉદી અરેબિયા અને UAE એ યમનને એક કરવા અને ચૂંટાયેલી સરકારને સત્તામાં લાવવાના ઉદ્દેશ્ય સાથે ગઠબંધન બનાવ્યું. 2025 નજીક આવતાની સાથે જ યમનના રાજકીય પરિદૃશ્યમાં ફેરફાર થયો છે.

## ઈમરાન ખાનના જીવનમાં હવે તબાહી જ તબાહી, જ્યોતિષની 2026ની આગાહી

(એજન્સી) નવી દિલ્હી । તા. 31

નવું વર્ષ દરેક માટે ખાસ છે. તેઓ જે મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે તેમાંથી બહાર નીકળવાની આશા રાખે છે. જોકે, પાકિસ્તાનના ભૂતપૂર્વ વડા પ્રધાન ઈમરાન ખાનને કોઈ રાહત દેખાતી નથી.

જ્યોતિષ ચંદ્રકાંતે જણાવ્યું હતું કે ઈમરાન ખાનનો જન્મ 5 ઓક્ટોબર, 1952 ના રોજ સવારે 6:45 વાગ્યે લાહોરમાં થયો હતો. હાલમાં, ગુરુની મહાદશા ચાલી રહી છે, અને ગુરુ તેમના મૃત્યુના ઘરે મૂકવામાં આવ્યો છે. આ જીવનમાં તેમનું સત્તામાં પાછા ફરવાની શક્યતા ઓછી છે. તેઓ ન તો ભગવાનની સ્થિતિમાં હશે કે ન તો પુનર્મિલનની સ્થિતિમાં. જો તેમને જેલમાંથી મુક્ત કરવામાં આવે છે, તો તેઓ દેશનિકાલમાં રહેશે. 2026 તેમના માટે સારું વર્ષ નહીં હોય. જ્યોતિષ ડીપી શાસ્ત્રીએ જણાવ્યું હતું કે ઈમરાન ખાનને સ્વાસ્થ્ય સમસ્યાઓનો સામનો



કરવો પડશે. 2026નું વર્ષ તેમના માટે ખરાબ રહેશે. તેમના માટે પોતાનું જીવન, ધર્મ અને ઘર બચાવવાનું મુશ્કેલ બનશે. અન્ય એક જ્યોતિષી રીતુએ જણાવ્યું હતું કે ઈમરાન માટે ખૂબ જ ખરાબ સમય આવી રહ્યો છે. ગુરુ હાલમાં તેમના આઠમા ભાવમાં ગોચર કરી રહ્યો છે, જે મૃત્યુનું ઘર છે. તે કાં તો જેલમાં મૃત્યુ પામશે અથવા ગંભીર સ્વાસ્થ્ય સમસ્યાનો સામનો કરશે. જો ઈમરાન બચી જશે, તો તે જેલમાંથી મુક્ત થઈ શકે છે, પરંતુ એક ષડયંત્ર હશે જે આનો અંત લાવશે.

## ન્યુઝીલેન્ડના 2561 મીટર ઉંચા ટારાનાકી પર્વતને માણસ જેવા અધિકાર મળ્યા

વેલિંગ્ટન | ન્યૂઝીલેન્ડની સંસદ દ્વારા 31 જાન્યુઆરીના રોજ માઉન્ટ ટારાનાકી પર ગેર કાયદેસર કબ્જા અંગે માફી માંગીને 'ટારાનાકી માઉંગા કલેકેટિવ રિડ્રેસ બિલ' પાસ કરીને દાયકાઓ જુની ભૂલ સુધારવામાં આવી હતી. ન્યૂઝીલેન્ડે જનજાતિઓના ટારાનાકી પર્વત અને આસપાસના વિસ્તારને લિગલ પર્સનલ હુડ ગણીને માનવતાનો દાખલો બેસાડયો છે. કાનુની રીતે ટારાનાકી પર્વત નિર્જીવ પદાર્થ નહી હોવાથી પર્વતની ઈકો સિસ્ટમ પર થતા અત્યાચારને કોઈ નિદોર્ષ માણસ પર થતા અત્યાચારની કેટેગરીમાં ગણવામાં આવે છે. ટારાનાકી માઉંગા તરીકે ઓળખાતા માઉન્ટ ટારાનાકી પર્વતનું કાનુની નામ 'કાહુઈ ટુપુઆ' આપવામાં આવ્યું છે જેમાં માત્ર પર્વત જ નહી તેની આસપાસના શિખરો અને જમીનનો પણ સમાવેશ થાય છે.

## દ.અમેરિકાના પેરૂમાં બે ટ્રેનો વચ્ચે અકસ્માતએન્જિનના ઉડ્યા કૂરચે કૂરચા

**વિદેશી પ્રવાસીઓમાં પણ ગંભીર ઘાયલો : એકનું મોત**

(એજન્સી) લીમા । તા. 31

દક્ષિણ અમેરિકાના પેરૂમાં, Machu Picchu માટે જતા બે ટ્રેનો વચ્ચે ભીષણ અકસ્માતની ઘટના બનવા પામી છે. અધિકારીઓએ કહ્યું છે કે આ દુર્ઘટનામાં એક વ્યક્તિનું મોત થયું છે અને ઓછામાં ઓછા 40 લોકો ઘાયલ થયા છે. મૃતક એ બે ટ્રેનોમાંના એક ડ્રાઈવરનું થયુ હોવાનું જણાવાયું છે.

કૂસ્કો શહેરના અધિકારીઓએ જણાવ્યું છે કે ઘાયલોમાં ઘણા વિદેશી પ્રવાસીઓ પણ સામેલ છે, જેમાંથી ઘણીની સ્થિતિ ગંભીર છે. સ્થળ પરથી પ્રાપ્ત થયેલા વીડિયોમાં ઘાયલો રેલ્વે ટ્રેકના બાજુમાં પડેલા દેખાય રહ્યા છે અને બે તૂટેલા એન્જિન નજીક ઉભા છે, જે દર્શાવે છે કે ટ્રેનની



ટક્કર કેટલી ભયાનક હશે.

અધિકારીઓએ કહ્યું છે કે પેરુરેલ દ્વારા ચાલાવવામાં આવતી એક ટ્રેન, ઓલાંટાયટામ્બો અને Machu Picchu વચ્ચેના એકમાત્ર સિંગલ ટ્રેક પર ઈન્કા રેલની બીજી ટ્રેન સાથે અથડાઈ ગઈ હતી. પ્રવાસીઓ આ ઐતિહાસિક સ્થળ પર પહોંચવા માટે સામાન્ય રીતે ટ્રેન અને બસનો ઉપયોગ કરે છે. રેલ્વે એજન્સી ફેરોકેરિલ ટ્રાન્સએન્ડિનોએ જણાવ્યું છે કે તેઓ અકસ્માતની કારણોની તપાસ કરી રહ્યા છે.

**જનરલ ઝેડ વિરોધીઓને ધમકી** 'જો તેઓ અસ્થિરતા ફેલાવશે, તો અમે કડક કાર્યવાહી કરીશું'

# ઈરાનની સરકારે બળવાખોરો પર કડક કાર્યવાહી

(એજન્સી) તહેરાન । તા. 31

વધતી જતી મોંઘવારી અને ઈરાની ચલણ, રિયાલના ઐતિહાસિક ઘટાડા સામે લોકોનો ગુસ્સો હવે રાજધાની તેહરાનની બહાર પણ ફેલાઈ ગયો છે. સતત ત્રીજા દિવસે, ઈરાનના અનેક શહેરોમાં વિરોધ પ્રદર્શનો અને હડતાળના અહેવાલો સામે આવ્યા છે. શરૂઆતમાં, વિરોધ પ્રદર્શનો મુખ્યત્વે દુકાનદારો સાથે સંકળાયેલા વ્યવસાયિક વિવાદ જેવા લાગતા હતા, પરંતુ હવે તે વ્યાપક આર્થિક અસંતોષમાં ફેરવાઈ ગયા છે, જેમાં યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ અને ઉદ્યોગપતિઓ પણ જોડાયા છે.

આ વિરોધ, જે હવે એક આંદોલન બની ગયું છે, તે રવિવારે તેહરાનના ઐતિહાસિક ગ્રાન્ડ બજારમાં શરૂ થયું હતું જ્યારે દુકાનદારો હડતાળ પર ઉતર્યા હતા. ખુલ્લા બજારમાં યુએસ ડોલર સામે ઈરાની રિયાલના રેકોર્ડ નીચા સ્તરે પહોંચવાથી તેમનો ગુસ્સો ભડક્યો હતો. પરિસ્થિતિ ઝડપથી વણસી ગઈ, અને વિરોધ પ્રદર્શનોએ ઘણા શહેરોને ઘેરી



લીધા. સોશિયલ મીડિયા પરના વીડિયોમાં કરજ, હમેદાન, કેશ્મ, મલાર્ડ, ઈસ્ફહાન, કરમાનશાહ, શિરાઝ અને યઝદ જેવા શહેરોમાં પ્રદર્શનો દર્શાવવામાં આવ્યા હતા. ઘણી જગ્યાએ, પોલીસ ભીડને વિખેરવા માટે ટીયર ગેસનો ઉપયોગ કરતી જોવા મળી હતી, જેનાથી પરિસ્થિતિ વધુ ખરાબ થઈ હતી.

ઈરાનમાં ઘટી રહેલા ચલણ અને ભયાનક આર્થિક પરિસ્થિતિ સામે ફાટી નીકળેલા વિરોધ પ્રદર્શનો પર સરકારે કડક વલણ અપનાવવાનો સંકેત આપ્યો છે. પ્રોસિક્યુટર જનરલ મોહમ્મદ મોવાહેદી-આઝાદે ચેતવણી આપી છે કે જો આ વિરોધ પ્રદર્શનો દેશમાં અસ્થિરતા કે અસુરક્ષા ફેલાવવાનો પ્રયાસ બનશે, તો સરકાર નિર્ણાયક પગલાં લેશે. બુધવારે રાજ્ય મીડિયામાં પ્રકાશિત થયેલા નિવેદનોમાં, મોવાહેદી-આઝાદે જણાવ્યું હતું કે શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શનો લોકોનો અધિકાર છે અને તેને સામાજિક વાસ્તવિકતા તરીકે સમજવો જોઈએ.

તેમણે ઉમેર્યું હતું કે, 'આજીવિકા સંબંધિત શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શનો સામાજિક જીવનનો ભાગ છે અને સમજી શકાય છે.' જોકે, તેમણે સ્પષ્ટપણે ચેતવણી આપી હતી કે જો આર્થિક વિરોધ પ્રદર્શનોનો ઉપયોગ અસુરક્ષા ફેલાવવા, જાહેર સંપત્તિને નુકસાન પહોંચાડવા અથવા બાહ્ય ષડયંત્રનો ભાગ બનવા માટે કરવામાં આવશે, તો સરકાર કડક અને કાનૂની કાર્યવાહી કરશે.

## બાંગ્લાદેશમાં 10 દિવસમાં કુલ કેટલા હિંદુઓની હત્યા થઈ?



(એજન્સી) નવી દિલ્હી । તા. 31

પડોશી દેશ બાંગ્લાદેશમાં ડિસેમ્બર મહિનો હિન્દૂઓ માટે ડર અને શાંતનો રહ્યો છે. ફક્ત 10 દિવસમાં ઘણા હિન્દૂઓની બેરહમીથી હત્યા કરવામાં આવી છે, જેના કારણે ક્ષેત્રિય સુરક્ષા અને માનવાધિકારો પર ચિંતાઓ વધી છે. ઘરોમાં બંધ કરવામાં આવેલા પરિવારો, આગથી બર્ન થયેલાં મકાન અને સુરક્ષાબળો વચ્ચે પણ હત્યાની ઘટનાઓ આ સવાલ ઊભી કરી રહી છે કે શું પડોશી દેશમાં આલ્પસંખ્યકોની સુરક્ષા સુનિશ્ચિત થઈ રહી છે અને ભારત સરકાર આ રકચાઈને રોકવા માટે કઈ પગલાં લઈ શકે છે.

ડિસેમ્બરમાં બાંગ્લાદેશમાં હિન્દુઓ પર હુમલાઓ વધુ તીવ્ર બન્યા. સૌપ્રથમ, મૈમનસિંઘ જિલ્લામાં 27 વર્ષીય દીપુ ચંદ્ર દાસને માર મારીને હત્યા કરવામાં આવી અને બાદમાં તેને સળગાવી દેવામાં આવી. બાદમાં અધિકારીઓએ કહ્યું કે નિંદાનો આરોપ ખોટો છે. એક અઠવાડિયા પછી, રાજબારી જિલ્લાના પંગશામાં 29 વર્ષીય અમૃત મંડલને ટોળાએ માર મારીને હત્યા કરી દીધી. ત્રીજી ઘટનામાં, 40 વર્ષીય બજેન્દ્ર બિશ્વાસને તેના મુસ્લિમ સાથીદાર, નોમાન મિયાં દ્વારા તે જ મૈમનસિંઘ જિલ્લામાં ગોળી મારીને હત્યા કરવામાં આવી.

### સુપ્રીમ કોર્ટના ઈતિહાસનો સૌથી મોટો ફેરફાર, ન્યાયિક પ્રક્રિયા થશે સુલભ

# CJI સૂર્યકાંત લીગલ ઈમરજન્સી નિર્ણય: હવે ન્યાય માટે કોર્ટના દ્વાર 24 કલાક ખુલ્લા રહેશે

(એજન્સી) નવી દિલ્હી | તા 31

ભારતીય ન્યાયતંત્રમાં એક અભૂતપૂર્વ અને ક્રાંતિકારી પરિવર્તન આવ્યું છે. ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI) સૂર્યકાંતે 'લીગલ ઈમરજન્સી' (કાયદાકીય કટોકટી) ની વિભાવના રજૂ કરતા ઐતિહાસિક જાહેરાત કરી છે. આ નિર્ણય મુજબ, જો કોઈ નાગરિકના મૌલિક અધિકારોનું હનન થતું હોય અથવા તપાસ એજન્સીઓ દ્વારા ગેરકાયદે ધરપકડની આશંકા હોય, તો સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટ મધરાતે પણ સુનાવણી માટે તૈયાર રહેશે. 'CJI સૂર્યકાંત લીગલ ઈમરજન્સી નિર્ણય' એ ન્યાય મેળવવાના અધિકારને વધુ મજબૂત બનાવ્યો છે.જસ્ટિસ સૂર્યકાંતે સ્પષ્ટ કર્યું છે કે અદાલતો માત્ર ઓફિસ સમય પૂરતી મર્યાદિત ન રહેવી જોઈએ. તેમણે કહ્યું, "અદાલતની કાર્યવાહી સ્થગિત થયા પછી પણ જો કોઈ કટોકટી ઉભી થાય, તો નાગરિકો અદાલતનો સંપર્ક કરી શકે છે." આ નિર્ણય એવા સમયે આવ્યો છે જ્યારે તપાસ એજન્સીઓની કાર્યવાહી અને વ્યક્તિગત સ્વતંત્રતા વચ્ચેનો વિવાદ સતત વધતો રહ્યો છે.



આ પહેલા પણ યાકુબ મેમણની ફાંસી અને કર્ણાટક સરકારના મામલે 'સુપ્રીમ કોર્ટ મધરાતે સુનાવણી' કરી ચૂકી છે, પરંતુ હવે તેને વ્યવસ્થિત સ્વરૂપ આપવામાં આવ્યું છે.અદાલતોમાં પડતર કેસોના પહાડને જોતા CJIએ વધુ 'બંધારણીય બેંચ' રચવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. 'સબરીમાલા કેસ ૨૦૨૬' ના સંદર્ભમાં તેમણે જણાવ્યું કે ધાર્મિક સ્વતંત્રતા અને મહિલાઓના સમાન અધિકારો વચ્ચેના સંઘર્ષના ઉકેલ માટે ૯-સભ્યોની મોટી બેંચની રચના કરવામાં આવશે. આ ઉપરાંત, ૧૧ રાજ્યોમાં ચાલી રહેલા SIR (Special Investigation Report) ના મુદ્દાઓને પણ અગ્રતાના ધોરણે ઉકેલવામાં આવશે.ન્યાયિક પ્રક્રિયામાં વિલંબ ટાળવા માટે CJIએ વકીલો માટે કડક નિયમો લાગુ કર્યા છે. હવે વકીલો કોઈ કેસમાં અનિશ્ચિત સમય સુધી દલીલો કરી શકશે નહીં.

મૌખિક દલીલો: વકીલોએ નિર્ધારિત સમયમર્યાદામાં જ પોતાની દલીલો રજૂ કરવી પડશે.

સમય બચાવ: લાંબી દલીલોને બદલે લેખિત સબમિશન પર વધુ ભાર મૂકવામાં આવશે. આ ફેરફારથી કેસોનો નિકાલ ઝડપી બનશે અને સામાન્ય લોકોને તારીખ પર તારીખથી છુટકારો મળશે.ભારતના ન્યાયિક ઈતિહાસમાં અગાઉ પણ ગંભીર કિસ્સાઓમાં રાત્રે સુનાવણી થઈ છે, જેમ કે ૧૯૯૨માં અયોધ્યા વિવાદ અને ૨૦૦૫-૦૬માં નિઠારી કાંડ. જોકે, CJI સૂર્યકાંતનો આ નિર્ણય ન્યાયિક વ્યવસ્થાને વધુ લોકશાહી ઢબે લોકોની નજીક લઈ જશે. આ 'લીગલ ઈમરજન્સી' નાગરિકોમાં સુરક્ષાની ભાવના જગાડશે કે રાજ્યની સર્વોચ્ચ સંસ્થા તેમના અધિકારો માટે ૨૪ કલાક જાગૃત છે.

## ચૂંટણી 2026: AIADMK એક્શન મોડમાં, એડપ્પાદી પલાનીસ્વામીએ ઘડ્યો વિજય પ્લાન

ચેન્નાઈ: તમિલનાડુના રાજકારણમાં આગામી વિધાનસભા ચૂંટણીનો પારો અત્યારથી જ ચઢવા લાગ્યો છે. 'તમિલનાડુ વિધાનસભા ચૂંટણી ૨૦૨૬' ની તૈયારીઓના ભાગરૂપે, ઓલ ઈન્ડિયા અન્ના દ્રવિડ મુનેત્ર કઝગમ (AIADMK) દ્વારા બુધવારે ચેન્નાઈના રોયાપેટ્ટહ સ્થિત પાર્ટી મુખ્યાલય ખાતે એક મહત્વની પરામર્શ બેઠક યોજવામાં આવી હતી. આ 'AIADMK જિલ્લા સચિવોની બેઠક' ની અધ્યક્ષતા પાર્ટીના જનરલ સેક્રેટરી અને વિરોધ પક્ષના નેતા એડપ્પાદી કે. પલાનીસ્વામીએ કરી હતી.બેઠક બાદ પૂર્વ મંત્રી ડી. જયકુમારે જણાવ્યું હતું કે, આ એક આંતરિક સત્ર હતું જેમાં ૨૦૨૬ ની ચૂંટણી લક્ષી તૈયારીઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. 'એડપ્પાદી પલાનીસ્વામી રણનીતિ' હેઠળ પાર્ટીએ તાજેતરમાં જ 'મક્કલાઈ કાપ્પોમ, તમિલગથાઈ મીત્પોમ' (લોકોની રક્ષા કરો, તમિલનાડુને બચાવો) નામની ૧૨,૦૦૦ કિલોમીટર લાંબી યાત્રા પૂર્ણ કરી છે. આ યાત્રા દરમિયાન પાર્ટીએ તમામ ૨૩૪ મતવિસ્તારોને આવરી લઈને DMK સરકારની નિષ્ફળતાઓ જનતા સમક્ષ મૂકી હતી. AIADMK ની સાથી પાર્ટી ભાજપ પણ તમિલનાડુમાં સક્રિય થઈ છે. ભાજપના પ્રદેશ પ્રમુખ નૈનાર નાગેન્દ્રનના નેતૃત્વમાં ઓક્ટોબર ૨૦૨૫ થી ચાલી રહેલી 'તમિલન પ્રાઈડ' યાત્રા જાન્યુઆરી ૨૦૨૬ માં પૂર્ણ થશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ જાન્યુઆરીમાં તમિલનાડુની બે દિવસીય મુલાકાતે આવી શકે છે, જ્યાં તેઓ ચૂંટણીની તૈયારીઓની સમીક્ષા કરશે અને જાહેર સભાને સંબોધશે.બીજી તરફ, મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિને ભાજપ-AIADMK ગઠબંધન પર આકરા પ્રહારો કર્યા છે. સ્ટાલિને આરોપ લગાવ્યો છે કે કેન્દ્ર સરકાર મનરેગા (૧૦૦ દિવસની રોજગારી) જેવી યોજનાઓને નબળી પાડી રહી છે.

## બાંગ્લાદેશ હિંસા મનોજ ઝા નિવેદન ૨૦૨૫: "કેન્દ્રનું મૌન ચિંતાજનક, બાંગ્લાદેશને સ્પષ્ટ સંદેશ આપવો જરૂરી"

નવી દિલ્હી:બાંગ્લાદેશમાં હિન્દુ લઘુમતીઓ વિરુદ્ધ સતત વધી રહેલી હિંસા અને અત્યાચારોના મામલે ભારતીય રાજકારણમાં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે. 'બાંગ્લાદેશ હિંસા મનોજ ઝા નિવેદન ૨૦૨૫' હેઠળ રાષ્ટ્રીય જનતા દળ (RJD) ના સાંસદ મનોજ કુમાર ઝાએ કેન્દ્ર સરકારના મૌન સામે સવાલો ઉઠાવતા કહ્યું છે કે, ભારત સરકારે પડોશી દેશને એક 'સ્પષ્ટ સંદેશ' આપવો જોઈએ જે અત્યાર સુધી જોવા મળ્યો નથી.નવી દિલ્હીમાં મીડિયા સાથે વાત કરતા મનોજ ઝાએ જણાવ્યું હતું કે, "જેમને આ મામલે બોલવું જોઈએ તેઓ મૌન છે. આપણે વિશ્વના સૌથી મોટા લોકતંત્ર છીએ અને બાંગ્લાદેશના નિર્માણમાં આપણો મોટો ફાળો રહ્યો છે. દક્ષિણ એશિયાના આ ક્ષેત્રમાં જે રીતે પરિસ્થિતિ વણસી રહી છે તે અત્યંત ગંભીર છે. 'બાંગ્લાદેશમાં હિન્દુ લઘુમતી સુરક્ષા' સુનિશ્ચિત કરવા માટે ભારત સરકારે વધુ સક્રિય ભૂમિકા ભજવવી જોઈએ."આ દરમિયાન, કોંગ્રેસના વરિષ્ઠ નેતા વી. હનુમંત રાવે મયમનસિંહ જિલ્લામાં એક હિન્દુ ગાર્ડ બજેન્દ્ર બિશ્વાસની હત્યાની આકરી નિંદા કરી છે. એક સહકર્મી દ્વારા સરકારી બંદૂકથી કરવામાં આવેલી આ હત્યાને રાવે 'હેવાનિયત' ગણાવી હતી. તેમણે નોંધ્યું કે છેલ્લા બે અઠવાડિયામાં આ ત્રીજી આવી હત્યા છે, જે લઘુમતીઓ માટે ખતરનાક સ્થિતિ દર્શાવે છે.

## News Brief

### રક્ષામંત્રીએ અન્નપૂર્ણા મંદિરમાં કર્યું ધ્વજારોહણ

(એજન્સી) અયોધ્યા | તા 31

રામલલાની પ્રાણ પ્રતિષ્ઠાની બીજી વર્ષગાંઠ નિમિત્તે સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે અન્નપૂર્ણા મંદિરમાં ધ્વજવંદન કર્યું.રામમંદિરની આજે પ્રતિષ્ઠા દ્વાદશી ધામધૂમથી ઉજવવામાં આવી રહી છે. બે વર્ષ પહેલા આ જ દિવસે રામલલાની પ્રાણ પ્રતિષ્ઠા થઈ હતી. આ અવસર પર વૈદિક મંત્રોચ્ચાર સાથે રામલલાનો અભિષેક કરવામાં આવ્યો છે. આ સાથે જ યજ્ઞ, હવન અને પૂજાની પરંપરાગત પૂજા વિધિ કરવામાં આવી રહી છે. આ પ્રસંગે



રક્ષામંત્રી રાજનાથ સિંહ અને યુપી સીએમ રાજનાથ સિંહ ઉપસ્થિત રહ્યા હતા.તેઓએ હનુમાન ગઢીમાં દર્શન પૂજન કર્યા બાદ રામમંદિર પહોંચ્યા હતા. ત્યારબાદ, તેઓએ રામ જન્મભૂમિ પર બનેલા ભવ્ય મંદિરની મુલાકાત લીધી. પ્રાણ પ્રતિષ્ઠાની વર્ષગાંઠ નિમિત્તે પૂજામાં ભાગ લેતા પહેલા, સંરક્ષણ પ્રધાને રામ લલ્લાની આરતી કરી.. ત્યારબાદ અન્નપૂર્ણા મંદિરમાં ધ્વજારોહણ કર્યું.સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ રામ મંદિરના બહાર નીકળવાના દ્વાર અંગદ ટીલા ખાતે જનતાને પણ સંબોધિત કરશે. અયોધ્યામાં રામ મંદિરનું નિર્માણ 500 વર્ષના સંઘર્ષનું પરિણામ છે. તેને ઐતિહાસિક સિદ્ધિ ગણાવતા તેમણે કહ્યું કે આવા પ્રસંગને ખૂબ જ આનંદ અને ઉજવણી સાથે ઉજવવો જોઈએ.

### રાજધાનીએ ધુમ્મસની ચાદર ઓઢી, ઉત્તર ભારતમાં હાડ થીજાવતી ઠંડી

(એજન્સી) નવી દિલ્હી | તા 31

રાજધાની દિલ્હી અને તેની આસપાસના વિસ્તારોમાં પરિસ્થિતિ અત્યંત ચિંતાજનક છે. ગાઢ ધુમ્મસ, સાંજથી સવાર સુધી વધતી ઠંડી અને પ્રદૂષિત હવાને કારણે સામાન્ય લોકોનું જીવન મુશ્કેલ બન્યું છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આજે (બુધવાર, 31 ડિસેમ્બર) સવારે 8 વાગ્યા સુધી આવા જ ગાઢ ધુમ્મસ ચાલુ રહેવાની



ધારણા છે. ભારતીય હવામાન વિભાગે દિલ્હી-એનસીઆર માટે યેલો એલર્ટ જાહેર કર્યુ છે, જેમાં ગાઢ ધુમ્મસ અને બર્ફીલા પવનોનો ભય છે. 31 ડિસેમ્બરે, સમગ્ર પ્રદેશમાં ઠંડી, ધુમ્મસ અને ભારે પવનનો અનુભવ થયો.આની સીધી અસર દૈનિક જીવન, મુસાફરી અને આરોગ્ય પર પડી રહી છે. નવા વર્ષના દિવસે વરસાદ અને તાપમાનમાં ઘટાડો થવાથી ઠંડી વધુ તીવ્ર બનવાની ધારણા છે.આગામી હવામાન આગાહી અંગે, હવામાન વિભાગે જણાવ્યું છે કે 1 જાન્યુઆરીએ દિલ્હી-એનસીઆરમાં વરસાદ થવાની સંભાવના છે, જેનાથી પ્રદૂષણ થોડું ઓછું થશે પરંતુ ઠંડીમાં વધુ વધારો થશે. 2 જાન્યુઆરીથી 5 જાન્યુઆરી દરમિયાન, મહત્તમ તાપમાન ઘટશે, અને લઘુત્તમ તાપમાન 6 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી શકે છે.ભારત હવામાન વિભાગે જણાવાયું હતું કે હાલમાં કોઈ ઔપચારિક શીત લહેરની ચેતવણી નથી, પરંતુ હવામાનની સ્થિતિ બગડી રહી છે.

### સબરીમાલા સોનાની ચોરી કેસ ૨૦૨૫: "SITની તપાસ શંકાના દાયરામાં", કેસી વેણુગોપાલના કેરળ સરકાર પર પ્રહાર

તિરુવનંતપુરમ:કેરળના વિશ્વપ્રસિદ્ધ સબરીમાલા અયપ્પા મંદિરમાં સોનાની ચોરીના મામલે રાજકીય જંગ તેજ બન્યો છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને સાંસદ કેસી વેણુગોપાલે બુધવારે કેરળ સરકાર પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે 'સબરીમાલા સોનાની ચોરી કેસ ૨૦૨૫' ની તપાસ કરી રહેલી ખાસ તપાસ ટીમ (SIT) ની કામગીરી પર હવે ખુદ હાઈકોર્ટે પણ ગંભીર શંકાઓ વ્યક્ત કરી છે.વેણુગોપાલે મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું કે, "ગઈકાલે હાઈકોર્ટે તપાસ પ્રક્રિયા અંગે જે ચિંતાઓ વ્યક્ત કરી છે તે આપણા બધા માટે આઘાતજનક સમાચાર છે. અદાલતે સ્પષ્ટ કહ્યું છે કે SIT ની કાર્યવાહીથી ગંભીર શંકાઓ પેદા થઈ રહી છે. હવે તે SIT ની જવાબદારી છે કે તે કોર્ટના અવલોકનો મુજબ કામ કરે અને સોનાની ચોરી માટે જવાબદાર તમામ નરાધમોની ઓળખ કરે." હાઈકોર્ટે મૌખિક રીતે અવલોકન કર્યું હતું કે 'SIT સબરીમાલા ગોલ્ડ હીસ્ટ રિપોર્ટ' અને તપાસની ગતિ અત્યંત ધીમી છે.આ વિવાદ સબરીમાલાના ગર્ભગૃહમાં અને 'દ્વારપાલક' મૂર્તિઓ પર ચઢાવવામાં આવેલા સોનાના પ્લેટિંગમાં ગેરરીતિઓ સાથે જોડાયેલો છે.વર્ષ ૧૯૯૮ માં ઉદ્યોગપતિ વિજય માલ્યા દ્વારા ૩૦.૩ કિલો સોનું અને ૧,૯૦૦ કિલો તાંબુ દાનમાં આપવામાં આવ્યું હતું.૨૦૧૯ માં જ્યારે રિપેરિંગ માટે સોનાની પ્લેટો દૂર કરવામાં આવી, ત્યારે ૪૨.૮ કિલો વજન નોંધાયું હતું, પરંતુ ચેન્નાઈની પેઢીમાં પહોંચતા તે માત્ર ૩૮.૨૫૮ કિલો જ નીકળ્યું હતું.મોટા માથાઓની ધરપકડ અને તપાસઆ કેસમાં અત્યાર સુધીમાં ત્રાવણકોર દેવસ્વોમ બોર્ડ (TDB) ના પૂર્વ પ્રમુખ એ. પદ્મકુમાર, પૂર્વ કમિશનર કે.એસ. બૈજુ અને મુખ્ય આરોપી ઉન્નીકૃષ્ણન પોટ્ટીની ધરપકડ કરવામાં આવી છે. 'કેસી વેણુગોપાલ કેરળ સરકાર તપાસ' મુદ્દે આક્ષેપ કરી રહ્યા છે.

### પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી ૨૦૨૬:

## "2026 બંગાળ માટે નવી શરૂઆત હશે" ભાજપ સાંસદ રાજુ બિસ્તાનો દાવો

કોલકાતા: પશ્ચિમ બંગાળમાં આગામી વિધાનસભા ચૂંટણીને લઈને રાજકીય માહોલ ગરમાયો છે. ભાજપના સાંસદ રાજુ બિસ્તાએ બુધવારે જણાવ્યું હતું કે 'પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી ૨૦૨૬' રાજ્યના ઈતિહાસમાં એક 'નવી શરૂઆત' સાબિત થશે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની ત્રણ દિવસીય મુલાકાતને અત્યંત મહત્વની ગણાવતા બિસ્તાએ દાવો કર્યો હતો કે બંગાળમાં પરિવર્તન માત્ર રાજ્ય માટે જ નહીં, પરંતુ સમગ્ર દેશની સુરક્ષા માટે અનિવાર્ય છે.રાજુ બિસ્તાએ ANI સાથેની વાતચીતમાં જણાવ્યું કે, "ગૃહમંત્રીએ પ્રેસ કોન્ફરન્સમાં જે વાતો કરી છે તેણે યોગ્ય નિશાન સાધ્યું છે. મમતા દીદી હંમેશાની જેમ અધીરા બની ગયા છે અને આરોપોનો જવાબ આપવાને બદલે વ્યક્તિગત ટીકાઓ કરી રહ્યા છે." તેમણે ઉમેર્યું કે ૧૫ એપ્રિલ ૨૦૨૬ પછી જ્યારે ભાજપની સરકાર બનશે, ત્યારે બંગાળના વારસા અને સંસ્કૃતિનું પુનરુત્થાન થશે. 'રાજુ બિસ્તા અને અમિત શાહ બંગાળ મુલાકાત' દરમિયાન ભ્રષ્ટાચાર અને ઘૂસણખોરીને મુખ્ય મુદ્દા બનાવવામાં આવ્યા છે.અમિત શાહના 'ભય અને ભ્રષ્ટાચાર' ના આરોપો સામે મુખ્યમંત્રી મમતા બેનર્જીએ આકરા શબ્દોમાં વળતો પ્રહાર કર્યો હતો.અમિત શાહે પોતાના સંબોધનમાં સ્પષ્ટ કર્યું હતું કે જો આસામ અને ત્રિપુરામાં ઘૂસણખોરી અટકી શકે છે, તો બંગાળમાં કેમ નહીં? તેમણે આરોપ લગાવ્યો કે મમતા સરકાર વોટ બેંકની રાજનીતિ માટે ઘૂસણખોરોને રક્ષણ આપી રહી છે.

### હરિયાણામાં ફરી નિર્ભયા જેવી ઘટના: ચાલતી કારમાં સામૂહિક દુષ્કર્મ

## ફરિદાબાદ ગેંગરેપ ઘટના 2025: ચાલતી વાનમાં આખી રાત દુષ્કર્મ કરી નરાધમોએ યુવતીને રોડ પર ફેંકી

ફરિદાબાદ: રાજસ્થાનના ઉદયપુરની ઘટનાની શાહી હજુ સુકાઈ નથી ત્યાં હરિયાણાના ફરિદાબાદમાં માનવતાને શર્મસાર કરતી 'ચાલતી કારમાં સામૂહિક દુષ્કર્મ' ની ઘટના સામે આવી છે. ૨૫ વર્ષીય પીડિતાને લિફ્ટ આપવાના બહાને વાનમાં બેસાડી બે નરાધમોએ આખી રાત હેવાનિયત ગુજારી હતી અને બાદમાં તેને લોહીલુહાણ હાલતમાં ચાલતી ગાડીએ રોડ પર ફેંકી દીધી હતી. 'ફરિદાબાદ ગેંગરેપ ઘટના ૨૦૨૫' એ સમગ્ર વિસ્તારમાં ચકચાર મચાવી દીધી છે. ઘરકંકાસ બાદ નીકળેલી યુવતી શિકાર બની મળતી માહિતી મુજબ, સોમવારે રાત્રે ૮:૩૦ વાગ્યે પીડિતાનો તેની માતા સાથે ઝઘડો થયો હતો, જેના કારણે તે નારાજ થઈને ઘરેથી નીકળી ગઈ હતી. રાત્રે મોડું થઈ જતાં તેને ઘરે જવા માટે કોઈ સાધન મળી રહ્યું ન હતું. કલ્યાણપુરી વિસ્તારમાં મેટ્રો ચોક પાસે એક વાનમાં સવાર બે શખ્સોએ તેને લિફ્ટ ઓફર કરી હતી. અજાણ યુવતીએ વિશ્વાસ રાખીને લિફ્ટ લીધી, પરંતુ આ નિર્ણય તેના જીવનની સૌથી મોટી ભૂલ સાબિત થયો.ધુમ્મસ અને ઠંડીનો નરાધમોએ લીધો લાભ આરોપીઓ યુવતીને તેના ઘરે લઈ જવાને બદલે ગુરુગ્રામ-ફરિદાબાદ રોડ તરફના સુમસાન રસ્તે લઈ ગયા હતા. જ્યારે યુવતીએ શંકા જતાં બૂમો પાડી, ત્યારે રાત્રિના ગાઢ ધુમ્મસ અને કાતિલ ઠંડીને કારણે રસ્તા પર કોઈ હાજર નહોતું. 'હરિયાણામાં મહિલા સુરક્ષા ગુના' ની ગંભીરતા દર્શાવતી આ ઘટનામાં, આરોપીઓ લગભગ ત્રણ કલાક સુધી સુમસાન રસ્તાઓ પર ગાડી ફેરવતા રહ્યા અને વારાફરતી સામૂહિક દુષ્કર્મ આચર્યું હતું.લોહીલુહાણ હાલતમાં રસ્તા પર ફેંકી મંગળવારે વહેલી સવારે ૩:૦૦ વાગ્યાની આસપાસ, હેવાનોએ પીડિતાને ઘાયલ અવસ્થામાં ચાલતી વાનમાંથી ધક્કો મારીને ફેંકી દીધી હતી અને ફરાર થઈ ગયા હતા. પીડિતાએ હિંમત ભેગી કરી પોલીસનો સંપર્ક કર્યો હતો.

### કેટી રામ રાવ વંશવાદ વિરોધી કાયદો

## "વંશવાદ માનવતા વિરુદ્ધ ગુનો છે, ભારત હવે આ ઝેર સહન ન કરી શકે"

હૈદરાબાદ:ભારત રાષ્ટ્ર સમિતિ (BRS) ના કાર્યકારી અધ્યક્ષ કેટી રામ રાવ (KTR) એ વંશવાદ (Racism) અને વંશીય ભેદભાવ સામે જંગ છેડ્યો છે. ઉત્તરાખંડના દેહરાદૂનમાં ત્રિપુરાના ૨૪ વર્ષીય MBA વિદ્યાર્થી એન્જલ ચકમાની નિર્મમ હત્યાના સંદર્ભમાં KTR એ આકરી પ્રતિક્રિયા આપી છે. તેમણે વંશવાદને 'માનવતા વિરુદ્ધનો ગંભીર ગુનો' ગણાવીને ભારત સરકાર પાસે તાત્કાલિક અસરથી 'ભારત વંશવાદ વિરોધી કાયદાની માંગ' કરી છે. દેહરાદૂનમાં ૯ ડિસેમ્બરના રોજ એન્જલ ચકમા પર અસામાજિક તત્વોએ છરી અને અન્ય હથિયારો વડે હુમલો કર્યો હતો, જેના કારણે સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. આ ઘટનાને અત્યંત દુ:ખદ ગણાવતા KTR એ કહ્યું કે, "આ ઘટના માત્ર એક છૂટીછવાઈ ઘટના નથી, પરંતુ તે નફરતને સામાન્ય માનવાની માનસિકતાનું પરિણામ છે. વિવિધતામાં એકતા ધરાવતું ભારત આવા ઝેર સાથે ક્યારેય ટકી શકે નહીં."KTR એ ભારપૂર્વક જણાવ્યું કે નાગરિકોને વંશીય નફરતથી બચાવવા એ માત્ર કાયદો અને વ્યવસ્થાનો મુદ્દો નથી, પરંતુ તે ભારતીય પ્રજાસત્તાકની ન્યાય અને માનવાધિકાર પ્રત્યેની પ્રતિબદ્ધતાની કસોટી છે. "જ્યારે ભેદભાવને વકરવા દેવામાં આવે છે, ત્યારે તે સંસ્થાઓને નષ્ટ કરે છે અને નાગરિકોના જીવ જોખમમાં મૂકે છે," તેવી તેમણે ચેતવણી આપી હતી. 'ઝીરો ટોલરન્સ' એ કોઈ અપવાદ નહીં પરંતુ ધોરણ હોવું જોઈએ. 'એન્જલ ચકમા દેહરાદૂન કેસ' ને લઈને સમગ્ર દેશના રાજકીય ફલક પર આક્રોશ જોવા મળી રહ્યો છે. અત્યાર સુધીમાં પોલીસ દ્વારા બે સગીરો સહિત પાંચ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે છઠ્ઠો આરોપી, જે નેપાળી નાગરિક છે, તે હજુ ફરાર છે અને તેના પર ૨૫,૦૦૦ નું ઈનામ જાહેર કરવામાં આવ્યું છે. KTR ની આ માંગણી બાદ હવે દેશમાં વંશવાદ વિરોધી કાયદા માટેની ચર્ચાએ જોર પકડ્યું છે.

### ઉત્તરાખંડના ચમોલીમાં મોટી દુર્ઘટના

## સુરંગમાં શ્રમિકોને લઈ જતી 2 ટ્રેન ટકરાઈ; 70 ઈજાગ્રસ્ત

(એજન્સી) ચમોલી | તા 31

ઉત્તરાખંડના ચમોલી જિલ્લામાં મંગળવારે મોડી રાત્રે એક મોટી દુર્ઘટના સર્જાઈ હતી. અહીં ટિહરી હાઈડ્રો ડેવલપમેન્ટ કોર્પોરેશન (THDC)ની વિષ્ણુગાડ-પીપલકોટી જળવિદ્યુત પરિયોજનાની સુરંગની અંદર શ્રમિકો અને અધિકારીઓને લઈ જતી બે લૉકો ટ્રેનો વચ્ચે ભીષણ ટક્કર થઈ હતી. આ અકસ્માતમાં 70 લોકો ઘાયલ થયા છે. આ ઘટના રાત્રે લગભગ 10 વાગ્યે બની હતી, જ્યારે શ્રમિકોની શિફ્ટ બદલાઈ રહી હતી. બંને ટ્રેનોમાં લગભગ 108 શ્રમિકો સવાર હતા.પ્રાથમિક તપાસ મુજબ, કોઈ ટેકનિકલ ખામીને કારણે એક ટ્રેન પાછળથી બીજી ટ્રેન સાથે અથડાઈ હતી. સુરંગના અંધારાવાળા ભાગમાં થયેલી આ ટક્કરને કારણે અંદર હાજર શ્રમિકો પોતાને સંભાળી શક્યા ન હતા અને ઘણા લોકો ટ્રેનની અંદર જ પડી ગયા. ટક્કર થતાની સાથે જ સુરંગની અંદર બૂમાબૂમ અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.ઘટનાની જાણ થતાં જ પ્રોજેક્ટ મેનેજમેન્ટ અને સ્થાનિક વહીવટીતંત્રની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને બચાવ કામગીરી શરૂ કરી હતી. ઘાયલોને એમ્બ્યુલન્સ અને અન્ય વાહનો દ્વારા ગોપેશ્વર જિલ્લા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલના ડોક્ટરોના જણાવ્યા અનુસાર, મોટાભાગના શ્રમિકોને સામાન્ય ઈજાઓ થઈ છે, જ્યારે કેટલાકને ગંભીર ઈજાઓને કારણે વિશેષ દેખરેખ હેઠળ રાખવામાં આવ્યા છે. હાલમાં 42 ઘાયલ શ્રમિકોની સારવાર ગોપેશ્વર જિલ્લા હોસ્પિટલમાં ચાલી રહી છે, જ્યારે 17 શ્રમિકોને પીપલકોટીની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.અકસ્માતની માહિતી મળતા જ જિલ્લા મેજિસ્ટ્રેટ ગૌરવ કુમાર અને પોલીસ અધિક્ષક સુરજીત સિંહ પંવાર ગોપેશ્વર જિલ્લા હોસ્પિટલ પહોંચ્યા હતા. તેમણે ઘાયલોના હાલચાલ પૂછ્યા અને ડોક્ટરોને વધુ સારી સારવાર માટે નિર્દેશ આપ્યા હતા. જાણવા મળ્યું છે કે મોટાભાગના શ્રમિકો ઝારખંડ અને ઓડિશાના રહેવાસી છે અને તેમના પરિવારોને પણ આ ઘટનાની જાણ કરવામાં આવી રહી છે.

### શોષણ સામે સન્માનની લડાઈ: દેશભરમાં ડિલિવરી એપ્સના પૈડાં થંભ્યા

## ગિગ વર્કર્સ હડતાળ પર : નવા વર્ષની ઉજવણી પર 'ડિલિવરી ગ્રહણ', લાખો એજન્ટો લોગ-ઓફ

નવી દિલ્હી: આજે જ્યારે આખું ભારત વર્ષ ૨૦૨૫ ને વિદાય આપી ૨૦Handle૨૬ ને આવકારવા સજ્જ છે, ત્યારે ઓનલાઈન ફૂડ અને ગ્રોસરી મંગાવતા ગ્રાહકો માટે માઠા સમાચાર છે. 'ગિગ વર્કર્સ હડતાળ ૩૧ ડિસેમ્બર' ના કારણે દેશભરમાં ઓનલાઈન ડિલિવરી સેવાઓ ઠપ્પ થઈ ગઈ છે. લાખો ડિલિવરી પાર્ટનર્સે શોષણ અને અન્યાયી નીતિઓ સામે સામૂહિક રીતે 'લોગ-ઓફ' રહીને હડતાળ પર ઉતરવાનો નિર્ણય લીધો છે, જેનાથી ઝોમેટો, સ્વિગી અને બ્લિંકિટ જેવી એપ્સ પર ઓર્ડર લેવાનું લગભગ બંધ જેવું છે.ડિલિવરી પાર્ટનર્સમાં પ્રખ્યાત કલાકારો દ્વારા કરવામાં આવતી ગિગ વર્કની જાહેરાતો સામે ભારે રોષ છે. યુનિયનોનું કહેવું છે કે જાહેરાતોમાં બતાવવામાં આવતી લાખોની કમાણી હકીકતમાં એક ભ્રમ છે. વાસ્તવમાં, અલ્ગોરિધમના દબાણ અને લાંબા કલાકોના



કામ પછી પણ વર્કર્સના હાથમાં પૂરતું વેતન આવતું નથી. 'IFAT અને ગિગ વર્કર્સ માંગણીઓ' મુજબ, કંપનીઓ ગ્રાહકોને આકર્ષવા માટે વર્કર્સના જીવ જોખમમાં મૂકી રહી છે.હડતાળ પાછળના મુખ્ય કારણોમાં '૧૦ મિનિટ ડિલિવરી' મોડલ સૌથી મહત્વનું છે. વર્કર્સનું કહેવું છે કે આટલા ટૂંકા સમયમાં ડિલિવરી કરવાના દબાણને લીધે અકસ્માતોનું પ્રમાણ વધ્યું છે. ઈંધણના ભાવ વધવા છતાં પ્રતિ ઓર્ડર કમાણીમાં ઘટાડો થયો છે. વીમો અને અન્ય સ્વાસ્થ્ય સુવિધાઓનો અભાવ. કંપનીઓ કોઈ પણ કારણ વગર વર્કર્સના આઈડી બ્લોક કરી દે છે, જે તેમની આજીવિકા છીનવી લે છે.IFAT ના રાષ્ટ્રીય મહાસચિવ શેખ સલાઉદ્દીને જણાવ્યું છે કે આ લડાઈ માત્ર પૈસાની નથી પણ ગિગ વર્કર્સના સન્માનની છે. 'ગિગ એન્ડ પ્લેટફોર્મ સર્વિસીસ વર્કર્સ યુનિયન' (GIPSWU) એ શ્રમ મંત્રી મનસુખ માંડવિયાને પત્ર લખીને આ મામલે તાત્કાલિક કાયદો બનાવવાની માંગ કરી છે. અગાઉ ૨૫ ડિસેમ્બરે પણ હડતાળ થઈ હતી, પરંતુ કંપનીઓએ કોઈ ધ્યાન ન આપતા આજે ૩૧મીએ ફરી 'ઓનલાઈન ડિલિવરી સેવા ઠપ્પ' કરવાનો નિર્ણય લેવાયો છે. નવા વર્ષની પાર્ટીનું આયોજન કરી રહેલા લોકોએ આજે બહાર જઈને જમવાનું કે જાતે ખરીદી કરવાનું પસંદ કરવું હિતાવહ છે. હડતાળને કારણે મોટાભાગના ઓર્ડર કાં તો સ્વીકારવામાં આવતા નથી અથવા તો કલાકો સુધી પેન્ડિંગ રહે છે.

### માતાના દરબારમાં માનવ મહેરામણ: ભીડ બેકાબૂ બનતા RFID કાર્ડનું વિતરણ બંધ

## વૈષ્ણો દેવીમાં આસ્થાનું ઘોડાપૂર : નવા વર્ષે ૪૦ હજારની ભીડ ઉમટતા યાત્રા થંભી

(એજન્સી) જમ્મુ-કટરા | તા 31

નવા વર્ષ ૨૦૨૬ના સૂર્યોદય સાથે જ માતા વૈષ્ણો દેવીના આશીર્વાદ લેવાની અતૂટ આસ્થા આજે હજારો ભક્તો માટે આકરી કસોટી સમાન સાબિત થઈ છે. કટરાના પાયાના શિબિરથી લઈને પવિત્ર ભવન સુધી ભક્તોનું એવું કીડીયારું ઉભરાયું છે કે વહીવટીતંત્રે તમામ રેકોર્ડ તૂટતા જોઈને યાત્રા પર કામચલાઉ બ્રેક લગાવી દેવાની ફરજ પડી છે. ત્રિકુટા પર્વત પર અત્યારે ચારેબાજુ માત્ર શ્રદ્ધાળુઓના માથા જ દેખાઈ રહ્યા છે, જેના કારણે સુરક્ષા વ્યવસ્થા સામે મોટો પડકાર ઉભો થયો છે.

ભવનમાં શ્રદ્ધાળુઓની સંખ્યા ૪૦,૦૦૦ ના આંકડાને પાર કરી જતાં સુરક્ષા અને વ્યવસ્થા જાળવવા માટે શ્રાઈન બોર્ડે તાત્કાલિક અસરથી RFID કાર્ડ આપવાનું બંધ કરી દીધું છે. આ નિર્ણયને કારણે કટરા રેલવે સ્ટેશન અને બસ સ્ટેન્ડ નજીકના કાઉન્ટરો પર ભક્તોની કિલોમીટરો લાંબી કતારો જોવા મળી રહી છે. હાડ થીજવતી



ઠંડીમાં નાના બાળકો અને વડીલો સાથે આવેલા શ્રદ્ધાળુઓ કલાકોથી પોતાની એન્ટ્રીની રાહ જોઈ રહ્યા છે. સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, ભીડને નિયંત્રિત કરવા માટે પોલીસ અને અર્ધલશ્કરી દળોએ મોરચો સંભાળી લીધો છે.

પરિસ્થિતિ એટલી હદે વણસી ગઈ છે કે ભવન તરફ જતા માર્ગો પર પણ ભક્તોને રોકી રાખવામાં આવ્યા છે જેથી કરીને ઉપરના ભાગે કોઈ દુર્ઘટના ન સર્જાય. અનેક ભક્તો જેઓ વહેલી સવારથી લાઈનમાં ઉભા હતા, તેઓ RFID કાઉન્ટર બંધ થતા નિરાશ થયા છે. જાણકારોનું કહેવું છે કે જ્યાં સુધી ઉપર ભવનમાં રહેલી ભીડ ઓછી નહીં થાય ત્યાં સુધી નવી એન્ટ્રી આપવામાં આવશે નહીં. હાલમાં કટરાના ગલી-મહોલ્લાઓમાં પણ યાત્રાળુઓનો જમાવડો જોવા મળી રહ્યો છે, જાણે આખું શહેર ભક્તિના રંગે રંગાયું હોય પરંતુ વ્યવસ્થાના અભાવે અટવાયું હોય.

ભારે ભીડ અને અવ્યવસ્થા વચ્ચે શ્રાઈન બોર્ડે ભક્તોને ધૈર્ય રાખવા અને અફવાઓથી દૂર રહેવાની અપીલ કરી છે. જે શ્રદ્ધાળુઓ પાસે ઓનલાઈન બુકિંગ છે તેમને પણ હાલમાં સ્થિતિ શાંત થાય ત્યાં સુધી થોભવા માટે કહેવામાં આવ્યું છે. વહીવટીતંત્ર સતત સીસીટીવી કેમેરા દ્વારા પરિસ્થિતિ પર નજર રાખી રહ્યું છે. આશા છે કે મોડી રાત સુધીમાં ભવન ખાલી થવાની પ્રક્રિયા તેજ થતા યાત્રા ફરીથી ચરણબદ્ધ રીતે શરૂ કરવામાં આવશે. માતાના જયઘોષ સાથે ભક્તો હજુ પણ આશાવાદી છે કે તેમને દર્શનનો લ્હાવો જરૂર મળશે.

## સુરતમાં બેફામ સ્કોર્પિયોચાલકે બાઈક સવારને કચડ્યો

સુરત | સુરત શહેરના ડિંડોલી વિસ્તારમાં ફરી એકવાર બેફામ વાહનચાલકે એક નિર્દોષનો ભોગ લીધો છે. ડિંડોલીની ગ્રીનવિલાસ સોસાયટી પાસે એક સ્કોર્પિયો કારના ચાલકે હિટ એન્ડ રનની ઘટનાને અંજામ આપ્યો હતો. મિલેનિયમ પાર્ક પાસે ફૂલોની દુકાન ચલાવતા રાહુલ સોનવણે રાત્રિના સમયે પોતાની દુકાન બંધ કરીને બાઈક પર ઘરે પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન પાછળથી પૂરઝડપે આવી રહેલી એક સફેદ રંગની સ્કોર્પિયો કારના ચાલકે તેમની બાઈકને જોરદાર ટક્કર મારી હતી. ટક્કર એટલી ભયાનક હતી.


સિટી
# એક્સપ્રેસ

THURSDAY 01 JANUARY-2026
AHMEDABAD


## ચરેડી છાપરાની ૧૨૦૦ કરોડની જમીન ઉપર ઝુપડાં બંધાઈ ગયાં

ગાંધીનગર : પાટનગરમાં સોના જેવી કિંમતી સરકારી જમીનોને દબાણોથી મુક્ત કરવા તાજેતરમાં મેગા ડિમોલીશન ચલાવીને ૧૨૦૦ કરોડ ઉપરાંત કિંમતની સવા લાખ ચોરસ મીટર જમીન ખુલ્લી કરાઈ હતી. ફરી દબાણો ન ખડકાય તેના માટે લાખ્ખો રૂપિયાના ખર્ચે પાટશન વોલ પણ બાંધી દેવાઈ હતી. પરંતુ ચરેડી છાપરાના આ વિસ્તારમાં જ્યાંથી ખસેડયા હતાં, ત્યાંજ ફરી સેકંડો ઝુંપડા બંધાઈ જતાં દળી દળીને ઢાંકણીમાં જેવો તાલ સર્જાયો છે. રહેણાંક, વાણિજ્ય અને ધામક સહિતના હેતુના સેંકડો દબાણો અત્યાર સુધીમાં સંખ્યાબંધ વખત ખસેડવામાં આવ્યાં છે.



### ક્લબ-પાર્ટી પ્લોટમાં ડીજે સંગ યુવાહૈયાઓ ઝૂમી ઉઠ્યા : અમદાવાદમાં કેટલાક વિસ્તારમાં પાર્ટીમાં વરસાદનું વિઘ્ન

# થર્ટી ફર્સ્ટનું ધમાકેદાર સેલિબ્રેશન







(એજન્સી) અમદાવાદ | તા. 31

અમદાવાદવાસીઓએ 2025ના વર્ષને બાય બાય કરીને 2026ના વર્ષને આવકારી નવા વર્ષની શરુઆત કરી હતી. નવા વર્ષને લઈને અમદાવાદીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો છે. અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ સહિતના શહેરોમાં હોટલથી લઈ પાર્ટી પ્લોટમાં ન્યૂ યર સેલિબ્રેશન પાર્ટી સાથે નવા વર્ષની ઉજવણી કરાઈ હતી.

થર્ટી ફર્સ્ટની ઉજવણી દરમિયાન અનિચ્છનીય બનાવ ન બને તે માટે રાજ્યના તમામ શહેરોમાં પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો હતો. નશો કરનારાઓને ઝડપી પાડવા માટે પોલીસ પ્રથમવાર હાઈટેક લાઈટ બેટન બ્રેથ એનેલાઈઝર સાથે સજ્જ બની હતી. વ્યકિતએ કેટલો નશો કર્યો તે બતાવી, સાથે સમય અને સ્થળનો પણ રેકોર્ડ રાખે છે. ઉજવણીના રંગમાં ભંગ ન પડે તે માટે રાજ્યભરમાં પોલીસ તંત્ર લોખંડી બંદોબસ્ત ખડકી દીધો હતો. નશાખોરોને પકડવા માટે ગુજરાત પોલીસે ઈતિહાસમાં પ્રથમવાર હાઈટેક 'લાઈટ બેટન બ્રેથ એનેલાઈઝ' નો ઉપયોગ શરૂ કર્યો હતો. આ કોઈ સામાન્ય મશીન નથી, પણ એક સ્માર્ટ ગેજેટ છે જે માત્ર ફૂંક મારવાથી જ વ્યક્તિએ કેટલો નશો કર્યો છે તેની સચોટ માહિતી આપી દે છે. આ મશીન નશાના પ્રમાણની સાથે સાથે સ્થળ અને સમયનો પણ ડિજિટલ રેકોર્ડ રાખે છે, જેથી કોઈ પણ ગુનેગાર બચી શકશે નહીં. પાર્ટી પ્લોટથી લઈને રસ્તાઓ સુધી કડક ચેકિંગ જાણકારોનું કહેવું છે કે અમદાવાદના સી.જી. રોડ અને એસ.જી. હાઈવે જેવા વિસ્તારોમાં લોકોનો ભારે ધસારો જોવા મળ્યો હતો.

## નવા વર્ષ પહેલા મેઘરાજાનું આગમન! શહેરમાં અનેક જગ્યાએ કમોસમી વરસાદ

(એજન્સી) અમદાવાદ | તા. 31

વર્ષ 2025ના અંતિમ દિવસે પણ ગુજરાત પર માવઠાનો માર થયો છે. રાજ્યના અનેક જિલ્લાઓમાં કમોસમી વરસાદ પડતાં ખેડૂતોના શ્વાસ અધ્ધર થઈ ગયા છે. આજે (31 ડિસેમ્બર)ની રાત્રે અમદાવાદમાં અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદી ઝાપટાં પડ્યા છે જેથી 31stની પાર્ટીના આયોજકોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે.

### અમદાવાદમાં ઝરમર વરસાદ

31 ડિસેમ્બરની રાત્રે અમદાવાદના હવામાનમાં એકાએક પલટો આવ્યો હતો અને કાળા ડિબાંગ વાદળો છવાઈ ગયા હતા. ત્યારબાદ બોપલ, સરખેજ, વેજલપુર, પ્રહલાદનગર, મકરબા, થલતેજ, સેટેલાઈટ, પાકવાન ચાર રસ્તા, ઘુમા સહિત સમગ્ર એસ.જી. હાઈવે પર સામાન્ય વરસાદ પડ્યો હતો.

### ખેડૂતોને પાક બળી જવાની ભીતિ

ભર શિયાળે પડેલા આ વરસાદને કારણે સૌથી વધુ ચિંતા જગતનો તાત (ખેડૂતો) અનુભવી રહ્યો છે. હાલમાં રવિ પાક તેની મુખ્ય અવસ્થામાં છે, ત્યારે આ માવઠું નુકસાનકારક સાબિત થઈ શકે છે. તૈયાર થવા આવેલા ધાણા અને ઘઉંના પાકને પણ આ વરસાદથી નુકસાન થવાની શક્યતા છે.

### વહેલી સવારથી વાદળછાયું વાતાવરણ

આજે વહેલી સવારથી જ સમગ્ર પંથકમાં કાળા ડિબાંગ વાદળો છવાયા હતા. ત્યારબાદ પોરબંદર શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં હળવા વરસાદી ઝાપટા પડ્યા હતા.

### હવામાન વિભાગની આગાહી

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર હેઠળ હજુ આગામી 24 કલાક દરમિયાન કચ્છ, જામનગર, મોરબી, બનાસકાંઠા અને પાટણ જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ હળવો વરસાદ પડી શકે છે.

## સગીરાનું અપહરણ કરી છેડતી કરનાર 'સંબંધી'ને 3 વર્ષની કેદ

(એજન્સી) ગાંધીનગર | તા. 29

કલોલ શહેર પોલીસ મથકની હદ વિસ્તારમાં પારિવારિક સંબંધનો ગેરફાયદો ઉઠાવી 17 વર્ષની સગીરાનું ઘરે મૂકી જવાના બહાને કારમાં અપહરણ કરી નિર્જન જગ્યાએ લઈ જઈ ગોંધી રાખીને તેની સાથે અડપલાં કરનાર શખ્સને કલોલની સ્પેશિયલ પોકસો કોર્ટે 3 વર્ષની સખત કેદ અને દંડની સજા ફટકારી છે. કેસની વિગત મુજબ, ગત 10 ઓગસ્ટ 2023ના રોજ બપોરે ભોગ બનનાર 17 વર્ષીય સગીરા માય લાઈફ હોસ્પિટલ પાસેથી પસાર થઈ રહી હતી. આ સમયે કૌટુંબિક સબંધી હોવાનો લાભ ઉઠાવી વિજય હિરાજી રાઠોડે સગીરાને ઘરે મૂકી જવાની લાલચ આપી સ્વિફ્ટ ગાડીમાં બેસાડી હતી. બાદમાં આરોપીએ સગીરાને ઘરે લઈ જવાને બદલે કે.આઈ.આર.સી. કોલેજ પાછળના સૂમસામ રોડ પર લઈ જઈ ગાડીમાં ગોંધી રાખી હતી. ત્યાં સગીરાની છેડતી કરી જાતીય સતામણી કરી હતી. જેનો સગીરાએ પ્રતિકાર કરતા ઉશ્કેરાયેલા આરોપીએ તેને ગાળો આપી મોઢા પર ફેટો મારી ગંભીર ઈજા પહોંચાડી હતી. ઘટના અંગે કોઈને કહેશે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

આ મામલે કલોલ પોલીસે આઈ.પી.સી. અને પોકસો એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી ચાર્જશીટ રજૂ કરી હતી. જે કેસ પાંચમાં એડિશનલ સેશન્સ જજ બી.આર. રાજપૂતની કોર્ટમાં ચલાવવામાં આવ્યો હતો. જેની સુનાવણી દરમિયાન સરકારી વકીલ જે. એચ. જોષી અને રાકેશ એલ. પટેલ દ્વારા ધારદાર દલીલો કરવામાં આવી હતી. તેમણે રજૂઆત કરી હતી કે, સમાજમાં સગીરાઓ પર થતા અત્યાચારના કિસ્સાઓ વધી રહ્યા છે, ત્યારે આરોપીને કડકમાં કડક સજા કરી સમાજમાં દાખલો બેસાડવો અનિવાર્ય છે.

### નવા વર્ષથી 1090 જિલ્લા-5200 તાલુકા પંચાયત બેઠકો પર જનસંવાદ કરશે

# કોંગ્રેસમાં થશે ધરખમ ફેરફારોની જાહેરાત

(એજન્સી) અમદાવાદ | તા. 31

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પૂર્વે મતદારોને રીઝવવા માટે ગુજરાત કોંગ્રેસે એક્શન પ્લાન તૈયાર કર્યો છે, જેના ભાગરૂપે 1 જાન્યુઆરીથી સમગ્ર રાજ્યમાં 'મહાજનસંપર્ક અભિયાન' શરૂ કરવામાં આવશે. પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ જાહેરાત કરી છે કે, કોંગ્રેસ રાજ્યની 1090 જિલ્લા પંચાયત અને 5200 તાલુકા પંચાયત બેઠકો પર જનસંવાદ યોજશે, જ્યારે 17 મહાનગરોમાં 'કોંગ્રેસ આપના દ્વાર' કાર્યક્રમ હેઠળ ઘરે-ઘરે જઈ લોકોના પ્રશ્નો સાંભળશે.

આ વખતે કોંગ્રેસ પ્રજાના મંતવ્યો અને સૂચનોને આધારે 'જનતાનો મેનિફેસ્ટો' અને વિઝન ડોક્યુમેન્ટ તૈયાર કરશે. આ ઉપરાંત, શહેરી વિસ્તારોમાં ભાજપ શાસિત નગરપાલિકાઓના ભ્રષ્ટાચાર અને ગેરવહીવટ સામે 'જનઆક્રોશ પદયાત્રા' યોજીને વિપક્ષ જનતાનો અવાજ બુલંદ કરશે, જ્યારે જાન્યુઆરીના અંત સુધીમાં કોંગ્રેસના નવા પ્રદેશ માળખાની પણ સત્તાવાર જાહેરાત કરવામાં આવશે.

શહેરી વિસ્તારમાં વિઝન ડોક્યુમેન્ટમાં જનતાના મુદ્દાઓને સમાવવા મંતવ્યો લેવામાં આવશે. પ્રજાના પ્રશ્નોને વાચા આપવા તમામ મહાનગરપાલિકા વિસ્તારમાં જનઆક્રોશ પદયાત્રા યોજાશે.

તેમજ ગુજરાત કોંગ્રેસના નવા પ્રદેશ માળખાની જાહેરાત જાન્યુઆરીના અંતમાં થઈ જવાની છે. કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ અમિત ચાવડાએ સંગઠન અંગે જાહેરાત કરી છે, કે સંગઠન સૃજન અભિયાન હેઠળ પ્રદેશ માળખું તૈયાર કરાઈ રહ્યું છે. અગાઉ તાલુકા-જિલ્લા પ્રમુખોમાં નામોની જાહેરાત કરાઈ હતી. અગાઉની બાકી નિમણૂકો અને પ્રદેશના નામો જાન્યુઆરીના અંતમાં જાહેર કરીશું.



### 17 મહાનગરમાં કોંગ્રેસ આપણે દ્વાર નામનો કાર્યક્રમ યોજાશે

વધુમાં અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, એક એક પરિવારના ઘરે જઈને તેમને કેવું શહેર જોઈએ છે તે જાણવાનો પ્રયાસ કરીશું. જે બાદ કોંગ્રેસ તમામ 17 મહાનગરમાં કોંગ્રેસ આપણે દ્વાર નામનો કાર્યક્રમ યોજશે. સફાઈ, ગટર રોડ રસ્તા વગેરેના સૂચનો જનતા પાસે મેળવી કોંગ્રેસ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે મિનિફેસ્ટો તૈયાર કરશે.

### લોકો સાથે સંવાદ પ્રસ્થાપિત કરી અવાજ બુલંદ કરવા પ્રયાસ

ગુજરાત કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, છેલ્લા ઘણા સમયથી સમગ્ર ગુજરાતમાં લોકોની વચ્ચે જઈ લોકો સાથે સંવાદ પ્રસ્થાપિત કરી તેમનો અવાજ બુલંદ કરવા માટે પ્રયાસ કરી રહ્યા છીએ. જેમાં મત અધિકારની લડાઈ લડવા માટે કોંગ્રેસ પાર્ટી દ્વારા સતત કાર્યક્રમમાં આપવામાં આવ્યા છે. ખેડૂતોના હક માટે કિસાન આક્રોશ યાત્રા શરૂ કરવામાં આવી જે 11 જિલ્લામાં યોજવામાં આવી હતી. ગુજરાતના લોકોનો અવાજ બુલંદ કરવા માટે જન આક્રોશ યાત્રા શરૂ કરવામાં આવી હતી. જેમાં અનેક મુદ્દો પર અવાજ ઉઠાવીને આંદોલન શરૂ કરવામાં આવ્યું હતું. જે સરકાર મોટા મોટા ફણગા ફૂંકે છે તેમાં લોકોનો મત શું છે અને લોકોનો અવાજ શું છે તે જાણવાનો પ્રયાસ કરી રહ્યા છીએ.

વધુમાં અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, નવા વર્ષથી રાજ્યભરમાં મહાજનસંપર્ક અભિયાન ચલાવવામાં આવશે. ગ્રામ્ય વિસ્તાર, શહેરી વિકાસ અને મહાનગરમાં અલગ અલગ કાર્યક્રમ યોજાશે. ભ્રષ્ટાચાર અને ગેરવહીવટના કારણે લોકો સાથે સંવાદ કરવાનું નક્કી કરાયું છે. રાજ્યની 1090 જિલ્લા પંચાયત બેઠકો પર મહાજનસંપર્ક અભિયાન ચલાવીશું. 5200 તાલુકા બેઠક પર જનસંવાદ કાર્યક્રમો થશે.

## ભર શિયાળે માવઠું, દ્વારકા, પોરબંદર અને કચ્છના ગ્રામ્ય પંથકમાં વરસાદ



(એજન્સી) અમદાવાદ | તા.31

હવામાન વિભાગે વર્ષ 2025ના છેલ્લા દિવસે સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં વરસાદની આગાહી કરી છે. ભર શિયાળે માવઠાના વરસાદની આગાહી કરવામાં આવતા ગુજરાતમાં બે દિવસ તાપમાન ઘટવાની આગાહી પણ આપવામાં આવી છે.

સૌરાષ્ટ્રના પોરબંદર સહિત ગ્રામ્ય પંથકના વિવિધ તાલુકાના વિસ્તારોમાં કમોસમી વરસાદ શરૂ થયો છે. વહેલી સવારથી જ વાદળછાયું વાતાવરણ છવાયેલું હતું. દ્વારકા, કલ્યાણપુર અને આસપાસનાં ગામોમાં પણ ઝરમર વરસાદ નોંધાયો છે. આ કમોસમી વરસાદના કારણે ખેડૂતોમાં ચિંતા વ્યાપી છે, જોકે કેટલાક વિસ્તારોમાં વાતાવરણમાં ઠંડકનો અનુભવ પણ થયો છે. ચણા-જીરું સહિતના પાકોને નુકસાનની ભીતિ સેવાઈ રહી છે.

કચ્છના રાપર તાલુકાના ખેંગારપર ગામે માવઠાની આગાહીના પગલે બપોરે બે વાગ્યે જોરદાર ઝાપટાં પડ્યાં અને શેરીઓમાં પાણી વહી નિકળ્યા હતા. આ માવઠાથી ખેડૂતો ચિંતિત બન્યા છે. જ્યારે કચ્છના હાજીપીર તરફના રણ કાંધી વિસ્તારમાં કમોસમી વરસાદ નોંધાયો છે. આ વિસ્તારના ઢોરો ગામના હજીરા ફાટક પાસે લગભગ 15 મિનિટ સુધી જોરદાર માવઠું પડ્યું હતું. તો વધુ વરસાદની ભીતિને લઈ ખેડૂતોમાં ચિંતા ફેલાઈ છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી 3 કલાક, એટલે કે 1 વાગ્યા સુધીમાં રાજ્યના કચ્છ અને પોરબંદરમાં હળવા વરસાદની આગાહી કરવામાં આવી હતી. જ્યારે અમદાવાદમાં આજે વહેલી સવારથી ધુમ્મસભર્યું વાતાવરણ રહ્યું હતું અને પ્રદૂષણમાં પણ વધારો જોવા મળ્યો હતો.

આ સાથે ગુજરાતના કેટલાક ભાગોમાં વરસાદની આગાહી પણ કરવામાં આવી છે, જેમાં ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, પાટણ જેવા જિલ્લાઓમાં છૂટાછવાયાં સ્થળોએ, સૌરાષ્ટ્ર-કચ્છના જામનગર, મોરબી, દ્વારકા અને કચ્છ જેવા જિલ્લાઓમાં છૂટાછવાયાં સ્થળોએ હળવો વરસાદ પડવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. રાજ્યના બાકીના જિલ્લાઓમાં શુષ્ક હવામાન રહેવાની સંભાવના છે. હવામાન નિષ્ણાત પરેશ ગોસ્વામીના જણાવ્યા અનુસાર, રાજ્યમાં ફરી એકવાર માવઠાંના વરસાદની આગાહી કરવામાં આવી છે. વર્ષ 2025ની વિદાય અને 2026ની શરૂઆત વરસાદી માહોલ સાથે થવાની પૂરેપૂરી શક્યતા છે.

## ડૉ. K.L.N. રાવને સોંપાયો ગુજરાતના DGPનો હવાલો, વિકાસ સહાય નિવૃત્ત

(એજન્સી) ગાંધીનગર | તા.31

ગુજરાત પોલીસ દળના ઈતિહાસમાં નવા વર્ષની પૂર્વસંધ્યાએ એક મહત્વપૂર્ણ પ્રકરણનો પ્રારંભ થયો છે. રાજ્યના ડીજીપી વિકાસ સહાયનું એક્ટેન્શન આજે ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ પૂર્ણ થતાં તેઓ સન્માનભેર નિવૃત્ત થયા છે. તેમની નિવૃત્તિ બાદ ખાલી પડેલી આ સર્વોચ્ચ ગાદી પર સરકારે વિશ્વાસ મૂકીને ૧૯૯૨ બેચના સિનિયર આઈપીએસ અધિકારી ડૉ. કે.એલ. એન. રાવને ગુજરાત રાજ્યના ડીજીપી તરીકેનો વધારાનો હવાલો સોંપ્યો છે. હાલ સીઆઈડી ક્રાઈમમાં કાર્યરત ડૉ. રાવ હવે રાજ્યના મુખ્ય પોલીસ અધિકારી તરીકેની કમાન સંભાળશે.



અનુભવનું ભાથું અને કડક છાપ સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, ડૉ. કે.એલ.એન. રાવ માત્ર એક અધિકારી નથી, પણ શિસ્ત અને તપાસના વિષયમાં એક માસ્ટર ગણાય છે. તેમની પાસે હજુ ૨૨ મહિનાનો સર્વિસ પિરિયડ બાકી છે. ભૂતકાળમાં તેમણે ખેડા, મહેસાણા અને સાબરકાંઠા જેવા સંવેદનશીલ જિલ્લાઓમાં એસપી તરીકે લોખંડી કામગીરી કરી છે. એટલું જ નહીં, રાજકોટ રેન્જ ડીઆઈજી અને અમદાવાદમાં જોઈન્ટ પોલીસ કમિશનર તરીકેની તેમની કામગીરી આજે પણ પોલીસ આલમમાં ચર્ચાય છે. જેલ વિભાગના વડા તરીકે તેમણે કરેલા સુધારા વહીવટી તંત્રમાં મિસાલ સમાન છે.

### જમાલપુર બ્રિજની નીચેનો ભાગ અસામાજિક તત્વોનો અડ્ડો

## કફ સીરપ અને દારૂની બોટલો અને ગંદકીનું સામ્રાજ્ય, સ્માર્ટ સિટીમાં સ્વચ્છતાનો અભાવ

(એજન્સી) અમદાવાદ | તા.31

અમદાવાદ શહેર દેશના સૌથી સ્વચ્છ શહેરોમાંથી પ્રથમ નંબરે સ્થાન મેળવ્યું છે. જોકે શહેરના જમાલપુર બ્રિજની નીચેના ભાગને અસામાજિક તત્વોએ અડ્ડો બનાવી દેવામાં આવ્યો છે. બ્રિજની નીચે ગંદકી અને કફ સીરપની બોટલો તેમજ દારૂની બોટલો જોવા મળી છે. બ્રિજની નીચે સફાઈની જગ્યાએ વાહનોનો ખડકલો જોવા મળે છે. મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્ર અને સ્થાનિક પોલીસ દ્વારા જમાલપુર બ્રિજની નીચે ગંદકી અને નસેડીઓનો અડ્ડો બની ગયો હોવા છતાં પણ ધ્યાન ન આપવામાં આવતા ક્યારેક મોટી ઘટના બની શકે છે. બ્રિજની નીચે સફાઈ નો અભાવ જોવા મળ્યો છે અને દબાણો હોવાના કારણે થઈને રાત્રે ત્યાં નસેડીઓ અને અસામાજિક તત્વોનો અડ્ડો બની ગયું છે. અમદાવાદ



શહેરના જમાલપુર AMTS બસ ડેપો પાસે બ્રિજની નીચેના ભાગમાં સફાઈનો અભાવ જોવા મળ્યો છે. બ્રિજની નીચે સફાઈ કરવામાં આવતી નથી અને ગેરકાયદેસર રીતે વાહનો ત્યાં મૂકી રાખવામાં આવ્યા છે. આ ભાગનો મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્ર દ્વારા કોઈ યોગ્ય ઉપયોગ કરવામાં આવ્યો નથી, જેના કારણે થઈને હવે અસામાજિક તત્વોનો અડ્ડો બની ગયું છે.

## અમદાવાદના ઝુંડાલ બ્રિજ પાસે ટ્રકે એક્ટિવાને અડફેટે લેતા એકનું મોત

ગાંધીનગર | ગાંધીનગર-મહેસાણા હાઈવે પર ઝુંડાલ બ્રિજ પાસે ગઈકાલે એક ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો હતો. પુરઝડપે જઈ રહેલી ટ્રકે પાછળથી એક્ટિવા સવાર દંપતીને ટક્કર મારતા ગમખ્વાર અકસ્માત થયો હતો. આ દુર્ઘટનામાં વાવોલ રહેતા અને મૂળ ચરાડાના 70 વર્ષીય વૃદ્ધનું સ્થળ પર જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું, જ્યારે તેમના પત્નીને ગંભીર ઈજાઓ પહોંચતા હોસ્પિટલમાં તેમનો પગ કાપવાની ફરજ પડી છે. આ અંગે અડાલજ પોલીસે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.મળતી વિગત મુજબ, ગાંધીનગરના વાવોલ ખાતે રહેતા 70 વર્ષીય માનસિંહભાઈ રેવાભાઈ ચૌધરી અને તેમના પત્ની 63 વર્ષિય રમીલાબેન ગઈકાલે સવારે એક્ટિવા પર સવાર થઈ ગાંધીનગરથી અમદાવાદ તરફ જઈ રહ્યા હતા. ત્યારે સવારના આશરે સવા બારેક વાગ્યે ઝુંડાલ બ્રિજ પાસે પાછળથી આવી રહેલી ટ્રક (નંબર: CG-07-BL-5466) ના ચાલકે પોતાની ટ્રક ગફલતભરી રીતે હંકારી એક્ટિવાને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતના પગલે દંપતી એક્ટિવા પરથી ઉછળીને રોડ પટકાયું હતું.

### મોંઘવારીનો ડામ | ગુજરાત ST ભાડામાં 3 ટકાનો તોતિંગ વધારો , આજ મધ્યરાત્રિથી જ ભાવ અમલી, 27 લાખ મુસાફરો પર બોજ

# હેપ્પી ન્યૂ યરના બદલે મોંઘવારીની ભેટ: ST મુસાફરી હવે થશે મોંઘી!



જ્યારે આખું ગુજરાત નવા વર્ષ ૨૦૨૬ના આગમનની ખુશીમાં ઝૂમી રહ્યું છે, ત્યારે જ સરકાર દ્વારા સામાન્ય જનતા પર મોંઘવારીનો વધુ એક મોટો કોરડો વીંઝવામાં આવ્યો છે. ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા એસટી બસના ભાડામાં ૩ ટકાનો વધારો કરવાની જાહેરાત કરવામાં આવી છે. આ નવો ભાવ વધારો ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ની મધ્યરાત્રિ એટલે કે ૧ જાન્યુઆરીના પ્રથમ કિરણની સાથે જ અમલી બની જશે. નવા વર્ષની ઉજવણી કરી રહેલા ૨૭ લાખ મુસાફરો માટે આ સમાચાર કોઈ મોટા ઝટકાથી ઓછા નથી. સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, નિગમ દ્વારા દલીલ કરવામાં આવી છે કે મુસાફરોને વધુ સારી અને આધુનિક સેવાઓ પૂરી પાડવાના હેતુથી આ મામૂલી વધારો કરવામાં આવ્યો છે. જોકે, ગરીબ અને મધ્યમ વર્ગના મુસાફરોમાં આ નિર્ણયને લઈને ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકલ સર્વિસમાં મુસાફરી કરતા ૮૫ ટકા મુસાફરો કે જેઓ ૪૮ કિલોમીટર સુધીની મુસાફરી કરે છે, તેમને હવે વધુ નાણાં ચૂકવવા પડશે. જોકે, રાહતની વાત એ છે કે ૯ કિલોમીટર સુધીની ટૂંકી મુસાફરીમાં કોઈ વધારો કરાયો નથી, પરંતુ ૧૦ થી ૬૦ કિલોમીટરની મુસાફરી કરનારાઓએ રૂ. ૧/- વધુ આપવો પડશે. જાણકારોનું કહેવું છે કે એસટી નિગમે છેલ્લા નવ મહિનામાં આ બીજી વખત ભાડામાં વધારો કર્યો છે. અગાઉ ૨૮ માર્ચના રોજ પણ ૧૦ ટકાનો મોટો ભાવ વધારો ઝીંકવામાં આવ્યો હતો. આમ, વારંવાર થતા આ ભાવ વધારાને કારણે સામાન્ય જનતાનું બજેટ ખોરવાઈ રહ્યું છે. એસટી ડેપો અને બસ સ્ટેશનો પર આજે મુસાફરોમાં આ જ વાતની ચર્ચા હતી કે, 'શું નવા વર્ષની ભેટ આવી રીતે આપવામાં આવે છે?' મધ્યમ વર્ગના લોકો પૂછી રહ્યા છે કે શું લોકશાહીમાં પ્રજાની હાલાકીની કોઈ કિંમત નથી? મીડિયા રિપોર્ટ્સ મુજબ, આ નિર્ણયથી દૈનિક ૧૦ લાખ જેટલા મુસાફરો સીધી રીતે પ્રભાવિત થશે. ગંગા-જમના જેવી નિર્મળ આશા સાથે નવા વર્ષની રાહ જોતા લોકોના ચહેરા પર આ સમાચારથી ચિંતાની લકીરો ખેંચાઈ ગઈ છે.


દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઈટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...